રાષ્ટ્રીય વિરાસત સંસ્થા શ્રી ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત

# કોડિયું

લોકાભિમુખ નઈતાલીમી કેળવણી દ્વારા સંતુલિત વિકાસ સાધવા પ્રયત્નશીલ સંસ્થા-સામયિક

## જ્ઞાનમાળી - સારસ્વતોને વંદન



શ્રી હસુભાઈ યાજ્ઞિક



શ્રી જયંતભાઈ મેઘાણી

વર્ષ: ૭૪ અંક : ૦૬ ૧૫ જાન્યુઆરી, ૨૦૨૧

## અરણેજ કૃષિ-બાગાયત તાલીમ સંશોધન કેન્દ્રની મુલાકાતે વ્યવસ્થાપક મંડળ અને ટ્રસ્ટી મંડળ











## લોકભારતી ગોશાળાને લીલાચારામાં આત્મનિર્ભર બનાવનારું અનોખું હાઈબ્રીડ ઘાસ



### પાકચોન્ગ









નેપીઅર ઘાસ અને બાજરીના સંકરણથી મેળવવામાં આવેલ પાકચોન્ગ એ થાઇલેન્ડના પશુપાલન વિભાગે તૈયાર કરેલ ઘાસની એક પ્રોટીનસભર હાઈબ્રીડ જાત છે. પાકચોન્ગ એકવખત વાવ્યા બાદ આઠ વર્ષ સુધી તેમાંથી વાઢ લઈ શકાય છે. બે વાઢ વચ્ચેનો સમયગાળો ૪૫ દિવસનો હોય છે. એક વીઘા જમીનમાંથી એક વારના વાઢથી ૨૦ ટન જેટલું લીલાચારાનું ઉત્પાદન મેળવી શકાય છે.

# કોડિયું

વર્ષ : ૭૪ જાન્યુઆરી : ૨૦૨૧ અંક : ૦૬

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૧ | **ત્રણ દિવસ અંધાપો જતો રહે તો...**<br>હેલન કેલર, અનુવાદ : જયંત મેઘાણી | ...૨૨૬ |
| ૦૨ | **ઉત્તરાયણ અને મકરસંક્રાંતિ : ખગોળ વૈજ્ઞાનિક સત્ય**<br>હસમુખ દેવમુરારિ | ...૨૨૯ |
| ૦૩ | **સમય**<br>કાર્લો રોવેલી, અનુવાદ : છાયા ઉપાધ્યાય | ...૨૩૩ |
| ૦૪ | **પ્રોજેક્ટ અનુભૂતિ :વિચારબીજ**<br>મૌસમી શુક્લા | ...૨૩૮ |
| ૦૫ | **જાળી કમ્પોસ્ટ**<br>યોગેશ પાઠક | ...૨૪૦ |
| ૦૬ | **લઘુકથા**<br>ફિરોઝ હસ્નાણી | ...૨૪૧ |
| ૦૬ | **શિશિર ઋતુના આહાર-વિહાર**<br>વૈદ્ય પ્રદીપ આસ્તિક | ...૨૪૨ |
| ૦૭ | **ચરિત્રકાર રઘુવીર ચૌધરી**<br>કિરીટ દૂધાત | ...૨૪૩ |
| ૦૮ | **શબ્દાશ્રયી મિત્ર ચિરાગ ઠક્કર 'જય'**<br>જયંત ડાંગોદરા | ...૨૪૭ |
| ૦૯ | **જયંત મેઘાણી : આજીવન 'પુણ્યનો વેપાર' કરી 'જ્ઞાનમાળી' બનનાર બુકમૅનનું જીવનકવન**<br>સંજય શ્રીપાદ ભાવે | ..૨૫૧ |
| ૧૦ | **કિન્નરોના દેશમાં – ૧**<br>ભાણદેવજી | ...૨૫૫ |
| ૧૧ | **તાઓ દર્શન**<br>રમણીકલાલ શાહ | ...૨૫૮ |
| ૧૨ | **હું લેખક કેમ ... બન્યો?**<br>જ્યોતીન્દ્ર તમાકુવાળા | ...૨૫૯ |
| ૧૩ | **સંસ્થા સમાચાર**<br>પ્રશાંત મહેતા | ...૨૬૦ |

**આદ્યતંત્રીઓ :**

સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**

ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**

વિશાલ ભાદાણી
(મો. ૯૪૨૬૮૮૫૩૮૭)

**સંપાદક-મંડળ:**

ભદ્રાયુ વચ્છરાજાની
(મો. ૯૮૯૮૯૨૦૩૩૩)
પ્રવીણ કુકડિયા
(મો. ૯૪૨૮૪૯૨૫૯૪)
પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨ )

**મુદ્રક-પ્રકાશક :**

શ્રી સુરસંગભાઈ ચૌહાણ
(મો. ૯૯૨૫૬૩૨૩૦૪)

**માલિક :**

ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

**મુદ્રણ-સ્થાન :**

ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલ્વે સ્ટેશન રોડ, સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૪૪૦૫૦

**પ્રકાશન-સ્થળ :**

ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા


## ◆ સૂચના ◆

- 'કોડિયું' દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
- પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.
- કોઈ પણ મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ.,ડિમાન્ડડ્રાફ્ટ અથવા ઓનલાઈનથી સ્વીકારવામાં આવે છે.

Acc No. 56016001739, IFSC Code : SBIN0060016
Branch: SBI, Amargadh

## ◆ લેખ મોકલવા માટે ◆

'કોડિયું' કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com

## ◆ લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્ર વ્યવહાર ◆

શ્રી રવિભાઈ પંડયા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com

## ◆ લેખકોને ◆

અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.

## ◆ લવાજમ ◆

| | |
|---|---|
| વાર્ષિક | રૂ. ૧૫૦/- |
| ડિપોઝિટ યોજના | રૂ.૧૮૦૦/- |

## તંત્રી સ્થાનેથી...

વિખ્યાત વિજ્ઞાની કાર્લ સેગન સમજાવે છે તેમ આપણું જીવન બ્રહ્માંડની કાળગંગાની સરખામણીએ આંખનાં એક પલકારા જેટલું છે. છતાં આ પલકારા જેટલા સમયમાં પણ માણસ જે સમજવા-પામવા પ્રયત્ન કરે છે એ પૃથ્વીલોકનું પરમ આશ્ચર્ય છે. આપણે તો આ વહેતી કાળગંગાના સાક્ષી બનીને બધો ખેલ જોયા કરવાનો છે. ૨૦૨૦નું વર્ષ તમામ સજીવ-નિર્જીવ ઘટકોને સીધો કે આડકતરો પાઠ ભણાવવાનું કરતું ગયું છે. આપણે તેને નહીં સમજીએ, નહીં સ્વીકારીએ કે તેને અનુકૂળ નહીં થઈએ તો સર્વાંશે સર્વનાશ જ છે. માણસને સૌથી મોટો પાઠ એ મળ્યો કે અંતે આપણો પરિવાર જ એક પ્રયોગશાળા છે. પરિવારના દરેક નાના-મોટા સભ્યને જીવવું છે! દરેકને સુખી થવું છે. આપણે જીવનમાં અનેક પ્રકારની પરીક્ષાઓમાંથી પસાર થઈએ છીએ. અસંખ્ય પ્રશ્નોના જવાબો લેખિત, મૌખિક કે આચરણથી આપીએ છીએ. હકિકતે તો માનવજાતે જિંદગીમાં માત્ર બે જ પ્રશ્નોના જવાબ શોધવા-આપવાના છે. જીવવું શા માટે અને કેમ જીવવું ? હજારો પ્રશ્નોના જવાબ આપી અનેક ક્ષેત્રે અગ્રેસર રહેનાર પાસે પણ ક્યારેક આ બે પ્રશ્નોના જવાબ સ્પષ્ટ નથી! નાના બાળકને માતા-પિતા-શિક્ષક-વડીલ એમ કહે છે કે મોટો થા એટલે ખબર પડશે, ભણવા બેસ એટલે ખબર પડશે, કામ કરતો થા એટલે ખબર પડશે, કૉલેજ કર એટલે ખબર પડશે, લગ્ન કર એટલે ખબર પડશે, મા/બાપ થા એટલે ખબર પડશે, છોકરાં ભણાવ-પરણાવ એટલે ખબર પડશે !

આમને આમ આખું જીવન પૂરું થઈ જાય તો પણ સમજાતું- ખબર પડતી નથી કે શું કામ જીવવું અને કેમ જીવવું. તો મૂળ પ્રશ્ન એ છે કે આ ખબર પડે ક્યારે ? કેવી રીતે ? હકીકતમાં આવા પ્રશ્નો જેમને ઊઠે છે તે વિદ્યાર્થી છે અને જેમની પાસે જવાબ છે તે શિક્ષક છે, માતા-પિતા છે. આ પ્રશ્નોનો ઉદ્ભવ અને જવાબ મેળવવાની પ્રક્રિયા જ્યાં થાય છે તે સાચું વિદ્યાલય છે. અંતે દરેકને સુખ જોઈએ છે. મોટાભાગના બીજાને દુઃખી કરવા રાજી નથી. બીજી રીતે સમજીએ તો પહેલો પ્રશ્ન એ હાર્ડવેર છે અને બીજો પ્રશ્ન સોફ્ટવેર છે. આપણો પરિવાર એવી પ્રયોગશાળા છે કે જ્યાં આ પ્રશ્નોના દરેક માટેના જવાબો છે. સવાલ છે પરિવારમાં દરેક વ્યક્તિએ પોતાની ફરજ બજાવવાના અધોળ આચરણનો ! આજે બાળકો અને વિદ્યાર્થીઓ પોતાના માતા-પિતા અને શિક્ષકોથી નારાજ છે. તેમનાથી દૂર રહેવા પ્રયત્ન કરે છે. મૈત્રી બંધાતી નથી કારણ કે સાધ્ય શ્રેષ્ઠ હોવા છતાં સાધન ખોટું પસંદ થયું છે. લક્ષ ઉત્તમ છે, સરનામું ખોટું છે. જ્યાં જે ખોવાયું છે, તેને ત્યાં જ શોધવું પડશે, અન્યત્ર શોધવાનો પ્રયત્ન નિષ્ફળ જ રહેવાનો. જેમ સમુદ્રમાં રહેલી માછલી સમુદ્રનો તાગ મેળવી શકતી નથી. તેમ આપણે જ્યાં રહીએ છીએ એ આપણા જીવન-સાગરનો તાગ મેળવી શકતા નથી. જીવનની પ્રસન્નતા માણસમાં રહેલા મનુષ્યત્વને ઉજાગર કરે છે. જીવનની પ્રસન્નતા જ સાચુ સુખ છે. આ સુખ કોઈપણ પ્રકારના ભૌતિક સાધન-સુવિધાથી મળ્યાંનો દાખલો નથી. જ્યારે આપણો માયંલો નિજાનંદ માણે છે ત્યારે આઠે પહોર આનંદ રે...

— [signature]

**ત્રણ દિવસ અંધાપો જતો રહે તો...**
**હેલન કેલર, અનુવાદ : જયંત મેઘાણી**

---

મને હંમેશાં લાગ્યું છે કે દરેક માણસને મોટી ઉંમરે થોડા દિવસ અંધાપો અને બહેરાશ મળે તો એ એક દૈવી આશીર્વાદ નીવડે. આંખોમાં અંધકાર હોય એ પરિસ્થિતિ એને ચક્ષુઓનું મૂલ્ય સમજાવે; મૌન થકી તેને ધ્વનિનો આનંદ સમજાય. મારા દેખતા મિત્રો ખરેખર શું જુએ છે તેનો મેં અવારનવાર ખ્યાલ મેળવ્યો છે. થોડા દિવસ પહેલાં મારાં એક મિત્ર વનમાં ફરી આવેલાં. એમને મેં પૂછ્યું, "જંગલમાં શું શું જોવા મળ્યું ?" તો કહે, "ખાસ તો કાંઈ નહીં."

મેં મારી જાતને પ્રશ્ન કર્યો, 'અરે, એક કલાક જંગલમાં લટાર મારીએ તો કશું નોંધપાત્ર જોવા ન મળે એ તે કેવી વાત ?' આંખો વિનાની હું અપરંપાર મજાની વસ્તુઓને માત્ર સ્પર્શ વડે અનુભવી શકું છું : પાંદડાંના નાજુક આકાર પામી શકું છું, સરસ મજાના વૃક્ષની મુલાયમ છાલ પર હાથ ફેરવી શકું છું, અથવા કોઈ ઝાડની ખરબચડી છાલને સ્પર્શ થકી પારખી શકું છું. શિયાળો પૂરો થાય, વસંત હજુ બેસતી હોય અને ઝાડની ડાળો ઉપર હાથ ફેરવીને નવી કૂંપળ ફૂટી કે નહીં એ 'જોઈ' શકું છું. અને, બહુ નસીબદાર હોઉં તો, કોઈ નાના ઝાડની ડાળને અડીને પંખીઓના કલશોરનાં સ્પંદનો પામી શકું.

કદીક મારું હૃદય આ બધી વસ્તુઓને ખરેખર જોવા માટે આર્તસ્વર કાઢી બેસે છે. સ્પર્શમાત્રથી હું આટલો બધો આનંદ મેળવું છું, તો એ બધું સાચેસાચ નજરે જોઈ શકું તો કેટલા અધિક સૌંદર્યનું પાન કરી શકું ! અને પછી કલ્પનાના ઘોડે ચડુંઃ જો ત્રણ દિવસ માટે મારો અંધાપો જતો રહેવાનો હોય તો હું શું શું જોઈ લેવા ઝંખું ?

એ અણમૂલ ત્રણ દિવસને ત્રણ હિસ્સામાં વહેંચું. પહેલા દિવસે શું કરું ? સ્નેહ અને સોબત આપીને મારા જીવનને મધુર બનાવનાર લોકોને પ્રત્યક્ષ જોવા ઇચ્છું. આંખને આત્માની બારી કહી છે, પણ મને ખબર નથી કે મિત્રના હૃદયને તેના વડે કઈ રીતે નીરખી શકાય. હું તો કોઈ ચહેરાને મારી આંગળીઓના ટેરવાં વડે જ 'જોઈ' શકું છું. સ્પર્શ થકી જ હાસ્ય, હતાશા અને બીજી અનેક અનુભૂતિઓને હું પામી શકું છું. મિત્રોને એમના ચહેરાના સ્પર્શ થકી પારખી શકું છું. ઓહો, તમે સહુ તો કેટલી સરળતાથી, બહેતર રીતે અને તત્ક્ષણ કોઈના ચહેરાના મરોડોને, એમના સ્નાયુઓનાં સ્પંદનોને, હસ્તમુદ્રાઓને જોઈ શકો છો ! પણ તમને દૃષ્ટિનો ઉપયોગ બીજાના અંતર-વૈભવને નિહાળવા માટે કરવાનો વિચાર આવ્યો છે ? મોટા ભાગના લોકો માત્ર ચહેરાના બાહ્યાકારને જોઈ લેવામાં ઇતિશ્રી માનતા નથી ?

ઉદાહરણ આપું : તમારા પાંચેક મિત્રોના ચહેરાનું ઝીણવટભર્યું વર્ણન કરી શકો ? મેં પ્રયોગ કર્યો : મેં કેટલાક પુરુષોને એમની પત્નીઓની આંખોનો રંગ પૂછી જોયો છે, પણ થોડા ઝંખવાઈને એમણે કહ્યું છે કે એમને તેનો બરાબર ખ્યાલ નથી.

ઓહ, મને ત્રણ જ દિવસ આંખો પાછી મળે તો શું શું જોઉં ?

પહેલો દિવસ તો ભરચક હશે. મારા બધા પ્યારા મિત્રોને બોલાવું, એમના ચહેરાઓને લાંબા સમય સુધી નીરખી રહું અને એમના બાહ્ય સૌંદર્યની રેખાઓને મારા અંતરમાં અંકિત કરી લઉં. મારી નજરને કોઈ શિશુચહેરા પર સ્થિર થવા દઉં અને મોટપણે નઠારા જીવનાનુભવોથી ખરડાઈ જાય એ પૂર્વેના તેના વિસ્મિત-નિર્મળ સૌંદર્યને મારા અંતઃસ્તલમાં ઉતારી લઉં. જેનું પઠન જ મેં સાંભળ્યું છે અને

જેમણે માનવહૃદયનાં ગહન જળમાં મને ઝબોળી છે એ પુસ્તકોના મારે પ્રત્યક્ષ દર્શન કરવાં છે. અને મારા વફાદાર શ્વાન-મિત્રોની ઇંતબાર-ઝરતી આંખોમાં મારે નજર પરોવવી છે.

નમતી સાંજે વનાંચલમાં જરી ઊતરીને પ્રકૃતિની સુંદરતા મારી આંખોમાં આંજી લેવી છે. અને પછી ભવ્યાતિભવ્ય સૂર્યાસ્ત જોવા પામું એવી મારી પ્રાર્થના છે. માનું છું કે એ રાત્રે મારી આંખો મટકું નહીં મારી શકે.

બીજો દિવસ : પ્રભાતના પ્રથમ કિરણ સાથે મારે જાગવું છે અને રાત્રિનાં અંધારાં દિવસના ઉજાસમાં પલટાઈ જાય છે એ ઘટનાનું રોમહર્ષણ માણવું છે. સૂરજ આ પૃથ્વીને નીંદરમાંથી ઢંઢોળે છે એ પ્રકાશ-પર્વની ભવ્ય ક્ષણનું દર્શન કરવું છે.

આજે મારે આ જગતનાં વર્તમાન અને અતીતની ઉતાવળી ઝાંખી કરવી છે. મનુષ્યની પ્રગતિનું કૂચદૃશ્ય જોવા માટે મારે સંગ્રહસ્થાનોમાં જવું છે. ત્યાં મારી આંખો જોશે સૃષ્ટિનો સંક્ષિપ્ત ઇતિહાસ : પ્રાણીઓ અને માનવીની જૂજવી જાતિઓ તેના તળપદ વાતાવરણમાં કેવી રીતે વસી હશે તેનાં ચિત્રો મને જોવા મળશે. સાધારણ કદના પણ અતિ શક્તિવંત મગજવાળા મનુષ્યે પ્રાણીજગત ઉપર વિજય મેળવ્યો એ પહેલાં જે મહાકાય પ્રાણીઓ વિચર્યા હશે તેના દેહ-નમૂના મારે જોવા છે.

એ પછી મારે કલાના સંગ્રહાલયમાં પહોંચવું છે. સ્પર્શેન્દ્રિય થકી પ્રાચીન નાઇલ-ભૂમિનાં દેવ-દેવીઓની પ્રતિમાઓને હું પિછાની શકી છું, ગ્રીસ અને રોમની સંસ્કૃતિઓનો પરિચય મેળવ્યો છે, મહાકવિ હોમરના દાઢીએ શોભતા ચહેરાની હું ચાહક છું — એમને પણ અંધાપાનો અનુભવ હતો ને!

એટલે, આજે બીજા દિવસે માનવીની કલાસિદ્ધિ વાટે તેના આતમ સુધી પહોંચવું છે. સ્પર્શથી જે અનેક બાબતો મેં અનુભવી છે એ હવે ચક્ષુઓથી આતમમાં ઉતારવી છે. માનવીની ચિત્રકલાનું ભવ્ય જગત મારી સમક્ષ થશે. પણ હું તો કલાનું સાવ ઉપરછલ્લું દર્શન જ પામી શકીશ એ જાણું છું, કારણ કે કલાની ઊંડી સમજ પામવા અર્થે તો દૃષ્ટિને કેળવવાની હોય છે. રેખાઓ, રંગો અને આકૃતિઓનાં સંયોજનો સમજવા માટે કેટલું શીખવું પડે! મારે આંખો હોત તો હું આવા મુગ્ધકર પરિશીલનની દિશા પકડત.

મારા આ બીજા દિવસની રાતે હું કોઈ નાટક કે ફિલ્મ જોવા જાત. ઓહો, હૅમ્લેટના ચહેરાને અને બીજાં પાત્રોને એ જૂના એલિઝાબેથ-કાળના પરિધાનમાં નિહાળવાં છે. સ્પર્શથી પામી શકાય એટલું જરીક જ તાલતત્ત્વ અત્યારે હું માણી શકું છું. કોઈ નૃત્યકારની નમણી અંગભંગિઓ હું અલ્પ જ સમજી શકું છું, ભલે હું તાલના આનંદને ક્યારેક મંચ ઉપર રમતાં આંદોલનો મારફત ઝીલી શકતી હોઉં. મંચ ઉપરનાં ચલન જગતનાં શ્રેષ્ઠ દશ્યો હશે એ હું સમજું છું. આરસની પ્રતિમાઓ પર અંગુલિઓ પસવારીને હું થોડું પ્રતિમા-દર્શન કરી શકતી હોઉં, એ સ્થિર જણસનું સંવેદન મને સૌંદર્યનો અનુભવ આપી શકતું હોય, તો કોઈ ચલનવતી દશ્યાવલીને જીવતી આંખે જોવાની અનુભૂતિ કેટલી ઉત્કૃષ્ટ હશે!

વળતી સવારે, ફરી પાછી હું નવલ ઉષાનાં સૌંદર્યોને, નિત્યનૂતન આનંદને સત્કારવા સજ્જ હોઈશ. આજે આ ત્રીજા દિવસે હું જગતના કર્મપરાયણ માનવ-સંસારને જોવા તત્પર રહીશ; એ માટે નગર તરફ પ્રયાણ કરીશ.

પહેલા તો હું ન્યૂયોર્ક નગરના ધમધમતા મહામાર્ગને ખૂણે ઊભી રહું. મારે નગરજનોની રોજિંદી જીવન-ઘટમાળ જરીક જોવી છે. માણસોના મુખમલકાટ જોઈને હું ખુશ થાઉં. એમના મુખારવિંદ પર આત્મવિશ્વાસ ચિતરાયેલો નીરખીને મારા અંતરમાં ગૌરવનો સંચાર થાય અને પીડન જોવા પામું છું ત્યારે કરુણાનો ભાવ થાય.

કલ્પનામાં રાચું છું : નગરના રાજમાર્ગ પર હું ટહેલું છું. મારે કોઈ અમુક વસ્તુઓ જોવી નથી; બસ, નજરને મોકળી મેલીને રંગોની વિસ્તરતી સૃષ્ટિ નિહાળું છું. ખાતરી છે કે વિધવિધ રંગોનાં પરિધાનમાં શોભતાં સ્ત્રીવૃંદો નીરખતાં મારી આંખો કદી ન થાકે. પણ મારે આંખો હોત તો હું પણ બીજી સ્ત્રીઓ જેવી જ હોત — પોષાકોનાં

અવનવાં રીતિઓ અને રંગો ધારણ કરીને સમુદાયમાં રંગોની રેલમછેલ વહેવરાવવાનું મને ગમત.

રાજમાર્ગ પરથી હું નગરયાત્રાએ નીકળી પડત : ઝૂંપડપટ્ટીઓમાં, કારખાનાઓમાં, બાળ-ક્રીડાંગણોમાં પહોંચત. અને વિદેશીઓના જ્યાં વસવાટ હોય એવા વિસ્તારોનાં ઘરોમાં જઈને એમની જીવનરીતિની ઓળખ પામત. મારે માનવ-સમાજને બરાબર સમજવો છે તેથી હું હંમેશા લોકોનાં સુખ-દુઃખને બરાબર પિછાનવા ચિત્તની બારી ઉઘાડી રાખું છું.

દેખતી જિંદગીનો ત્રીજો ને છેલ્લો દિવસ હવે અસ્ત થવાનો હશે. આ આખરી પ્રહરમાં કેટલીય ગંભીર પ્રવૃત્તિઓ કરવામાં મને રસ છે ખરો. પણ ના, જીવ, આજે છેલ્લી સંધ્યાએ પણ મારે તો કોઈ નાટક જોવા જતા રહેવું છે : મારે જોવું છે કોઈ ખડખડાટ હાસ્ય-છોળો ઉડાડનાર નાટક, કારણ કે માનવપ્રકૃતિમાં નર્મમર્મના લસરકા કેવા ઉપયોગી છે એ પણ મારે સમજવું છે.

મધરાત : ફરી પાછી શાશ્વત અંધકારામાં હું સમાઈ જવાની છું. એ નાનકડા ત્રણ દિવસમાં મારે જોવું હોય એ બધું તો ક્યાંથી જોઈ શકી હોઉં? જ્યારે પૂર્ણ અંધકાર મારા વિશ્વ પર છવાશે ત્યારે જ મને સમજાશે કે કેટલું બધું અણદીઠું રહી ગયું!

જો જાણો કે અંધાપો તમને આંબી જવાનો છે તો તમે મારા જેવું જ સમયપત્રક બનાવો એવું નથી. પણ તમારે ભાગે એવી નિયતિ આવે તો તમે આંખોનો કદી ન કર્યો હોય એવો ઉપયોગ કરી લેવા ઇચ્છશો. તમે સૃષ્ટિમાં જે કાંઈ નિહાળ્યું હશે એ તમને પ્રિય થઈ પડશે. તમારી ચોપાસ જે વસ્તુઓ પથરાયેલી છે એ બધી ચક્ષુઓમાં ઉતારી લેવા તમે તત્પર રહેશો અને ત્યારે, છેવટે, તમે સૃષ્ટિને ખરેખર નીરખશો, સૌંદર્યની એક નવી જ દુનિયા તમારી સમક્ષ ખૂલી જશે.

હું અંધ નારી બીજું તો શું કહું, પણ જે લોકો દૃષ્ટિનું વરદાન પામ્યાં છે એમને એક સૂચન કરું : આવતી કાલે અંધાપો આવવાનો છે એમ માનીને તમારાં નેત્રોનો ઉપયોગ કરજો અને અન્ય ઇન્દ્રિયોની બાબતમાં પણ એવું જ કરજો : ગીતો સાંભળજો, પંખીગાન સુણજો, અનેક વાદ્યોના લહેરાતા સમૂહ-સ્વરોને કાનમાં ભરી લેજો — એમ માનીને કે આવતીકાલે જ તમે શ્રવણેન્દ્રિય ગુમાવવાના છો. દરેક પદાર્થને એમ સમજીને સ્પર્શી લેજો કે તમે સ્પર્શનું સંવેદન ખોઈ બેસવાના છો. હરએક પુષ્પના પરિમલનું પાન એ રીતે કરી લેજો કે જાણે ગંધ તમારા નાસિકા દ્વારે પછી આવી શકવાની નથી. પ્રિય સ્વાદ માણી લેજો — કદાચ સ્વાદેન્દ્રિય દગો દેવાની હોય. સર્વ ઇન્દ્રિયોને મહત્તમ માણજો, આનંદનો પ્રત્યેક આહ્લાદ ગ્રહી લેજો. પ્રકૃતિએ નિર્મેલાં સૌંદર્ય અને આનંદનાં સકલ નિમિત્તો સેવી લેજો, પણ સર્વ ઇન્દ્રિયોમાં ચક્ષુ એ સહુથી વધુ આનંદદાયક છે એવું માનજો.

'રીડર્સ ડાયજેસ્ટ', મે ૨૦૦૨

## ઉત્તરાયણ અને મકરસંક્રાંતિ : ખગોળ વૈજ્ઞાનિક સત્ય

હસમુખ દેવમુરારિ
hdevmurari@gmail.com

સામાન્ય રીતે ઉત્તરાયણ અને મકરસંક્રાંતિ વચ્ચે ગેરસમજ રહેલ હોવાથી આપણે સૌ ઉત્તરાયણ અને મકરસંક્રાંતિને એક જ સમજીને ચાલીએ છીએ. આ ગેરસમજની પાછળ એક ખગોળીય કારણ રહેલું છે. આપણે આ ઘટના પાછળનાં કારણો સમજવા જરૂરી છે. પ્રથમ આપણે ઉત્તરાયણ વિશે સમજીએ.

**ઉત્તરાયણ**

ગુરુ અને શનિની યુતિના સમાચાર હજી તાજા જ છે. ૨૧મી ડિસેમ્બરે આ મહાયુતિ સર્જાઈ. તે દિવસ બીજી એક ઘટનાથી પણ વિશેષ હતો. તે દિવસે ટૂંકામાં ટૂંકો દિવસ અને લાંબામાં લાંબી રાત્રિ હતાં. ત્યારે લગભગ ૧૦ કલાક ૪૩ મિનિટ અને ૨૦ સેકન્ડનો દિવસ અને ૧૩ કલાક ૧૬ મિનિટ અને ૪૦ સેકન્ડની રાત્રિ હતી. દિવસ અને રાત્રિના સમયમાં કેટલો બધો ફેર! આ થવાનું કારણ સૂર્ય ફરતી આપણી પૃથ્વી ૨૩.૪૦૦નો ખૂણો રાખીને ત્રાંસી ત્રાંસી સૂર્યની ફરતે પરિક્રમા કરે છે તે છે. જેમ કોઈ નૃત્યાંગના નૃત્ય કરતી વખતે એકદમ સીધીસીધી નૃત્ય કરતી નથી, પણ એક અંગભંગિમા સાથે નૃત્ય કરે છે, તેમ જ પ્રકૃતિમાં પણ આવો એક લય, એક ભંગિમા જોવા મળે છે. અને આવી રીતે ત્રાંસી રહીને ફરતી હોવાથી પૃથ્વી ઉપર ઋતુઓ સર્જાય છે. જો પૃથ્વી આવી રીતે ૨૩.૪૦૦ નો ખૂણો રાખીને સૂર્યની પરિક્રમા ન કરતી હોત અને ૯૦૦ નો કોણ રાખીને સીધી રહીને જ ફરતી હોત તો ઋતુઓ જ ન થાત! એનું બહુ સરસ ઉદાહરણ છે શુક્ર ગ્રહ. શુક્ર ગ્રહ ઉપર ઋતુઓ થતી નથી! શુક્રનો ગ્રહ સીધો રહીને જ સૂર્યની પરિક્રમા કરે છે. છે ને શુક્રની કંઈ શુક્રની અક્કડાઈ(ગર્વ)! મને લાગે છે કે ગ્રીક લોકોએ શુક્રને સૌંદર્યની દેવી 'વિનસ'નું બિરુદ આપ્યું તેની આ અક્કડાઈ હશે?

સૂર્યમાળાના એકમાત્ર ગ્રહ પૃથ્વી ઉપર જીવ-સૃષ્ટિ પાંગરી હોવા પાછળનાં બીજાં ઘણા કારણો પૈકી તેનું આવી રીતે ત્રાંસા રહીને સૂર્યની પરિક્રમા કરવી અને પરિણામે ઋતુઓની સંભાવના થવી એ પ્રમુખ કારણ છે. અન્ય ગ્રહો ઉપર હજી સુધી જીવસૃષ્ટિ હોવાના પ્રમાણભૂત વાવડ સાંપડ્યા નથી. વિચાર કરો કે આવી રીતે ત્રાંસા ત્રાંસા પરિક્રમા કરવામાં પૃથ્વીને કેટલી તકલીફ પડતી હશે? પણ પૃથ્વીમાતા તેનાં સંતાનો માટે કરોડો વર્ષોથી આટલી જહેમત ઊઠાવી રહી છે. તેનાં સંતાનો (માનવ)ને તેની કિંમત છે ખરી?

પૃથ્વી સૂર્યની ફરતે પરિક્રમા કરે છે. એક વર્ષમાં તે એક પરિક્રમા પૂરી કરે છે. પૃથ્વીના ૨૩.૪૦૦ નમેલા હોવાને કારણે પૃથ્વી ઉપર જુદા જુદા ભાગમાં ક્યારેક ઠંડી અને ક્યારેક ગરમીનો અનુભવ થાય છે. અને આ ઠંડી અને ગરમીને કારણે જ ઋતુઓ થઈ રહી છે. આપણે સૂર્યને રોજ પૂર્વમાં ઊગતો અને પશ્ચિમમાં આથમતો જોઈએ છીએ. પણ આપણે જેને પૂર્વ કે પશ્ચિમ દિશા કહીએ છીએ, બરાબર એ જ બિંદુ ઉપર સૂર્ય ઊગે કે આથમે છે? ના, આપણે અનુભવીએ છીએ કે સૂર્ય પોતાના ઊગવાના અને આથમવાના સ્થાન બદલતો રહે છે. ક્યારેક તે પૂર્વ-પશ્ચિમ દિશામાં ઉત્તર તરફનાં બિંદુઓએ ઊગતો અને આથમતો હોય છે અને ક્યારેક તે તેનાં દક્ષિણ તરફનાં બિંદુઓએ ઊગતો કે આથમતો હોય છે. આ થવાનું કારણ પૃથ્વીનું નમેલું હોવું એ છે. જો પૃથ્વી નમેલી ન હોત તો સૂર્ય આપણને પૂર્વના એક જ નિશ્ચિત બિંદુએ જ ઊગતો અને પશ્ચિમના એક જ નિશ્ચિત બિંદુએ આથમતો દેખાત. પૃથ્વીના આ નમનના કારણે જ સૂર્યના ઊગવા કે આથમવાના બિંદુઓ બદલાતા રહે છે. જો સૂર્યનાં ઊગવા-આથમવાનાં બિંદુઓ ઉત્તર તરફના હોય તો તે ઉત્તરાયણ કહેવાય અને જો સૂર્યના ઊગવા-આથમવાનાં બિંદુઓ દક્ષિણ તરફનાં હોય તો તે દક્ષિણાયન કહેવાય. શબ્દ આમ બન્યો છે, ઉત્તર+અયન=ઉત્તરાયણ. અયન એટલે ...ની તરફની

ગતિ હોવી. ઉત્તર તરફની ગતિ એટલે ઉત્તરાયણ. આ આકૃતિમાં આ વાત વધારે સ્પષ્ટ થશે.



આમ, પૃથ્વી ઉપરથી આપણને સૂર્યના ઊગવા-આથમવાના બિંદુઓ દેખાતાં હોય છે. આનો સમયગાળો નિશ્ચિત હોય છે. ૨૧ કે ૨૨ જૂનથી સૂર્ય ધીમેધીમે દક્ષિણનાં બિંદુઓ તરફ ખસવા લાગે છે. ૨૧ કે ૨૨ જૂનના રોજ લાંબામાં લાંબો દિવસ અને ટૂંકામાં ટૂંકી રાત્રિ હોય છે. વચ્ચે ૨૨ કે ૨૩ સપ્ટેમ્બરના રોજ તે અડધે રસ્તે પહોંચે છે અને તે વખતે રાત્રિ અને દિવસ બંને સરખાં હોય છે. પછીથી ધીમે ધીમે દિવસ ટૂંકો થવા માંડે છે અને રાત્રિ લાંબી થવા માંડે છે. ૨૧ કે ૨૨ ડિસેમ્બરના રોજ લાંબામાં લાંબી રાત્રિ અને ટૂંકામાં ટૂંકો દિવસ થઈ જાય છે. અને આ દિવસથી હવે આપણને સૂર્ય ઉત્તર તરફ ખસતો લાગવા માંડશે. સૂર્યનું આ ઉત્તર તરફ ખસવાનું શરૂ થવું તે જ ઉત્તરાયણ. આમ, ૨૧ કે ૨૨ ડિસેમ્બરના રોજ ઉત્તરાયણ કહેવાય. હવેથી સૂર્ય રોજે રોજ થોડો થોડો ઉત્તર દિશા તરફ ખસવા માંડશે. અને દિવસ ધીમેધીમે લાંબો થવાનું અને રાત્રિ ધીમેધીમે ટૂંકી થવાનું શરૂ થશે. વળી, અડધે રસ્તે પહોંચશે ત્યારે એટલે કે ૨૦ કે ૨૧ માર્ચના દિવસ અને રાત્રિ એક સરખાં થશે અને ૨૧ કે ૨૨ જૂને આ ઉત્તરાયણ પૂરું થશે. એટલે કે હવે સૂર્ય ઉત્તર તરફના છેલ્લાંમાં છેલ્લાં બિંદુ સુધી પહોંચી ગયો. આમ, સૂર્યે એક વર્ષની યાત્રા પૂરી કરી. ખરું કહેવું હોય તો પૃથ્વીએ એક વર્ષની યાત્રા પૂરી કરી. હવે ફરીથી દક્ષિણાયન શરૂ થશે. આમ, ઉત્તરાયણ પછી દક્ષિણાયન અને દક્ષિણાયન પછી ઉત્તરાયણ એમ નિરંતરયાત્રા ચાલ્યા જ કરે છે.

૧૪મી જાન્યુઆરીના રોજ આપણે મકરસંક્રાંતિ ઊજવીએ છીએ. મકરસંક્રાંતિ ઉત્તરાયણથી ભિન્ન ઘટના છે. સૂર્ય પૃથ્વીને પોતાના ફરતી (ગુરુત્વાકર્ષણ અને કેન્દ્રત્યાગી બળનું સમતોલન જાળવીને) ફેરવે છે. જેમ ફેરફુદરડી ફરતાં હોઈએ ત્યારે જ્યાં સુધી બન્ને ભેરુએ એકબીજાના હાથ પકડી રાખ્યા હોય ત્યાં સુધી બન્ને બરાબર ફરી શકે છે, પણ જો ભૂલથી પણ હાથ છૂટી જાય તો બન્ને ભેરુ દૂર ફેંકાય જાય છે. એમ જ પૃથ્વીને સૂર્યના ગુરુત્વાકર્ષણમાં સંપૂર્ણ ખેંચાઈને તેનામાં વિલિન ન થવા સારુ પોતાને સૂર્યની ફરતે ફરતાં જ રહેવું પડે છે, ત્યારે સમતોલન સધાય છે. પૃથ્વી ઉપરથી સૂર્યને આપણે અવકાશી ગુંબજ/ચંદરવામાં આવેલા જુદાં જુદાં નક્ષત્રો અને રાશિઓમાં સ્થાન બદલતો જોઈએ છીએ. સૂર્ય ક્યારેક આપણને સિંહ રાશિમાં તો ક્યારેક વૃશ્ચિક રાશિની નજીક જોવા મળે છે. એનો અર્થ એ થયો કે સૂર્ય પોતે પણ ગતિમાન અવકાશી પિંડ છે. જો કે બ્રહ્માંડનો એક સર્વ સામન્ય નિયમ છે કે કોઈપણ અવકાશી પિંડને સ્થિર રહ્યું પોસાય જ નહીં. કોઈપણ અવકાશી પિંડ જો આળસુ બની ગયો તો તેનો નાશ અવશ્ય સમજવો. કારણ કે દરેક અવકાશી પિંડને ગુરુત્વાકર્ષણ અને કેન્દ્રત્યાગી બળનું સંતુલન સતત અને સતત કર્યે જ રાખવું પડે છે. તેને આજુબાજુના અન્ય મોટા અવકાશી પિંડોનું ગુરુત્વાકર્ષણ લાગે છે. તેમાં ખેંચાય ન જવાય તે માટે તેણે એકદમ ગતિથી ફરતા રહીને કેન્દ્રત્યાગી બળ ઉત્પન્ન કરીને તેને લાગતા ગુરુત્વાકર્ષણના બળ સામે સંતુલન કરવું પડે છે. બ્રહ્માંડમાં કોઈપણ અવકાશી પિંડને પોતાના અસ્તિત્વને ટકાવી રાખવા પોતાની ધરીની આસપાસ અને પોતાના માતૃપિંડની ફરતે પરિક્રમા કરતાં રહેવું અનિવાર્ય છે. એમ સૂર્ય આપણને અવકાશી ચંદરવામાં જુદા જુદા સ્થાનોમાં દેખાય છે. ગોળ હોવાને કારણે અવકાશી ચંદરવો ૩૬૦૦ નો થાય. આ ૩૬૦૦ના ૧૨ સરખા ભાગ પાડીને ત્યાં રહેલાં તારાઓના સમૂહમાં માનવને જે પ્રકારની આકૃતિઓ દેખાઈ તે ઉપરથી તેનાં નામ નક્કી કર્યાં અને તેને રાશિ કહેવામાં આવી. આપણે આવી રાશિઓનાં નામોથી પરિચિત છીએ. ધનુ, મકર, કુંભ, મીન, મેષ, વૃષભ, મિથુન, કર્ક, સિંહ, કન્યા, તુલા અને વૃશ્ચિક એમ બાર રાશિઓ આવેલી છે. સૂર્ય આપણને આ બારેય રાશિઓમાં એક એક માસ રહેતો હોય તેમ દેખાય છે. સૂર્યનું

એક રાશિમાંથી બીજી રાશિમાં જવું તેને સંક્રમણ કહેવાય. જો કે હમણાં હમણાં 'સંક્રમણ' શબ્દથી આપણે બહુ જ પરિચિત થઈ ગયા છીએ. સંક્રમણ એટલે એકમાંથી બીજામાં જવું, સંક્રમિત થવું! એમ વર્ષમાં સૂર્યના બાર સંક્રમણ થાય, એટલે કે વર્ષની બાર સંક્રાંતિ થાય! પણ આપણે તો એક જ સંક્રાંતિથી વધુ પરિચિત છીએ અને એ છે મકરસંક્રાંતિ. મકરસંક્રાંતિ એટલે સૂર્ય ધનુ રાશિમાંથી નીકળીને મકર રાશિમાં સંક્રમિત થવું. આ છે મકરસંક્રાંતિ.

આમ, ઉત્તરાયણ અને મકરસંક્રાંતિ બંને અલગ







અલગ ઘટનાઓ છે. સૂર્યની તેનું એક રાશિમાંથી બીજી રાશિમાં ખસવું, ચંદ્રનું પણ એક નક્ષત્રમાંથી બીજા નક્ષત્રમાં ખસવું વગેરે માટેનું બહુ જ ક્લિષ્ટ અને સમજવું કઠિન પડે તેવું ગણિત છે. આમાં બહુ સૂક્ષ્મ અને ચોકસાઈપૂર્ણ ગણતરીઓ કરવામાં આવેલી હોય છે. પૃથ્વી સૂર્યની ફરતે ૩૬૫ દિવસ, ૫ કલાક, ૪૯ મિનિટમાં એક પરિક્રમા પૂરી કરે છે. આને આપણે એક વર્ષ કહીએ છીએ. ખગોળીય ભાષામાં એને સાયન વર્ષ કહેવામાં આવે છે. અને પૃથ્વી પોતે પોતાની ધરી ઉપર પણ ફરે છે તે તો ખરું જ! પોતાની ધરી ઉપર એક ચક્કર એક દિવસમાં પૂરું કરે છે. બીજી રીતે જોઈએ તો પૃથ્વી ઉપરથી સૂર્ય આપણને અવકાશી ચંદરવામાં એક રાશિમાં નિશ્ચિત જગ્યાએ એક નિશ્ચિત તારા પાસે દેખાય તે ફરી પાછો બરાબર એક વર્ષ પછી એ જ રાશિમાં એ જ નિશ્ચિત જગ્યાએ એ જ નિશ્ચિત તારા પાસે દેખાય છે. આને પણ એક વર્ષ કહેવાય છે. આ માટે સૂર્યને ૩૬૫ દિવસ, ૬ કલાક, ૯ મિનિટ લાગે છે. આને ખગોળીય ભાષામાં નિરયન વર્ષ (નાક્ષત્ર વર્ષ) કહેવામાં આવે છે. આમ, નિરયન વર્ષ કરતાં સાયન વર્ષ ૨૦ મિનિટ લાંબું થાય છે. આનું પણ એક કારણ છે.

પૃથ્વી રબ્બરના દડા જેવી સંપૂર્ણ ગોળ નથી, પણ મોસંબીની જેમ ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ધ્રુવ પાસે થોડી દબાયેલી છે. સમજવા માટે કહીએ તો વિષુવવૃત્ત પાસે પૃથ્વીનો વ્યાસ ૧૧૮૯૦ કિ.મી. અને ધ્રુવ બિંદુઓમાંથી પસાર થતો પૃથ્વીનો વ્યાસ ૧૧૮૫૦ કિ.મી. છે. આમ, પૃથ્વીની ફાંદ જરા ફૂલેલી છે. એને કારણે તે પોતાની ધરી ફરતે ફરતી ફરતી સૂર્યની આસપાસ પણ ફરે છે, તેમાં સૂર્યના ગુરુત્વાકર્ષણને કારણે એક લચક આવે છે. એ લચકને કારણે પૃથ્વીની બીજી એક ગતિ પણ પરિણમે છે. આ ગતિને વિષુવાયન ગતિ કહેવામાં આવે છે. થોડું વધારે સમજવા માટે ભમરડાનું ઉદાહરણ ઉપયુક્ત છે. ભમરડામાં ફરતો ફરતો છેલ્લે છેલ્લે ગતિ મંદ પડે ત્યારે ત્રણ પ્રકારની ગતિ સર્જાય છે. પહેલી, પોતે પોતાની આર ઉપર ફરે તે. બીજી, પોતે ફરતો ફરતો જમીન પર કે કોઈ સપાટી પર પણ ગતિ કરે અને એક રાઉન્ડ બનાવે છે તે. ત્રીજી, જ્યારે ભમરડાની ગતિ મંદ પડે ત્યારે ભમરડાનું માથું પણ ડોલવા લાગે, એ તેની ત્રીજી ગતિ. પૃથ્વીમાં પણ કંઈક આવું જ થાય છે. આ ત્રીજી ગતિ વિષુવાયન પ્રકારની ગતિ તરીકે ઓળખાય છે.

ઉપર જણાવ્યો તે ૨૦ મિનિટનો તફાવત દર વર્ષે ઊભો થાય છે. આ તફાવતનો કઈ રીતે મેળ બેસાડવો? તેથી આપણા ખગોળ-વિદ્વાનોએ એક વચલા રસ્તા તરીકે 'સૂર્યસિદ્ધાંતગ્રંથ'માં બંને વચ્ચેનો એક રસ્તો કાઢ્યો અને વર્ષની લંબાઈ ૩૬૫ દિવસ, ૬ કલાક અને ૧૨.૫ મિનિટ

રાખવાનું સ્વીકાર્યું. આ સિદ્ધાંતની સ્વીકૃતિને કારણે પણ સાયન વર્ષ સાથે વાર્ષિક ૨૩.૫ મિનિટનો અને નિરયન વર્ષ સાથે વાર્ષિક ૩.૫ મિનિટનો ફરક તો રહ્યો જ! આપણા પંચાંગો સૂર્યસિદ્ધાંતગ્રંથના ગણિત પ્રમાણે ચાલે છે. ઉત્તરાયણ સાયન વર્ષ પ્રમાણે અને મકરસંક્રાંતિ નિરયન વર્ષ પ્રમાણે ગણાવી જોઈએ. પણ વચલા રસ્તા તરીકે અને સૂર્યસિદ્ધાંતગ્રંથ મુજબ ગણતરીઓ ગણવાનું સ્વીકારાયું. વરાહમિહિરે ઈ.સ.૫૦૦માં ખગોળની ગણતરીઓ શરૂ કરી ત્યારે ૧૦મી જાન્યુઆરીએ મકરસંક્રાંતિ આવતી હતી. આપણે ઉપર જોયું તેમ ૩.૫ મિનિટનો વાર્ષિક તફાવત થતાં થતાં ૧૫૦૦ વર્ષ પછી ૧૦મીના બદલે મકરસંક્રાંતિ ૧૪મી જાયુઆરીના આવવા લાગી છે. હજી થોડાં વર્ષો પછી મકરસંક્રાંતિ ૧૫મી જાન્યુઆરીના આવવાનું થશે. મૂળે તો આપણે આગળ જોયું તેમ મકરસંક્રાંતિ એટલે સૂર્યનું મકર રાશિમાં પ્રવેશવું. એ કંઈ થોડું આપણા કેલેન્ડર કે પંચાંગ મુજબ પ્રવેશે? એ તો એના નિશ્ચિત સમયે જ પ્રવેશે ને? એટલે આપણે આપણા પંચાંગમાં કે કેલેન્ડરમાં આવા એડજસ્ટમેન્ટ કરવાનાં થાય છે. વેદ રચનાકાળ પછીના સમયમાં ઉત્તરાયણ અને મકરસંક્રાંતિ એક સાથે જ આવતાં. પણ ઉપર વર્ણવેલા સાયન વર્ષ અને નિરયન વર્ષની ગણતરીઓના બધા તફાવતોની અસરથી ધીમેધીમે બન્ને જુદાં પડતાં ગયાં. અને આજે આ બન્ને વચ્ચે ૨૨ દિવસનો તફાવત આવીને ઊભો છે. હવે આવી સૂક્ષ્મ ગણતરીઓ સામાન્યજન ન કરી શકે કે સમજી શકે તેથી સામાન્યજન તો ઉત્તરાયણ અને મકરસંક્રાંતિ બંનેને એક જ સમજે છે.

આપણી માન્યતાઓમાં ઉત્તર દિશાને ઉત્તમ અને દક્ષિણ દિશાને કનિષ્ઠ માનવાની પરંપરા પણ છે. મને લાગે છે કે આર્ય પ્રજા ઉત્તરમાંથી ઊતરી આવેલી પ્રજા છે એટલે તેને પોતાના મૂળ વતન અંગે ગૌરવ હોય તે સ્વાભાવિક ઘટના છે. આ ઉપરાંત ઉત્તરે હિમાલય અને દક્ષિણે ખારો સમુદ્ર એટલે પણ ઉત્તરનું મહત્ત્વ હશે એવું અનુમાન પણ તર્કસંગત લાગે. એટલે સૂર્યનું દક્ષિણ દિશા તરફ હોવું કે ખસવું કે સૂર્યનું દક્ષિણની કોઈ રાશિમાં હોવાને બહુ સારા શુકન નથી મનાતાં. એટલે દક્ષિણાયન હોય એટલે કે સૂર્ય દક્ષિણ દિશા તરફ હોય ત્યારે સારું મુહૂર્ત મનાતું નથી અને કોઈ શુભ કાર્યો કરવામાં આવતાં નથી. આપણી દેશી બોલીમાં તેને ધનારખના કમુરતા કહેવામાં આવે છે. ધનારખ એટલે ધનુ રાશિ. સૂર્ય ધનુ રાશિમાં છે માટે ધનારખ. ધનુ રાશિ વધુમાં વધુ દક્ષિણમાં આવેલી રાશિ છે. મોટા ભાગની રાશિઓ સૂર્યના ક્રાંતિવૃત્તમાં જ આવેલી હોય છે. પણ ધનુ અને વૃશ્ચિક રાશિ દક્ષિણમાં ઢળેલી રાશિઓ છે. કદાચ તેથી જ તો ધનુ રાશિમાં સૂર્ય હોવાને અને વૃશ્ચિક રાશિ પાસે ચંદ્ર હોવાને (વીંછીડો બેઠો, વીંછીંડો પેટાળે, વીંછીડો મૂળ નક્ષત્રમાં, વીંછીડો ઊતર્યો વગેરે) બહુ સારાં મુહૂર્ત જ્યોતિષીઓ નહીં માનતા હોય. આપણું ખગોળ અને આપણું જ્યોતિષશાસ્ત્ર બન્ને પરસ્પર બહુ સંકળાયેલાં છે. આધુનિક બ્રહ્માંડ વિજ્ઞાનમાં પણ દક્ષિણમાં કાળું વાદળ, કોલસાનો કોથળો (કોલ-સેક The Coal Sack) આવેલાં છે તેવું સંશોધન થયું છે. લાર્જર મેગેલેનિક ક્લાઉડ (Larger Megellanic Cloud) અને લેસર મેગેલેનિક ક્લાઉડ (Laser Megellanic Cloud) નામના બે કાળાં તારક વાદળો દક્ષિણમાં જ આવેલાં છે. ઑસ્ટ્રેલિયામાં તો એક લોકકથા પ્રમાણે આ કોથળાને અંધાર દેશનું યમપુરીનું મુખદ્વાર ગણાવાય છે. એટલે આપણા પૂર્વજોની માન્યતામાં કેટલું વજુદ હતું તેનો પણ આપણને ખ્યાલ આવે!

ઉત્તરાયણ અને મકરસંક્રાંતિની સાથે આપણે સામાજિક અને આરોગ્ય વિષયક બાબતો પણ જોડી દીધી છે. બરાબરનો શિયાળો જામ્યો હોય, શરીરની ત્વચા એકદમ સૂકી મહસૂસ થાય, તણાય. ત્યારે શરીરને તૈલી પદાર્થોની આવશ્યકતા વધારે હોય એટલે તલની સાની, તલની ચીક્કી, તલની લાડુડી, તલસાંકળી જેવી ચીજ-વસ્તુઓ લેવી આરોગ્યપ્રદ ગણાય. આ ઠંડીમાં આપણને તડકે રહેવું પણ ખૂબ ગમે. અને વળી, શિયાળાનું શાંત વાતાવરણ હવે પવનથી સળવળવા પણ માંડે. આમ, પવનનું સ્વાગત કરવા માટે પતંગ ચડાવવાની પરંપરા આ તહેવાર સાથે જોડાણી. પતંગ ચડાવતાં ચડાવતાં આ બધી ખાદ્ય-ચીજો લેતાં જવાની અને મજા માણવાની. આનાથી શરીરને તૈલી પદાર્થ અને સૂર્યની ગરમી બન્ને પ્રાપ્ત થાય છે. આપણે સૌ ઉત્સવપ્રિય લોકો છીએ એટલે ગમે ત્યાંથી આવા પ્રકારનો નિર્દોષ આનંદ મેળવી લેવાનાં ગતકડાં શોધી કાઢીએ છીએ. પછીથી તેમાં દોષ સાથેના વિકાર ભળે છે તે એક પ્રકારનો વાઇરસ ગણાય!

## ૦૩. વિજ્ઞાન અને ટેકનોલૉજી

### સમય

**કાર્લો રોવેલી, અનુવાદ : છાયા ઉપાધ્યાય**

---

પદાર્થનું દળ તેની ગતિ પર અસર કરે છે, પ્રકાશની ઝડપ મર્યાદિત છે અને સમય સાપેક્ષ છે એમ આઇન્સ્ટાઇન દાદુને કહ્યે સો વર્ષ થઈ ગયાં. આ વાત પચાવતાં દુનિયાના દાદુ ભેજાંને એટલાં જ વર્ષ ગયાં.

એ વાત સમજવા આપણે પ્રયત્ન કરીએ. Let's see.

આપણા પૂર્વજો કરતાં આપણે- ઘડિયાળના કાંટા સાથે તાલ મિલાવનારા- સમયને જુદી રીતે જોઈએ છીએ અને 3G પછીની પેઢી, ડિજીટલ ઘડિયાળ 'જોતી' પેઢી સમયને જુદી રીતે જુએ છે.

ઘડિયાળ સમયને કઈ રીતે બતાવે છે?

(૧) કે બધાનો સમય એકસમાન હોય. જો તમારી ઘડિયાળ મારી ઘડિયાળ કરતાં જુદો સમય બતાવે તો કાં તો તમારી, કાં મારી કે પછી આપણા બંનેની ઘડિયાળ બગડેલી છે.

૨) કે સમયરેખા પર આપણે 'ક્યાં' છીએ.

જો ઘડિયાળના ચંદા ફરતે દોરી વીંટાળી તેને સીધી ગોઠવી દઈએ તો આપણને સમયરેખા મળે. જેના પર આપણે સમય આંકી શકીએ, સંખ્યા રેખાની જેમ. અત્યારે કેટલા વાગ્યા તે આપણો વર્તમાન. તેની એક તરફ ભૂતકાળ, બીજી તરફ ભવિષ્ય. ઘડિયાફ આપણને બતાવે છે કે કેટલો ભૂતકાળ આપણે પાછળ મૂક્યો.

ઘડિયાળ એ સતત વહેતા સમયનું પ્રતીક છે. આપણી અથવા તો બ્રહ્માંડના કોઈપણ પદાર્થથી દખલ પામ્યા વગર સમય સતત વહેતો રહે છે. ફિલોસોફિકલ લાગતું આ વિધાન ન્યુટનનું છે. ન્યુટન માનતા કે સમય અવકાશમાં વહેતો પ્રવાહ છે. ન્યુટનનું અવકાશ ખાલી હતું, શૂન્ય. આઇન્સ્ટાઇનનું નહીં. આઇન્સ્ટાઇનનું કહેવું હતું કે સમય અવકાશમાં સતત વહે છે ત્યાં સુધી વડીલ સાથે સંમત, પણ અવકાશ પોતે તો ગુરુત્વાકર્ષીય ક્ષેત્ર છે, એટલે કે તે ખાલી નથી. આઇન્સ્ટાઇન અવકાશ-સમયને સ્પેસ+ટાઈમ તરીકે જોતા હતા.

તો, સમય એટલે શું?

આપણા પૂર્વજોએ તારવેલું કે સમય એટલે ઘટેલી ઘટનાનો ક્રમ. એકમ, બીજ-ચંદ્ર કળાઓ. ભૂતકાળથી અહીં સુધીનું અંતર સૂચવતો અંક. 3G પેઢી પણ સમયને એક અંક, ડિજીટલ કૂદકા તરીકે જુએ છે- ૧:૫૯થી ૨:૦૦, એમ.

સમયને તેના ગુણધર્મો વડે પણ ઓળખી શકાય. સમયનો એક ગુણધર્મ છે કે તેમાં ભૂતકાળ અને ભવિષ્ય જુદા છે. પેલી સમયરેખા પર આપણે વર્તમાન ક્ષણે ઊભા હોઈએ તો આપણી પાછળ છૂટેલો ભૂતકાળ છે- એક કલાક પહેલાંનો, એક દિવસ/મહિનો/વર્ષ... છેક બિગ બેંગ સુધીનો. આપણી આગળ છે ભવિષ્ય- નજીકનું, થોડે દૂરનું, ખૂબ દૂરનું.

ભૂતકાળ અને ભવિષ્યને આપણે આ રીતે ઓળખીએ છીએઃ ભૂતકાળ તેની નિશાની છોડી જાય છે- ચંદ્ર પરના ખાડા, ચહેરા પરની રેખાઓ, આપણી યાદો, સ્મૃતિ વગેરે. ભવિષ્ય અજાણ છે, કોઈ નિશાની કે સંકેત વગરનું.

બાળક તરીકે મને એક પ્રશ્ન થતો અને જે મારા અભ્યાસ તેમજ કામનો એક ભાગ છે, તે છે, ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્ય ઍક્ઝેટલી ક્યાં છૂટા પડે?

મિકેનિક્સ, થર્મોડાયનેમિક્સ, સ્ટાન્ડર્ડ મૉડલ ઑફ ફીઝિક્સ, જનરલ રિલેટીવિટી, ક્વૉન્ટમ ફીઝિક્સના

નિયમોમાં ક્યાંય આનો જવાબ નથી.

ભૌતિકશાસ્ત્રની તમામ પાયાની થિયરીઝમાં એ ભેદ સૂચવે તેવું કશું જડતું નથી.

એક જગ્યાએ છે : થર્મોડાયનેમિક્સ. તેનો એક નિયમ ઍન્ટ્રોપી - અવ્યવસ્થાનું પ્રમાણ.

થર્મોડાયનેમિક્સનો બીજો નિયમ છે : ઍન્ટ્રોપી ભવિષ્યમાં વધે છે.

આપણો અનુભવ છે કે ભૂતકાળમાં અમુક વ્યવસ્થા હતી અને તેમાં ક્રમશઃ વધુને વધુ અવ્યવસ્થા આવતી ગઈ અહીં સુધી પહોંચવામાં અને ભવિષ્યમાં તે વધશે. બિગ બેંગ વખતે બ્રહ્માંડ અમુક રીતે ગોઠવાયેલું હતું, જે ગોઠવણ ખોરવાતી ગઈ અને બ્રહ્માંડ 'વિકસ્યું' અને ભવિષ્યમાં તેની અવ્યવસ્થા વધવાની છે.

એવું કેમ?

ભૂતકાળ કેમ વ્યવસ્થિત હતું?

કોણે તેને વ્યવસ્થિત ગોઠવ્યું?

વ્યવસ્થા એટલે શું?

ધારોકે, એક ખોખામાં એક બાજુ કેટલાક લાલ અને બીજી બાજુ કેટલાક લીલા દડા ગોઠવેલા છે. તે વખતે તે ઘટનાની ઍન્ટ્રોપી શૂન્ય હશે. તે ખોખાને હલાવીએ તો દડા ભેગા થઈ જશે, અવ્યવસ્થા સર્જાશે, ઍન્ટ્રોપી વધશે. પણ, આપણો એક મિત્ર રંગઅંધ છે, તો? લાલ -લીલા રંગનો ભેદ પારખવા અક્ષમ તેની નજર કઈ સ્થિતિને વ્યવસ્થા-અવ્યવસ્થા કહેશે?

ધારો કે, આપણા તે મિત્રની આંખ કદ પારખવામાં અતિશય કુશળ છે; કદનો સૂક્ષ્મ તફાવત તે પકડી પાડે છે. હવે, જો આપણા લાલ-લીલા દડાના કદમાં સૂક્ષ્મ તફાવત છે, તો એક તરફ લાલ અને બીજી તરફ લીલા એવી 'વ્યવસ્થા' તેની દૃષ્ટિએ અવ્યવસ્થા ઠરશે ને!

થર્મોડાયનેમિક્સના બીજા નિયમને બૉલ્ટ્ઝમૅ બરાબર સમજ્યા. તેમણે કહ્યું કે "આ નિયમ સ્થિતિસૂચક અંક - statestical છે, તેની ગણતરી કરી શકાય." તેમના કહેવા પ્રમાણે ઍન્ટ્રોપી એટલે યાંત્રિક પદાર્થો કઈ રીતે અવ્યવસ્થિત છે તેનું માપન, તે મૂળભૂત સ્થિતિ કે પ્રમાણ નથી.

એટલે કે, ઍન્ટ્રોપી ઉપર ઘણા બધાં પરિબળો અસર કરે છે.

ટેબલ પર એક કૂકરીને ધક્કો મારતાં તે આગળ ખસે છે અને એક હદ પછી અટકી જાય છે અને તે આપોઆપ મૂળ જગ્યા તરફ પાછી જતી નથી. આ ઉલટાવી ના શકાય તેવો ફેરફાર છે. કૂકરીની ગતિ, તેથી ઊભું થયેલું ઘર્ષણ કૂકરી અને ટેબલના અણુઓને ઉષ્મા આપે છે. જેથી તે અણુ કંપે છે અને તેમની વ્યવસ્થા ખોરવાય છે. અમુક પ્રકારની વ્યવસ્થામાં રહેલા કૂકરી અને ટેબલના અણુઓમાં અવ્યવસ્થા ઊભી થાય છે.

અણુઓનું નવું ઉષ્ણતામાન જ ભૂત-ભવિષ્ય નક્કી કરે છે. જો ઉષ્મા નથી, ઉષ્ણતામાન નથી, તો સમય માપી પણ શકાતો નથી. કૂકરીને ટેબલ પર ધકેલી જુઓ, ઘર્ષણ વગર તે ખસશે જ નહીં.

આપણે આગળ જોયું કે સમય એટલે બદલાયેલી ઘટનાનો ક્રમાંક, ઘટના કે સ્થિતિમાં થયેલો ફેરફાર. અને બ્રહ્માંડમાં તો બધું બદલાતું રહે છે.

ભૌતિક શાસ્ત્રના મૂળભૂત સિદ્ધાંતોમાં, તેમના સૂત્રાત્મક વર્ણનમાં ચલ તરીકે સમય હોતો જ નથી. તમે જો ક્વૉન્ટમ ગ્રેવિટી(ક્વૉન્ટમ મિકેનિક્સ + જનરલ રીલેટીવીટી)માં કામ કરતા હો તો ડેલ્ટા t તેમાં હોતો જ નથી. કારણકે, તેમાં જેટલાં પરિબળો છે, તે બધાં પરિવર્તન પામે છે અને એટલે તે બધા જ ઘડિયાળ છે.

પણ, આપણા માટે તો સમય છે, એક સમયરેખા જેવો. આપણી પાસે તો ભૂતકાળ છે- તેની નિશાનીઓ, યાદો સહિત- અને ભવિષ્ય આવવાનું છે, આપણી આકાંક્ષાઓ સહિત.

ન્યુરો સાયન્સમાં થયેલા સંશોધનો કહે છે કે અસલી

ટાઈમ મશીન આપણું મગજ છે.

કેવી રીતે? આપણી આસપાસની ગૂંચવાડાભરી ઘટનાઓમાંથી કેટલીક ઘટનાઓ મગજ નિરંતર ગ્રહણ કરતું રહે છે. આપણે ભૂતકાળની નિશાનીઓ, સ્મૃતિઓ દ્વારા તે ઘટનાઓ સાથે જોડાયેલા રહીએ છીએ અને ધારણાઓ દ્વારા બીજી દિશા-ભવિષ્ય સાથે જોડાઈએ છીએ. આથી, સમય રેખા પર સ્મૃતિ અને ધારણા વચ્ચે મોકળો અવકાશ (સંખ્યા રેખા પર બે સંખ્યા વચ્ચે હોય તેવો) ઊભો થાય છે.

આપણે ભૂતકાળ કે ભવિષ્ય વિશે વિચારીએ છીએ ત્યારે આપણે કાંઈ ભૌતિક ભૂત-ભવિષ્ય વિશે નથી વિચારતા; આપણે ભૂતકાળની યાદો અને ભવિષ્યની ધારણાઓ વિશે વિચારીએ છીએ. એક વખત ખવાઈ ગયેલી કડવી કાકડીનો સ્વાદ આ પળે જીભ પર રમે છે ત્યારે જીભ પર કાકડી કે તેનો સ્વાદ ભૌતિક સ્વરૂપે છે જ નહીં, તેની સ્મૃતિ છે. પ્રેમિકા મને મળવા આવવાની છે તે પળની ધારણા પ્રેમિકાની ભૌતિક અનુપસ્થિતિમાંય મારા કાનની બૂટ લાલ કરી દે છે.

આવામાં, વાસ્તવિકતા કોને કહીશું?

થોડું ફંટાઈને એક-બે રોમાંચક વાતો કરીએ.

આઈન્સ્ટાઇન કહી ગયા કે પદાર્થનું દળ તેની ગતિ પર અસર કરે છે અને આપણે જોયું કે સમય એટલે ફેરફાર એટલે કે ગતિ, તાપમાનને કારણે આવેલો બદલાવ.

તો, જોડિયા ભાઈઓમાં એક જાડો છે અને એક પાતળો, તેમની ઉંમર સરખી ગણવી કે કેમ?

વળી, અવકાશમાં આપણી સ્થિતિ બદલાય તેની પણ સમય પર અસર થાય છે. જેમકે, એક ઘડિયાળને હાથમાં પકડી ઊંચે રાખું, બીજી ઘડિયાળ જમીન પર મૂકું અને જો તે બે ઘડિયાળ સારી ક્વૉલિટીની હશે, તો તે જુદો સમય બતાવશે. આપણે એવી ઍટોમિક ઘડીયાળ બનાવી ચૂક્યા છીએ જેમની ઊંચાઈમાં ૪૦-૫૦ સે.મી.નો ફેર પડે તો તે જુદો સમય બતાવે. આ સંજોગોમાં, જોડિયા બહેનોમાંથી એક, ધંધાર્થે વિમાન યાત્રાઓ કરતી હોય અને બીજી ગામમાં જ બેસી પેઢી સંભાળતી હોય તો તે બંનેની ઉંમર સરખી ગણવી કે? આપણું માથું આપણા પગ કરતાં વયવૃદ્ધ ગણવું કે?

જીપીએસ ગોઠવતી વખતે ફિઝીસીસ્ટ્સે કહ્યું કે અવકાશમાં ફરતા ઉપગ્રહ પર મૂકવાની ઘડિયાળ અને પૃથ્વી પરની ઘડિયાળનો સમય તેમ જ સંરચના જુદાં રાખવાં પડશે. અવકાશમાંની ઘડિયાળ ધીમી ચાલશે. અમેરિકન સૈન્ય અધિકારી માન્યા નહીં, જીપીએસ ધાર્યું પરિણામ આપી ના શક્યું.

અને એકસરખો સમય બતાવતી ઘડિયાળ થકી સમય સાથે તાલ મિલાવનારા આપણે જ્યારે 'અત્યારે' કહીએ છીએ ત્યારે? ધારોકે, તમે અને હું સામસામે બેસી વાત કરી રહ્યા છીએ; હું કહું છું, 'અત્યારે...', તમે મારો 'અત્યારે' તમારા 'અત્યારે 'તરીકે સ્વીકારી લો છો; પણ આપણે જાણીએ છીએ કે પ્રકાશ ચોક્કસ ઝડપે ગતિ કરે છે. એટલે કે, પ્રકાશના એક કિરણને અમુક અંતર કાપતાં અમુક સમય લાગે. એટલે કે, તમારા ચહેરા પરથી આવતા પ્રકાશ કિરણને મારી આંખ સુધી પહોંચવામાં કેટલીક નૅનો સૅકન્ડ થશે. એટલે કે, હું તમને અને તમે મને અમૂક નૅનો સૅકન્ડ જૂના જોઈએ છીએ, એટલે કે તમારો અને મારો 'અત્યારે' એક નથી.

ધારો કે, તમે ગુરુ પર છો. તો તમને હું ચાર કલાક જૂનો દેખાઈશ. પણ, તમે મને ચાહો છો એટલે તમે કોઈ ટેક્નૉલૉજીની મદદથી ગુરુના સમય કરતાં ચાર કલાક ભવિષ્યમાં રહો છો જેથી મને તમે મારા 'અત્યારે'માં દેખાવ. પણ, તે સંજોગોમાંય તમને જોનાર હું તો મારા ભવિષ્યમાં પહોંચી ગયો.

અને ધારો કે તમે બીજી આકાશગંગામાં છો, તો? ગૂંચવાડાભર્યું છે ને! આઇન્સ્ટાઇન તમારી સાથે સહમત થતા હતા. તેમના મતે 'સ્ટાન્ડર્ડ ટાઈમ' શક્ય નથી.

તો પછી, આપણે આપણી ઘડિયાળો ફગાવી દેવી?

ના. કારણકે, આપણે એક એવા પરપોટામાં છીએ

જેમાં એકંદરે સમય એકસરખો રહે છે. વળી, ઘડિયાળો આપણા દુન્વયી જીવનને જીવવામાં કામ પણ લાગે છે.

પેલો પરપોટો કયો?

આપણું મગજ સેકન્ડના દસમા ભાગના સમયને સમજી શકે છે; સંગીતકારનું મગજ એથીય ટૂંકા ગાળાને સમજવા સક્ષમ હોય છે. સેકન્ડના દસમા ભાગ જેટલા સમયના માપને ત્રિજ્યા ગણી તેનું વર્તુળ દોરીએ તો જે પરપોટો બને તે આપણી પૃથ્વી કરતાં ઘણો મોટો થાય; કારણકે સેકન્ડના દસમા ભાગ જેટલી પ્રકાશલંબાઈ ઘણું મોટું માપ થાય. {( ૨૯૯૭૯ ૨૪૫૮ m/જ)/૧૦= ૨૯૯૭૯ ૨૪૫.૮ m= ૨૯૯૭૯.૨૪૬ km; પૃથ્વીની ત્રિજ્યા ૬૩૭૧km}

આટલા પરપોટાના સમયને સ્થાનિક સમય કહી શકાય અને એકંદરે તે એકસરખો છે તેમ માની લેવાય.

જોકે, ભવિષ્યમાં આપણે સ્પેસ ટ્રાવેલ કરીશું ત્યારે પાછું આપણે ઘડિયાળ ગોઠવવું પડશે.

તો પછી આપણને, ન્યુટનની જેમ સમય એકધારો, કાંટાવાળી ઘડિયાળ બતાવે તેવો કેમ લાગે છે?

સમયનો ક્વૉન્ટમ એટલો નાનો ★ છે ($10^{44}$)કે તેના બે બિંદુ આપણે જુદા પાડી શકતા નથી અને એટલે તે આપણને સળંગ પ્રવાહ જેવો લાગે છે.

વળી, આપણે એકબીજાની સરખામણીમાં તીવ્ર ગતિ કરતા નથી. એટલે આપણે પ્રકાશની સૂક્ષ્મ આવનજાવન ગણકારતા નથી (આપણો 'અત્યારે' એક માનીએ છીએ.) અને એટલે આપણે સમયને નિશ્ચિત માપનો ગણવાને બદલે અમાપ, નિઃસીમ, સળંગ માની બેસીએ છીએ.

વળી, પૃથ્વી પર ગુરુત્વાકર્ષણ (સરખામણીમાં) અત્યંત નબળું છે. તેથી આપણે ત્યાં આઇન્સ્ટાઇનનો સ્પેસ-ટાઈમ સીધી રેખામાં છે, ચઢ-ઉતર(શૃંગ-ગર્ત) નથી. તેમ જ, આપણે એક પરપોટામાં છીએ, એટલે આપણે એક સમય વિશે વાત કરી શકીએ છીએ.

આપણે આપણા પરપોટામાં 'અત્યારે' કહી શકીએ. બ્રહ્માંડની ઘટનાઓમાં કેટલીક ઉષ્મીય સમાનતા હોય છે, પણ તેમનામાં ના તો કોઈ ક્રમિકતા (પહેલાં-પછી) હોય છે, ના તો કોઈ સામાન્ય 'અત્યારે'. બ્રહ્માંડના સ્તરે કોઈ 'અત્યારે' નથી.

ગાણિતિક સંકલ્પનાઓમાં અત્યારે કે પહેલાં-પછી નથી.

પાછા જઈએ મૂળ વાત પર, "વાસ્તવિકતા એટલે શું?"

ફિલોસૉફર્સ આ જ પ્રશ્ન પર સદીઓથી ચિંતન-મનન કરતા આવ્યા છે.

વાસ્તવિક સમય એટલે શું? હું બાળપણથી જે કાંઈ ભણ્યો, રાજાઓ વિશે, ફિઝિક્સ વિશે તે બધું મારા મગજમાં સ્મૃતિ રૂપે સચવાયેલું છે. તે બધું અત્યારે પણ મારી પાસે છે. તેમને વાસ્તવિક ગણવું કે?

અવકાશ, સ્થળ વગેરે ભૌતિક બાબતો વગર આપણે વાસ્તવિકતા વિશે વિચારી શકીએ છીએ. પણ, સમય વગર તેનો વિચાર કરવો મુશ્કેલ છે. આપણને ખબર જ નથી કે સમય વગર વાસ્તવિકતા વિશે વિચારવું કઈ રીતે શરૂ કરવું. એવું નથી કે સમય વગર વાસ્તવિકતાનો વિચાર કરી શકાતો નથી. (ક્વૉન્ટમ ગ્રેવિટીમાં સમય ચલ નથી) આપણે સમય વગર વાસ્તવિકતા વિચારી શકતા નથી.

આપણે સમયનું પસાર થવું, સમયનો પ્રવાહ મહસૂસ કરીએ છીએ આપણા મગજને કારણે. ઍન્ટ્રોપીના સરંજામ એવી ક્રિયાઓ અને તેની અસરનો ઉપયોગ આપણું મગજ સ્મૃતિઓ બનાવવામાં અને તે પરથી ગણતરી માંડીને ભવિષ્ય અને ભવિષ્યની ધારણા કરવા કરે છે.

આપણે, આપણું મગજ ભૂતકાળની વાર્તા કહેનારા અને ભવિષ્ય માટે કાંઈક યોજના ઘડનારા મશીન તરીકે ઉત્ક્રાંત થયા છે. છલકતી પ્રેરણાઓ, ભૂખ, તરસ, મહેચ્છાઓ, જિજ્ઞાસા, પ્રેમ, નફરત... તાર્કિક અસ્તિત્વ બનતાં પહેલાં આપણે એ બધું છીએ. આ વૃત્તિઓ જ આપણને ટકી જવા અને જીવનમાં આગળ વધવાનું જોમ પૂરું પાડે છે, કારણ કે ઉત્ક્રાંતિ ઇચ્છે છે કે આપણે એવા

બનીએ.

ભવિષ્ય ઊઘડતું હોય ત્યારે આપણે જે બાબતો ઇચ્છીએ છીએ તે સમય લાવી આપે છે. વળી, તે આપણને ઘણું છોડવાની ફરજ પાડે છે. આથી, સમય લાગણીથી રંગાયેલો છે. સમય લાગણી નિરપેક્ષ નથી

ભૂતકાળમાં ઍન્ટ્રોપી નહિવત્ હતી તેનો અર્થ એમ નથી કે બ્રહ્માંડ સુવ્યવસ્થિત હતું. એ તો આપણે એક ભૌતિક તંત્ર તરીકે, આપણા વિશિષ્ટ દૃષ્ટિકોણથી બ્રહ્માંડને એ રીતે જોઈએ છીએ, તેની સાથે એવી રીતે આંતરક્રિયા કરીએ છીએ(કે આપણને ભૂતકાળ પ્રમાણમાં વ્યવસ્થિત લાગે છે)

ધારો કે તમારા હાથમાં પત્તાં છે. તમે તે જોયાં અને તેની ગોઠવણ યાદ રાખી. હવે તે પત્તાં ચીપી દઈએ તો પેલી ગોઠવણ રહેતી નથી. પણ, તમે જે યાદ રાખેલી તે ગોઠવણ તમારા માટે ખાસ છે. કેમ કે, તે તમે નક્કી કરેલી.

ટૂંકમાં, આપણે બ્રહ્માંડના એવા અંશ છીએ જે બ્રહ્માંડ સાથે એ રીતે આંતરક્રિયા કરે છે કે ભૂતકાળ આપણને વ્યવસ્થિત ગોઠવાયેલો લાગે છે.

વ્યવસ્થા જોનારની આંખમાં છે, વસ્તુમાં (અને સ્થિતિમાં) તે નિહિત નથી. (લાલ-લીલા દડા)

અહીં બ્રહ્માંડ ખાસ નથી, બ્રહ્માંડના અંશો, આપણે ખાસ છીએ. મને લાગે છે કે ભૂત-ભવિષ્યને છૂટાં પાડનાર એક તત્ત્વ આ હોઈ શકે છે.

હું, મારા કેટલાક સાથી ફિઝીસિસ્ટ અને કેટલાક દાર્શનિક એવા તારણ પર પહોંચ્યા છીએ કે સમય પસાર થવાની, સમય વહ્યાની આપણને જે સ્પષ્ટ અનુભૂતિ છે તેનું કારણ ક્વૉન્ટમ ગ્રેવીટી, જનરલ રીલેટીવીટી, ક્વૉન્ટમ મિકેનિક્સ, થર્મોડાયનેમિક્સમાં નહીં પણ જે રીતે, આપણું મગજ કામ કરે છે તેમાં રહેલું છે.

સમયને જાણવા બ્રહ્માંડના ઉષ્મીય બંધારણ કરતાં આપણા મગજને જોવું વધારે જરૂરી છે.

બુદ્ધિઝમ મુજબ, (૧) જીવન દુઃખમય છે અને (૨) આપણે અનિત્યને સંભાળી, સમજી શકતા નથી એટલે દુઃખી થઈએ છીએ. દુઃખનું મૂળ સમય વિશેની આપણી સમજમાં રહેલું છે.

સમયનું આ લાગણીભીનું પાસું ઝાકળનું એવું આવરણ છે જે આપણને સમયનો અસલ સ્વભાવ જોવા દેતું નથી. આપણે પોતાને ગૂંચવી રહ્યા છીએ કારણકે, આ લાગણી મઢ્યો સમય જ આપણા માટે સમય છે.

આપણા માટે સમય એટલે જગતની ઘટનાઓ સાથેનું આપણું લાગણીભર્યું જોડાણ, જે પસાર થઈ જાય છે, વહી જાય છે, જે આપણે ગુમાવીએ છીએ, જે ગુમાવવાની ધારણા આપણને સતાવે છે. સમયને આપણે આમ સંવેદીએ છીએ. આપણા માટે સમય એક પરિમાણીય બિંદુ નથી; થર્મોડાયનેમિક્સ, દુનિયા સાથેનો આપણો ખાસ સંબંધ, ભવિષ્ય માટેની આપણી ધારણાઓ, લાગણીઓથી સિંચાયેલું આપણું મગજ અને આ બધા સ્તરોની સાગમટી સંકુલ સ્થિતિને આપણે સમય તરીકે અનુભવીએ છીએ. આપણી બહાર, મગજને ગણતરીમાં લીધા વગર બ્રહ્માંડની ભૌતિકીના અભ્યાસમાં જેમ આગળ વધતા જઈએ, સમય સંબંધી મુદ્દા ખરતા જાય છે, ઉષ્ણતામાન નબળું પડતું જાય છે, સમયની સમજમાં કશી ચૂક રહી જાય છે.

સમય વિશેની લાગણી એ આપણા માટે સમય છે.

- કાર્લો રોવેલી (ફિઝીસિસ્ટ, 'ઑર્ડર ઑફ ટાઇમ'ના લેખક)

★ન્યુટનના ગુરુત્વાકર્ષણ g, પ્લાનકના અચળાક h અને પ્રકાશની ઝડપ c પરથી સમયનું સાર્થક લઘુત્તમ મૂલ્ય નક્કી કરવામાં આવ્યું છે. તેના વધુ નાના ટૂકડા શક્ય નથી, જેમ મૂળભૂત પરમાણુના ટુકડા શક્ય નથી.

**પ્રોજેક્ટ અનુભૂતિ :વિચારબીજ**

**મૌસમી શુક્લા**

---

વાત તો બસ વાતાવરણ-માહોલ રચવાની છે!! ઉમાશંકર જોશી જ્યારે વિદ્યાર્થીઓને ભણાવતા હશે કે થોડાં વર્ષો પૂર્વે વિદ્યાર્થીઓ શાંતિ નિકેતનમાં ભણતા હશે તે કેવો માહોલ હશે તે સહેજે વિચાર આવે!! અને આ વિચાર આવે ત્યારે એક આખી પેઢી-એક વારસો લગભગ લુપ્ત થવાને આરે હોય તેવું લાગે!!

તદ્દન અણઘડ રીતે ગુજરાતી ભાષા બોલતા અને આજની તારીખે પણ onionનો ઉચ્ચાર ઓનીયન કરતી એક ગુજલીશ પેઢી તૈયાર થઈ રહી છે-જે દુઃખદ છે!!

સંગીત—સાહિત્ય, નૃત્ય-કલા માટે ઘરમાં જે કુદરતી વાતાવરણ હતું તે કદાચ ડિઝિટલ ક્રાંતિએ ભુલાવી દીધું છે. બદલાતા સમય સાથે ભલે યુવા પેઢી ભલે ટાગોર, શરદબાબુ કે મેઘાણી ન વાંચે, મહાદેવી વર્મા કે મહાશ્વેતા દેવી ન વાંચે, Rilke-Kafkaને પણ ન વાંચે પણ કાંઈક તો intellectual discussionનો માહોલ હોય!! તેની ઉણપ વર્તાઈ રહી છે.

વિચારવાનો-પ્રશ્નો કરવાનો-શીખવાનો એક માહોલ જ જાણે મોબાઇલ-સોશિયલ મીડિયાના યુગમાં હોમાઈ જશે તેવું લાગે છે!!

આ વાતાવરણ ઊભું કરવાની જવાબદારી માતા પિતા-શિક્ષકોની. આ બાબતે આપણે સૌ ચોક્કસ પાછા પડી રહ્યા છીએ.

ગુજરાતી સાહિત્યનું ભાવિ? તે ચર્ચા પણ અસ્થાને છે!! કેવા ભવ્ય કાવ્ય-વાર્તાનો વારસો છે તોયે આખી આ પેઢી શું ઉમાશંકર જોશી, કાન્ત, મકરંદભાઈ, રમેશ પારેખ, ઉશનસ, જયંત પાઠકની કૃતિથી વંચિત રહેશે?

અને આ સઘળા મનોમંથનને અંતે એક નાનકડો પ્રયાસ કરવાની જરૂરિયાત મહેસૂસ થઈ અને તેને પરિણામે અનુભૂતિ પ્રોજેક્ટની શરૂઆત થઈ.

અનુભૂતિનું વિશ્વ-શબ્દ અને સંવેદનનું વિશ્વઃ

આપણી પેઢીના ઘણા બધા લોકોના મનમાં સ્મૃતિ સચવાયેલી હશે-ઉનાળાની રજામાં દાદા-દાદી સાથે ગામડે રહેવાનું, આંગણામાં રાત્રિ સમયે તારા જોતાં જોતાં દાદીની વાર્તા સાંભળતા સાંભળતા સૂઈ જવાનું!!

આ જે પ્રેમાળ સ્પર્શ-ભાવના-સંવેદનાની આખી ઘટના છે એ કદાચ આ પેઢીનાં બાળકો સાથે બનવાની નથી!! તેવું જ મોટું નુકસાન થશે પુસ્તકો વાંચવા વિશે.

પરિવર્તન સૃષ્ટિનો સનાતન નિયમ છે, તેનો સ્વીકાર ચોક્કસ કરીએ પણ જે સારી બાબતો છે તે જાળવી રાખીએ તે જરૂરી છે. વાતાવરણ બદલાઈ રહ્યું છે. ગામડાં સુધી મોબાઇલ સુવિધા પહોંચી ગઈ છે અને આ બદલાતા વાતાવરણમાં દાદીમાની વાર્તાનું સ્થાન આ નાનકડા યંત્રએ લઈ લીધું છે. મોબાઇલ-ટેબ્લેટના સમયમાં પુસ્તકો 'હાથમાં લઈને વાંચવાની' આદત થોડા ઘણા અંશે પણ સાચવી શકીએ તો બહુ સારું!!

જરૂરી છે કે નાનપણથી બાળક ને કોઈક રીતે પુસ્તકના પરિચયમાં લાવવામાં આવે. બાળકના જન્મ સાથે તેનાં કપડાં, તેનાં રમકડાં જેવી વસ્તુની સાથેસાથે પુસ્તકો ચોક્કસ લેવાવાં જોઈએ. બાળક એક વાર પુસ્તકોને જોતું થાય, હાથ ફેરવતું થાય તોયે ઘણું!! પછીનું કામ તો આપોઆપ થઈ જાય!!

**પ્રથમ ડગલું :**

પ્રોજેક્ટ અનુભૂતિ અંતર્ગત દક્ષિણ ગુજરાતમાં ધરમપુર, કપરાડાના ગ્રામ્ય વિસ્તારના લગભગ ચારેક હજાર જેટલાં બાળકો સુધી પહોંચવાની કોશિશ કરવામાં

આવી.

પહેલા તબક્કામાં Pilot Studyના સ્વરૂપે દરેક ગામમાં ૨૦-૨૫ વાર્તાનાં પુસ્તકો પહોંચાડ્યાં. આનો ઉદ્દેશ્ય બાળકો શી રીતે પુસ્તકોને respond કરે તે જોવાનું હતું. (Concept Courtesy : Sugata Mitra's Hole in the Wall project).

અને ખરેખર બાળકોએ પુસ્તકો સાથે સંબંધ જોડવાનું શરૂ કર્યું! એકવાર તે થયા પછી જરૂરી હતું થોડી પ્રવૃત્તિઓ કરાવવાનું, જેમાં સ્ટોરી બુકનો વપરાશ જુદી જુદી રીતે થઈ શકે જેમ કે :

- બાળકો એકલા બેસી પોતાની જાતે વાંચે.
- ગ્રુપ રીડિંગ કરે.
- એક બાળક વાર્તા કહે અને બીજા સાંભળે.
- વાર્તા કથન પછી વિવિધ રીતે પ્રશ્નો દ્વારા તેનું એનાલિસિસ કરે.
- બહુ જાણીતી વાર્તા હોય તેને બીજી કઈ રીતે કલ્પી શકાય તેની ચર્ચા કરે (જેમ કે, હંમેશા કાગડાના મોઢામાંથી પુરી પડી જાય તેવું જરૂરી નથી. તે પુરી તેના માળામાં મૂકી કા..કા...નું સંગીત સંભળાવી શકે!!)

**પુસ્તકો ની સૃષ્ટિ :**

આ પ્રોજેક્ટ માટે પુસ્તકોનું ચયન પણ કાળજીપૂર્વક કરવામાં આવ્યું. શા માટે પેઢી દર પેઢી આપણે ખાટી દ્રાક્ષ કે વાધ આવ્યો રે વાધ ની જ વાત કરીએ? બાળકોને કાંઈક નવીન ન આપી શકાય?

આ માટે પ્રથમ અને એકલવ્ય પ્રકાશનનાં પુસ્તકો લેવામાં આવ્યાં, જેમાં બાળકોને કલ્પના સૃષ્ટિમાં લઈ જતી વાર્તાઓ છે, વિજ્ઞાન ને સરળતાથી સમજાવતી વાર્તાઓ છે, રંગમંચનો ડર જેવી બાળમાનસને સ્પર્શતી વાત પણ છે!

સાથે સાથે અંતરિયાળ ગામમાં રહેતું બાળક પંચતંત્રની વાતો, તેનાલીરામન કે પરીકથાથી પણ વંચિત ન રહી જાય તેનું ધ્યાન રાખવામાં આવ્યું. કિશોરો માટે કોનટિકિ, તેબેટની ભીતરમાં જેવાં પુસ્તકો પણ લેવામાં આવ્યાં, અનાડા પ્રકાશનના એનસાયક્લોપીડિયા તો ખૂબ જ સરસ-બાળકોને ગમી જાય તેવા!

આજની પેઢી મિયાં ફુસકી-તભા ભટ્ટ, બકોર પટેલથી વંચિત રહી જાય તે શી રીતે ચાલે? તેથી બાળકોને આ વાર્તાઓની સાથે સાથે જાપાનિઝ પરીકથા, જાતક કથાઓ, ગિજુભાઈની વાર્તાઓ પણ આપવામાં આવી!!

**યાત્રાની શરૂઆત :**

આ Phase પછી હવે અમે એક નવી પહેલ કરવા જઈ રહ્યા છીએ, જેનો ઉદ્દેશ્ય વધુ બાળકો સુધી પહોંચી શકાય તે તો છે જ; પરંતુ તેથી પણ વધુ જરૂરી છે બાળકો માટે તેમને મનગમતાં પુસ્તકોનો સંચય ઊભો કરવો, જેમાં ઉત્તમ બાળસાહિત્ય હોય, કિશોરો માટેની વાચન સામગ્રી હોય, વાર્તા, ઉખાણાં, લોકગીત અને કહેવતોના સંગ્રહ પણ પણ હોય.

એક એવી જગ્યા હોય કે જ્યાં વિસરાતું જતું સાહિત્ય સર્જન આવનારી પેઢી માટે સાચવી શકાય. આ પેઢીને તે સાહિત્યવિશ્વમાં આંગળી ઝાલીને હળવેથી લાવી શકાય.

**સહભાગિતા :**

બાળકોને ઉત્તમ સાહિત્ય મળે અને તેઓ આપણા સાહિત્યના વરસા સાથે જોડાયેલા રહે તે પ્રયાસમાં સહભાગી બનવા આપને નિમંત્રણ છે.

આ પ્રશ્નનો જવાબ આપીને આપ અમને મદદરૂપ થઈ શકો છો.

પ્રશ્ન : તમારી દૃષ્ટિએ કયાં પુસ્તકો બાળકો-કિશોરોની લાયબ્રેરીમાં હોવા જોઈએ?

આ પુસ્તકોની યાદી બનાવી આપ mosami_shukla@atulfoundation.org પર મોકલી શકોછો.

ઋણ સ્વીકાર :

- ARCH (Action Research in Community Health and Development), ધરમપુર
- લોકમિલાપ - શ્રી ગોપાલ ભાઈ મેઘાણી, ભાવનગર
- બુક પ્રથા - શ્રી નીરજભાઈ મેઘાણી, ભાવનગર

**જાળી કમ્પોસ્ટ**
**યોગેશ પાઠક**

---

૨૫ બાય ૭૫ મીટરનું કમ્પાઉન્ડ બનાવવું. જેમાં પાણી જોઈએ ત્યારે અને તેટલું મળી રહે તે માટે પાણીનું કનેક્શન હોય તો સારું. ૨૦૦ લીટરનું બેરલ, ૧૦ કિલો કેપેસીટીના ૨ તગારાં, ૧ દંતાલી, પાણી છાંટવા ડોલ અને ટમલર તેમ જ ભરાયેલ જાળી કમ્પોસ્ટને ઢાંકવા માટે ૨૦ બાય ૨૦ મીટરના પ્લાસ્ટિક શીટની જરૂર રહેશે. ૨ મજુર.

કમ્પાઉન્ડમાં સૂકા, લીલા ચાફ કરેલા ટુકડા તેમ જ તાજું ગોબર એકત્રિત કરવું.

૪ ફૂટ અથવા ૧.૨ મીટરની પહોળાઈવાળી અને ૪ ફૂટ અથવા ૧.૨ મીટર વ્યાસ બને તે રીતે ગોળાકારમાં જાળીને ગોઠવવી.

આ જાળીમાં પ્રથમ જમીન પર પાણી છાંટવું. તે બાદ સૂકા કચરાના ટુકડા ૯ તગારાં, લીલા કચરાના ટુકડાના ૬ તગારાં, તેમ જ ગોબરનાં ૩ તગારાં વાર ફરતી અને ઉપરાઉપરી પાથરવા. આ દરેક કચરાના થર પર પાણી છાંટતા જવું. અહીં ધ્યાન એ રાખવું કે પાણી પોતાની જાતે બહાર ન નીકળે ત્યાં સુધી પાણી છાંટવું. આ પ્રમાણે વારંવાર ઉપર મુજબ વારાફરતી કચરાના લેયર કરતાં જઈ નીચે મુજબ બાંધી દેવું. આ કામમાં ૨થી ૩ કલાકનો સમય થશે. ત્યાર બાદ ૪ દિવસ... ૬ દિવસ... ૮ દિવસ... ૧૦ દિવસ... ૧૨ દિવસ... ૧૪ દિવસ... ૧૬ દિવસ... ૧૮ દિવસ... એમ ઉપર મુજબનાં દિવસે જાળીમાંના જથ્થાને પલટાવવાનું ગોઠવવું અને જરૂરી માત્રામાં પાણી ફેરવવાની વૈજ્ઞાનિક પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે.

૪૫૦ સેન્ટીગ્રેડ થી ૬૦૦ સેન્ટીગ્રેડ સુધી તાપમાન વધે છે. આગળ જતાં ધીમે ધીમે તાપમાન વધે છે. આ જથ્થામાં કોણી સુધી હાથથી ખાડો કરીને તપાસતા આંગળીઓ દાઝે છે અને તે જગ્યાએ આંગળી ન રાખી શકીએ તેટલી ગરમી પેદા થાય છે.

બીજી બાજુ આ જથ્થાને મુઠ્ઠીમાં લઈને નીચોવવાથી પાણીનાં ૬થી ૮ ટીપાં નીચે પડે તો યોગ્ય માત્રામાં મોઈશ્ચર છે તેમ માનવું. અહીં ઉષ્ણતામાન અને મોઈશ્ચર યોગ્ય માત્રામાં ગુણવત્તાવાળું અને સમયસર કમ્પોસ્ટ બનાવવા માટે જરૂરી છે.

સામાન્ય રીતે ૧૮થી ૨૦ દિવસે કમ્પોસ્ટ તૈયાર થઈ જાય છે. તેનો કલર રાખોડી હોય છે. અને ખેતી માટે વાપરવા યોગ્ય બને છે. તેમાં જરૂરી ભેજની માત્રા રાખવી જોઈએ. આ જથ્થો અંદાજે ૪૦૦થી ૫૦૦ કિલોગ્રામ હોય તો આ કમ્પોસ્ટમાં નીચે મુજબ પોષક તત્ત્વો હોય છે.

| | | |
|---|---|---|
| ૧. | કાર્બન-નાઈટ્રોજનનો રેશિયો | - ૧:૨૦ અથવા ૧:૩૦ |
| ૨. | નાઈટ્રોજન | - ૧.૫૦ ટકા |
| ૩. | ફોસ્ફરસ | - ૧.૨૫ ટકા |
| ૪. | પોટાશ | - ૧.૦૦ ટકા |

આમ, સ્વચ્છ ભારત-શ્રેષ્ઠ ભારતની વડાપ્રધાનશ્રીની સ્વપ્રીલ અને દેશને સુઘડ અને સમૃદ્ધ બનાવનારી આ યોજનાથી વેસ્ટ મેનેજમેન્ટ કરીને સસ્ટેનેબલ અને કેમિકલ ફ્રી - ઓર્ગેનિક ફૂડ મેળવીને તન, મન, ધન અને ધરતીને સમૃદ્ધ અને ક્ષમતાવાન બનાવવાનું મૂલ્યવાન અને રોજગાર સર્જનનું કામ થઈ શકે છે.

## ૦૬. અભિવ્યક્તિ

**લઘુકથા**
**ફિરોઝ હસ્નાણી**

---

**...ઘા...**

જોરૂભાની જીપ વાડીના ઝાંપા પાસે આવીને ઊભી રહી. તે સીધા વાડીની ઓરડીમાં ગયા. એક યુવાન હજુ ટૂંટિયું વાળીને કણસતો પડયો હતો. તેના દેખાવ પરથી લાગતું હતું કે માણસોએ ખૂબ જ ઢોર માર માર્યો હતો. તેણે બાજુમાં ઊભેલા એના માણસ કાળુને કહ્યું, 'એલાવ ગોલકીનાવ, અટલો મરાતો હશે. આ તમારો ડોસો મરી ગયો હોત તો!'!

'પણ બાપુ હું કરીએ, બાજરીનો ઊભો ભાગ વાઢી ચોરવા આવેલ.'

'કેટલા જણ હતા?'

'ત્રયણ હતા, બાપુ. આ ગોલકીનો પકડાય ગયો.'

'રઘલો ને માવજી કયાં ગુડાણા?'

'ઈ ઓલાવ બેની વાંહે ગયા સે.' ત્યાં પેલા જુવાને ઉંહકારો કર્યો. 'પાણી'. બસ એટલું બોલ્યો.

બાપુ બોલ્યા, 'પા, એને પાણી પા. નહીંતર તરસ્યો મરસે.' કાળુએ જુવાનને બેઠો કરી પાણી પાયું. જોરૂભાની નજર જુવાનના ચહેરા પર ગઈ. બાપુ એકીટશે જુવાનનું મોઢુ જોવા લાગ્યા. તેમને કાંઈક અણસાર આવવા લાગ્યો. પછી નિસાસો નાખ્યો. બાપુને કોઈ વારસદાર ન હતો. જો હોત તો આ જુવાન જેવડો જ હોત. બાપુએ બીડી સળગાવી. બીડીના ધુમાડા સાથે તેમના દુ:ખનો પણ ધુમાડો થઈ ગયો. ત્યાં રઘલો ને તેનો સાથી આવી ગયા. બાપુને જોઈને બોલ્યા, 'બાપુ, બીજા હાળા હાથ ન લાગ્યા. નહિતર છોતરાં કાઢી નાખત.'

'ઠીક હવે, એ પછીની વાત છે. આનુ હું કરવું?'

'હું હું કરવું! જમાદારને બોલાવી આપી દો.'

'ઠીક, અતારે તઈ તમે લોકો જાવ. મેડીએ નાસ્તો કરીને આવો. આ ગોલકીના હારૂ લેતા આવજો. પછી જોયું જશે.' બાપુએ ખાટલામાં લંબાવ્યું. બધા ખાલી ઓરડી વાસીને ગયા. થોડી વાર થઈ હશે ત્યાં એક બાઈ, ઘૂમટો કાઢેલ હતો, તે આવી બાપુના ખાટલા સામે ઊભી.

'કોણ બુન, તમારે કોનું કામ શે?'

'જોરૂભાનું મારે કામ છે.'

અવાજ સાંભળી બાપુ એક ઝાટકે બેઠા થઈ ગયા. તેમને અવાજ જાણીતો લાગ્યો. તરત જ બોલી ઊઠ્યા, 'જીવી, તું?'

'હા, જોરૂભા હું.' કહી જીવી ઘુમટો હટાવી ને બોલી.

'જીવી, આટલા વરહે તું દેખાણી. કયાં હતી તું?'

'જોરૂભા, મને તો રમાડીને તમે રેઢી મૂકી દીધી'તી. મારા બાપને માથે ચોરીનો આરોપ મૂક્યો તમે. એણે એનું જીવન ટૂંકાવી નાખ્યું. પણ હું બે જીવ લઈને કયાં જાવ?' કહી જીવી રોવા લાગી.

'એટલે?'

'મારા પેટમાં તમારું...'

હજુ જીવી કાંઈ બોલે ત્યાં ઓરડીમાંથી કાનો હાથમાં કુહાડી લઈ જોરૂભા પર વાર કરવા હાથ ઉગામે છે. ત્યાં જીવીએ વચ્ચે હાથ નાખ્યો. કુહાડી જીવીના હાથમાં વાગી. જીવી બોલી ઊઠી, 'રેવા દે કાના, ઈ તારા બાપુ છે.'

## ૦૬. અભિવ્યક્તિ

**શિશિર ઋતુના આહાર-વિહાર**
**વૈદ્ય પ્રદીપભાઈ આસ્તિક**

---

શિયાળાના ચાર માસમાં કારતક અને માગશર માસ હેમંત ઋતુના તો પોષ અને મહા માસ શિશિર ઋતુના છે. હેમંત કરતાં પણ શિશિર ઋતુમાં વધુ કડકડતી ઠંડી પડે છે. હવામાન પણ વધુ સૂકું બને છે. તીવ્ર ઠંડી અને સૂકા હવામાનના લીધે માનવ શરીરના દરેક અંગો અને માસપેશીઓ સંકોચાય છે. પરિણામે આ ઋતુમાં સાંધા જકડાઈ જવાના અને વાના દર્દીઓ વધુ જોવા મળે છે.

શિશિર ઋતુનું સૂકું હવામાન અને કડકડતી ઠંડીના લીધે સ્વસ્થ રહેવા ઇચ્છતા સૌ કોઈએ સ્નેહયુક્ત અને શરીરને ઉષ્મા આપે તેવો આહાર લેવો જોઈએ. આથી જ આપણે ત્યાં શિયાળા દરમિયાન સુખડી, બદામપાક, કૌંચાપાક, અડદિયાપાક જેવા શરીરને ગરમી અને શક્તિ આપે તેવા પાકો બનાવી તેનું સેવન કરવામાં આવે છે. આર્થિક પછાત એવા લોકો પણ ગોળ-તલ-કોપરું જેવા આહાર દ્રવ્યોના સેવનથી નિરોગી રહી, શિશિર ઋતુમાં થતાં દર્દોથી દૂર રહી શકે છે.

આ ઋતુમાં રાત લાંબી હોય છે, એટલે સૌ કોઈએ સવારે વહેલા ઊઠવાની આદત કેળવવી, સવારે ઊઠ્યા બાદ શૌચકર્મ પતાવીને ખુલ્લી હવામાં ફરવા જવું અથવા તો પોતાની શક્તિ મુજબ આસન-પ્રાણાયમ કરવાં. પછી આખા શરીરે તલના તેલનું સારી રીતે માલિશ કરવું. ત્યાર બાદ ગરમ પાણીથી સ્નાન કરી. મધુર અમ્લ અને લવણ રસપ્રધાન ખાદ્ય પદાર્થોનો નાસ્તો કરવો.

વાયુકારક ખોરાક તેમ જ ઝડપથી પાચન થતાં આહાર દ્રવ્યો આ ઋતુમાં ન લેવાં.

આખા વર્ષની શક્તિ પ્રાપ્ત કરવા ઇચ્છતા લોકોએ શિશિર ઋતું દરમિયાન દશમૂલારિષ્ટ, અશ્વગંધારિષ્ટ, લોહાસવ, ચ્યવનપ્રાશ, કૌંચાપાક, અડદિયાપાક વગેરેનું સેવન કરવું.

આ ઋતુમાં સવારે સૂર્યના તડકામાં બેસવું, ખુલ્લા વાહનમાં લાંબી મુસાફરી ન કરવી. ઉપવાસ એકટાણાં ન કરવાં. જે લોકો ઉપર દર્શાવેલ પાકો કે ઔષધોનું સેવન ન કરી શકે તેમણે સૂંઠ-ગોળ અને ઘી મિશ્રિત લાડુડી નિયમિત સવારમાં લેવી.

## ૦૭. કલાવિથિકા

### ચરિત્રકાર રઘુવીર ચૌધરી
### કિરીટ દૂધાત

---

હાલના ગુજરાતી ચરિત્રસાહિત્યમાં એ લખનારાના કુટુંબીજનો વિશેના લેખો વધુ માત્રામાં જોવા મળે છે. રઘુવીર ચૌધરીનું ચરિત્ર સાહિત્ય આ બાબતે અલગ પડે છે. એ ધારે તો પોતાના સગાંવહાલાંઓનાં વ્યક્તિચિત્ર પણ લખી શકાય એવાં એ બધાંનાં વ્યક્તિત્વ છે. પરંતુ એમણે આ બધાંને પોતાની કથાસાહિત્યમાં સ્થાન આપ્યું છે. 'સહરાની ભવ્યતા' અને 'તિલક'ના બંને ભાગમાં જેમને સ્થાન મળ્યું છે એ બધાં અલગ અર્થમાં 'કુટુંબીજનો' છે; 'વસુધૈવ કુટુંબકમ'ના અર્થમાં. એટલે કે જાહેરજીવનનાં ગુજરાતીઓ. ઘરની ઓસરીમાં ઊભા રહીને અંદરના ઓરડામાં જોઈ શકાય અને બહારની વિશાળ દુનિયા તરફ નજર કરી શકાય. અહીં રઘુવીર પોતાની ઓસરીમાંથી વિશ્વને નિહાળી રહ્યા છે. તો એમને શું દેખાય છે ?

માણસ કોણ છે અને કેવો છે એ બીજાંઓ નક્કી કરી આપતા હોય છે. હું સારો છું કે ખરાબ એ નક્કી તમે કરી આપો છો. એ ન્યાયે ગુજરાતીઓ કોણ છે અને કેવા છે એ બીજી પ્રજાઓએ આપણને નક્કી કરી આપ્યું છે. એમણે કહ્યું છે કે, 'ગુજરાતી એટલે વેપારી પ્રજા, ગુજરાતી એટલે સંસ્કૃતિ કરતાં સંપત્તિને વધુ ચાહનારા, જેમની પ્રિય બુક બેંકની પાસબુક છે એવી પ્રજા' વિગેરે. પણ એમ તો સરદારજીઓ વિશે આપણે ત્યાં જોક્સ ક્યાં નથી ? એવું મારવાડીઓ વિશે પણ છે. આમ અન્ય પ્રજાની આંખે આપણે જેવા દેખાઈએ છીએ એવા જ હોઈશું એ વાત ધીમેધીમે આપણા મનમાં દૃઢ થઈ જાય છે. પરંતુ આ વ્યક્તિચિત્રો વાંચતાં આપણી એ માન્યતા તૂટે છે. ગુજરાતી તરીકે આપણી જાત વિશે ગૌરવ થાય એવા આ વ્યક્તિઓ છે. આ વ્યક્તિચિત્રો વાંચ્યા પછી આપણને પણ પોતાના વિશે ફરીથી વિચારવાની ફરજ પડે છે.

૧૯૯૮ સુધી આ ત્રણ પુસ્તકોમાં રઘુવીરે લેખો લખ્યા એની પૃષ્ઠ સંખ્યા એક હજારથી વધારે થવા જાય છે. જેમાં સમાજસેવીઓ અને અન્યો વિશે તિલક-૨માં ૧૧૬, તો ૮૬ જેટલા સાહિત્યકારો તિલક-૧માં અને 'સહરા...'માં ૨૫ એમ બધા થઈને ૨૨૭ જેટલા ગુજરાતીઓ અહીં છે. આ બધાને રઘુવીરે નજીકથી જોયા અને જાણ્યા છે, વધુમાં એમના નિમિત્તે જે બીજા ગુજરાતીઓના ઉલ્લેખ આવે છે એની સંખ્યા તો ગણી ગણાય એમ નથી. ચરિત્રકાર તરીકે એમનો વ્યાપ એટલો બૃહદ્ છે કે આટઆટલા વ્યક્તિઓનાં નામ પણ સાંભળ્યાં હોય એવા ગુજરાતી સર્જકો પણ જૂજ હશે. આ રીતે જોતાં આ ત્રણે પુસ્તકો વીસમી સદીના ગુજરાતના રાજકીય, સામાજિક અને સાહિત્યિક જીવનનો ઈતિહાસ છે. આ એક સાહિત્યકારે લખેલાં વ્યક્તિચિત્રો છે. એમાં કાલાનુક્રમી ઈતિહાસલેખનની ચુસ્ત શિસ્ત ભલે ન હોય પણ આ આપણા એક મોટા ગજાના સર્જકની કલમે લખાયેલો એવો ઈતિહાસ છે જે આપણને વીસમી સદીના ભુલાયેલા કાલખંડમાં લઈ જાય છે.

તો અહીં કોણ કોણ છે ? રણજિતરામના પુત્ર એવા અશોક મહેતા, વિશ્વ વિખ્યાત ફોટોગ્રાફરો અશ્વિન મહેતા, જગન મહેતા; જાહેરજીવનના ખેરખાંઓ ઈંદુલાલ યાજ્ઞિક, રવિશંકર મહારાજ, લલ્લુભાઈ શેઠ, પુરુષોત્તમ માવળંકર, નવલભાઈ શાહ, બાબુભાઈ જશભાઈ પટેલ, માધવસિંહ સોલંકી, રતુભાઈ અદાણી, એચ.એમ. પટેલ; લોકસેવક કરમશીભાઈ મકવાણા, નાગજીભાઈ દેસાઈ, બબલભાઈ મહેતા, ચુનીભાઈ વૈદ્ય છે. સંગીતકાર ક્ષેમુ દિવેટિયા, નિરુપમા-અજિત શેઠ, પરેશ ભટ્ટ અને પુરુષોત્તમ ઉપાધ્યાય છે. પત્રકારોમાં તુષાર ભટ્ટ, નરભેરામ સદાવ્રતી, નીરુભાઈ દેસાઈ, વાસુદેવ મહેતા છે. વિદ્યાપુરુષોમાં દિલાવરસિંહ

જાડેજા, ફિરોઝ દાવર, પીરઝાદા સાહેબ છે. ગરવા ગુજરાતી નારણ દેસાઈ છે, શ્રેષ્ઠીઓમાં પીડીલાઇટના બળવંત પારેખ, (કે જેની કંપની આજે પણ ૪૧૫ અબજની નેટવર્થ સાથે ભારતની અગ્રણી વીસ કંપનીમાં સ્થાન ધરાવે છે) શ્રેણિક કસ્તુરભાઈ (અને એ બહાને કસ્તુરભાઈ લાલભાઈ) છે. આર્કિટેક બાલકૃષ્ણ દોશી, ગુજરાતીઓમાં વાચનની રુચિ ઘડનારા એવા દંતકથારૂપ મહેન્દ્ર મેઘાણી; તો સાહિત્યના ભેખધારી વિજયરાય વૈદ્ય છે. રક્તપિત્તિયાઓની સેવા કરનારા સુરેશ સોની છે. મહિલાઓમાં હરિશ્ચંદ્ર બહેનો છે, સરિતા જોશી જેવાં અભિનેત્રી છે, રંજનબેન દલાલ છે, પર્વતારોહી નંદિની પંડ્યા તો પુરાતત્ત્વવિદ્ હસમુખ સાંકળિયા છે. વિશ્વવિખ્યાત ગણિતજ્ઞ પ્ર.ચૂ. વૈદ્ય છે. આ તો એક ઝલક માત્ર, બાકી તો નામ ગણાવતાં થાકી જઈએ એટએટલા મહાન ગુજરાતીઓ છે.

તો સાહિત્યકારોમાં કોણ નથી એ ગણવું સરળ પડે. પેટલીકર, ઉમાશંકર, કિશનસિંહ,મડિયા, જયંતી દલાલ, દર્શક, નગીનદાસ પારેખ, નિરંજન ભગત, પન્નાલાલ, પ્રિયકાંત મણિયાર, હરિવલ્લભ ભાયાણી, પ્રબોધ પંડિત, યશવંત શુક્લ, રાજેન્દ્ર શાહ, રાવજી પટેલ, અનંતરાય રાવલ, વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, પંડિત સુખલાલજી, સુંદરમ્, સુરેશ જોષી, સ્નેહરશ્મિ; આટલા તો 'સહરા...'માં છે. તો તિલકમાં ત્રેપન નહીં પણ ત્યાંસી+ત્રણ છે, થોડાંક નામ ગણાવું? લાભશંકર ઠાકર, સિતાંશુ યશચંદ્ર, આદિલ મન્સૂરી, ચિનુ મોદી, મનહર મોદી, અમૃત ઘાયલ, 'ઉશનસ', ગુલાબદાસ બ્રોકર, ચંદ્રકાંત બક્ષી, જયંત કોઠારી, જયંત પાઠક, જોસેફ મેકવાન, જ્યોતીન્દ્ર દવે, ધીરુબેન પટેલ, નલિન રાવળ, ફાધર વાલેસ, બરકત વિરાણી 'બેફામ', ભોળાભાઈ પટેલ, મકરંદ દવે, મધુ રાય (મધુ કહીએ તો રિસાઈ જાય છે એટલે એમને માનથી બોલાવવા પડે છે), મનોજ ખંડેરિયા, રમેશ પારેખ, , રા.શુ.( ભાવનગરમાં રાજેન્દ્ર શુક્લને રા.શુ. કહેવાનો રિવાજ છે), રતિલાલ બોરીસાગર, વિનોદ ભટ્ટ, વર્ષા અડાલજા, શિવકુમાર જોશી, શેખાદમ આબુવાલા, એસ.આર ભટ્ટ, સુરેશ દલાલ, સ્વામી આનંદ. ટૂંકમાં જેનાં જેનાં પણ નામ ભાષામાં ઓગળી ગયાં છે એ બધાં જ અહીં છે.

પણ આપણે જાણીએ છીએ કે ઇયત્તા એ ગુણવત્તાનું પ્રમાણ નથી. ઘણીવાર મલ્ટીસ્ટાર ફિલ્મો વધુ પડતા કલાકારોને લીધે જ નિષ્ફળ જાય છે. એટલે નામોનો જમાવડો કરવાથી કોઈ પુસ્તક વિશિષ્ટ બની જતું નથી. એમાં સત્ત્વ પણ હોવું જોઈએ. તો આ વ્યક્તિચિત્રોમાં એવું શું છે કે જે એને મૂલ્યવાન બનાવે છે?

પહેલું જોઈએ તો એમાં જણાવેલી હકીકતોની ચોકસાઈ. ગૂગલ પહેલાંના સમયમાં અહીં જેમના વિશે લખાયું છે એમની જન્મ તારીખ, જન્મ સ્થળ, પતિ-પત્નીનાં નામ, સંતાનોનાં નામ, આ બધાંના અભ્યાસ અને વ્યવસાયની વિગતો અને વ્યક્તિ દિવંગત હોય તો એની મૃત્યુ તારીખ, સ્થળ અને મૃત્યુનું કારણ. આ બધી વિગતો અહીં જેટલી ચોકસાઈથી નોંધવામાં આવી છે એટલી ભાગ્યે જ કોઈ ગુજરાતી પુસ્તકમાં જોવા મળે છે. એટલે આ ત્રણ પુસ્તકોમાં જે સાહિત્યકારની વિગતો આપેલી હોય તો તમે એના પર સંપૂર્ણ વિશ્વાસ રાખી શકો. કહીએ કે પ્રાથમિક માહિતી માટે કોશની જેમ ઉપયોગ કરી શકો.

બીજી વિશેષતા છે એનો વ્યાપ. અહીં પંડિત સુખલાલજી જેવા તત્વજ્ઞનું ચરિત્ર છે કે ગાંધીજીના ઉપદેશને જીવનમાં ઉતારીને એકેક ક્ષણ એ પ્રમાણે જીવતા રવિશંકર મહારાજનું ચરિત્ર પણ છે, તો 'નિરીક્ષક'ના એક સમયના વર્ગ ચારના કર્મચારી નામે 'દાનજી'નું ચરિત્ર પણ છે.

દાનજી એટલે આમ તો એક એવી વ્યક્તિ કે જે લાંબો સમય આપણી ચેમ્બરમાં રોકાય તો એને અધિકારીનો મિજાજ બતાવતા કહી શકાય કે 'બહાર જાવ' કે આ 'સાહેબને પાણી આપો' કે 'બે ચાનું કહી આવો.' પણ આવી વ્યક્તિને રઘુવીરની કલમનો સ્પર્શ થાય છે ત્યારે એક પટાવાળાને પણ માનવીય ગૌરવ પ્રાપ્ત થાય છે. મારી નજરે તિલક-રનાં ઉત્તમ ચરિત્રોમાં આ ચરિત્રનો સમાવેશ થાય. પહેલી નજરે જ વિશિષ્ટ લાગે એવું આ પાત્ર 'નિરીક્ષક'માં એક મહત્ત્વના કર્તાહર્તા છે એ હકીકત આ રીતે રજૂ થઈ છેઃ

'દાનજી આમ તો પટાવાળાનો પગાર લેતા હતા પણ તંત્રીની ગેરહાજરીમાં સામગ્રીની ગુણવત્તા વિશે પણ એ જ જવાબદાર રહેતા.' (૨/૧૪૯) એટલે કે આવાં સામયિકોમાં તંત્રી કે નિયમિત કોલમ લખનારાં વિના મૂલ્યે સેવા આપતા હોય ત્યાં સામગ્રીની બાબતમાં દોરીસંચાર કોના હાથમાં હોય એ તરફ ઇશારો છે. આગળ જતાં લખ્યું છે કે 'હું દાનજીથી ડરું, મોટાભાગે એ લેખ લેવા આવે પછી જ લખવા બેસું.'(૨/૧૫૦) દરમ્યાન દામજી શું કરે? 'અધ્યાપક—ખંડની બહાર મુનિની મુદ્રામાં બેસે. થાંભલા પાસે પોતાનું કમંડલ જેવું દફતર ટેકવે કે ક્યારેક અસ્થિપ્રધાન પીઠ ટેકવે. પણ બીડી ન પીએ. એમને ટેવ હતી પણ ગમે ત્યાં બેસીને બીડી પીવી એ એમના ગૌરવને અનુરૂપ નહીં હોય. અમારે ત્યાં ગુજરાત યુનિવર્સિટીના ભાષાશાસ્ત્ર ભવનમાં નિયામકશ્રીની ઑફિસ આગળ ટેબલ પર બેસીને એક પગ ઊંચે લઈને બીડી પીતા મુખ્ય પટાવાળાને ન જોઉં તે દિવસે મને કશુંક અસ્વાભાવિક લાગે છે.' (૨/૧૫૦) આ ફકરામાં આરીતે પ્રગટતા નર્મ મર્મ માણી લીધા પછી જુઓ લેખક between the lines શું કહી રહ્યા છે?

૧. દાનજી પટાવાળો હોવા છતાં શૈક્ષણિક સંસ્થામાં એની બેસવાની રીત સંસ્કારી નાગરિકની છે.

૨. કમંડલ જેવું દફતર એટલે આગળ પણ અન્ય લેખકો પાસે 'નિરીક્ષક'ના લેખો ઊભાઊભ લખાવી-વહોરીને આવ્યા છે.

૩. 'અસ્થિપ્રધાન પીઠ' એટલે કે 'નિરીક્ષક'માં જેટલા ખંતથી નોકરી કરે છે એના પ્રમાણમાં એટલો પગાર નથી કે ખાધેપીધે સુખી હોય એટલે શરીરમાં હાડકાં વધારે છે.

૪. જ્યાં ત્યાં બીડી ન પીવાય એમાં પોતાની જાત વિશેનો એક ગૌરવપદ ખ્યાલ પણ છે, જેને લેખક ભાષભવનના પટાવાળા સાથે વિરોધાવીને પણ સમર્થન આપે છે.

અને આ બહાર બેઠેલા આવા દાનજીને કોણ જોઈ રહ્યું છે? સમય વીતી ગયા પછી લખવા બેઠા છે એ લેખક કે જેમના હાથ અને મન કોઈ રાષ્ટ્રીય કટોકટીને વ્યક્ત કરવામાં રોકાયેલા છે પણ નજર એક નાના માણસની સૂક્ષ્મ હિલચાલ તરફ પણ છે. આ નજર ચરિત્રકાર રઘુવીરની છે.

રઘુવીર છેલ્લે લખે છે કે 'કોઈની પણ દયાથી જાતને બચાવી શકનાર દાનજી વિશે લઘુતાવાચક વિશેષણ વાપરતા સંકોચ થાય.' (૨/૧૫૧) અર્થાત્ વારે તહેવારે બંને એકલા હશે ત્યારે લેખકે એમને દયાથી પ્રેરાઈને રૂપિયા-પૈસા કે ચીજ વસ્તુ આપવાનો પ્રયત્ન કરી જોયો હશે પણ દાનજીએ વિનયપૂર્વક ના પાડી હશે. આખો લેખ વાંચ્યા પછી આપણા મનમાં દાનજી પોતે એક વ્યક્તિ ન રહેતા વિશેષણ બની જાય છે. તિલકના શબ્દચિત્રોની આ પણ એક વિશેષતા છે.

રવિશંકર મહારાજના ચરિત્રમાં લેખકે એમના એક દિવસમાં પચાસ કિલોમીટર ચાલવાની અને ચાલવું એટલે ભૂમિ પર ચાલવું એમ નહીં પણ વચ્ચે નદી આવે તો તરીને જવાનું, આટલું પરિભ્રમણ કર્યા પછી એકાદ ગ્લાસ દૂધ પીવા પૂરતી જ જરૂરિયાત અને એમાંય કોઈકે દૂધમાં ભૂલથી ખાંડ નાખી દીધી હોય તો વળી ૨૪ કલાકનો ઉપવાસ ( આમ, દિવસ કેમ નીકળે? પ્રશ્ન સામે એમનો જવાબ હતો કે, 'ખાવાનું નથી એમ જાણ્યા પછી ભૂખ નથી રહેતી'). પીવાનું પાણી ન હોય તો પણ ચાલે, એક વાર પગરખાં ખોવાઈ ગયાં તો ૩૫ વરસ પગરખાં વિના અને છત્રી ખોવાઈ ગઈ તો એના વગર છત્રીસ વરસ (અહીં પાંચ સાથે પાંચ અને છ સાથે છના પ્રાસની મજા પણ માણી શકો) ચલાવી લેનારા મહારાજનું આકલન એમણે આ રીતે કર્યું છે. 'મહારાજની આ તિતિક્ષા ઉપનિષદકાલીન ઋષિઓની તપશ્ચર્યાની યાદ આપે છે. માનવીય પરિસ્થિતિ બદલાઈ તેથી એક જગાએ બેસીને તપ ન કરતાં ચાલતાં ચાલતાં તપ કર્યું.'(૨/૩૬૫) વેદકાળમાં ઋષિઓ જરૂર પડે તો રાજાઓના દરબારમાં જઈને મોં પર સત્ય સંભળાવવાની હીંમત પણ ધરાવતા. મહારાજની બાબતમાં પણ આ સાચું હતું. આપણે જાણીએ છીએ કે ગુજરાત રાજ્યની સ્થાપના પ્રસંગે રવિશંકર મહારાજે આશીર્વાદ આપેલા પણ એ ઘટનાની એક બારીકી અહીં લેખકના ધ્યાન બહાર નથી. એ લખે છે કે, 'એમને કડવા થવામાં પણ વાંધો ન હતો. ગુજરાત રાજ્યના

સ્થાપના દિને એમણે ૧૯૫૬નો ગોળીબાર યાદ કરી વસવસો કરેલો. એથી કેટલાક કોંગ્રેસીઓ દુભાયેલા. મહારાજ અહિંસાને ભૂલીને ગાંધીના સેવક તરીકે કેવી રીતે આશીર્વાદ આપી શકે ?' (૨/૩૬૪) અહીં મહારાજ અલગ ગુજરાત રાજ્યની માંગણી માટે ૮/૮/૧૯૫૬ના રોજ પોલીસ ગોળીબારમાં આઠેક જેટલા વિદ્યાર્થી માર્યા ગયેલા એની રાજ્ય સરકારને યાદ અપાવે છે. એટલે કે મહારાજ આશીર્વાદની સાથોસાથ એ પણ યાદ કરાવે છે કે તમે આ નવું રાજ્ય સ્થાપો તો છો પણ એના પાયા વિદ્યાર્થીઓનાં રુધિરથી ખરડાયેલાં છે. એ સમયે સત્તાધારી પક્ષના લોકોને શરમને બદલે કચવાટ થયો હતો એવું લેખક નોંધે તો એમાં લેખકનો ઇશારો સત્તાધારીઓ કશું શીખતા નથી એ તરફ છે. શાસકોએ અને પ્રજાએ એ વિશે મનન ન કર્યું એના પરિણામે જ ફરીથી ૧૯૭૩-૭૪ના નવનિર્માણ અને ૧૯૮૫માં અનામત વિરોધી આંદોલનો આપણે જોવાનાં થયાં જેમાં ફરીથી રાજ્ય સરકારની બંદૂકના નાળચા પર નિઃશસ્ત્ર પ્રજા હતી. આ પુસ્તક ૧૯૯૮માં છપાયેલું છે એટલે આ લખતી વેળા લેખકના મનમાં આ બે આંદોલનો હશે પણ આપણને આવી ઘટનાઓ નજીકનાં ભૂતકાળમાંથી પણ મળી રહે.

તિલક-૧માં સાહિત્યકારોનાં ચિત્રો છે, એમાંથી લા.ઠા.નું ચિત્ર જોઈએ. લા.ઠા.ની વિચિત્રતાઓ તો બધા જાણે છે. પણ સાહિત્યકાર તરીકે એમનો વિશેષ ગુણ ચારેક વાક્યમાં આ રીતે રજૂ કર્યો છે, 'જેને સાર્થક ધારેલું એ બોદું નીકળ્યાની, પ્રકૃતિની બે બાજુની સંસ્કૃતિ અને વિકૃતિના ઉપર તળે થયાની, ભૂખ-અજ્ઞાન-કામચોરીમાં સપડાયેલી પ્રજાને જોયા કરવાની, મૃત્યુના દર્પણમાં જીવનને જોવાની, ચાહવા માટે જ જન્મ લીધો હોવા છતાં આખી સૃષ્ટિને બાથમાં ન લઈ શકવાની પીડા વેઠી છે સતત, પણ લા.ઠા. વાત સતત એ રીતે કરતા રહ્યા છે કે ખ્યાલ પીડાનો જ ન આવે. આપણને થાય કે જોઈએ આવતીકાલે શું કહે છે એ... (૧/૩૬૬)

તો લા.ઠા.એ એમના કાવ્યસંગ્રહ 'લઘરો'ની પ્રસ્તાવનામાં લખેલું કે, 'સમજણ સુંદરીનું 'સ્ટ્રિપટ્રિઝ' વિશેષ થયું નથી. લઘરાનું વાકવર્ચસ્વ, કાવ્યવર્ચસ્વ ડૂલ થયા પછી પણ સમજણ નિર્વસન થઈ નથી.' (૧/૩૭૧) એના જવાબમાં રઘુવીર લખે છે કે

'નિર્વસન થયેલી સમજણ એટલે શું?'

ભાષાને 'વસન' માનો તો એની અનુભૂતિને સમજણ કહી શકો. પણ કવિતા ક્ષેત્રે ભાષા વિના અનુભૂતિ સુધી પહોંચી શકાતું નથી. 'મીડિયા ઇઝ મેસેજ' -માધ્યમ સ્વયં સંદેશરૂપ છે એવું માનનારા વિચારો સાથે હું સહમત નથી. પણ કવિતા પૂરતું વારંવાર એવું લાગતું હોય છે કે ભાષાથી સ્વતંત્ર એનું અસ્તિત્વ નથી. તો આ સાદૃશ્ય પ્રમાણે ભાષારૂપી વસ્ત્રોથી સ્વતંત્ર એવી સમજણને પ્રમાણી શકાય ખરી ? જેમ 'શુદ્ધ સમજણ' કે 'નગ્ન સમજણ' એ કોઈ વાસ્તવિકતા નથી, કલ્પના છે; તેમ અગાઉ સંસ્કૃતિ અને મૂલ્યોની વ્યાખ્યા કરનારાઓએ પણ કલ્પનાના ક્ષેત્રે વિહાર કર્યો જ છે. મૂલ્ય કલ્પના છે, ધીરોદાત્ત નાયક કલ્પના છે.

જો સત્ય સ્વયંસિદ્ધ હોત તો માણસે સંબંધ બાંધવા માટે કૃતસંકલ્પ થવું ન પડત. સદનો વિજય અને અસદનો પરાજય આપોઆપ થયા કરત.

જેમ સત્યનું કોઈ કાયમી સ્વરૂપ નથી તેમ અસત્યનું પણ કોઈ કાયમી સ્વરૂપ નથી. કવિતા ક્ષેત્રે સત્યનું મહત્ત્વ નથી, અનુભૂતિનું મહત્ત્વ છે. વાલ્મીકિ રામાયણમાં રાવણ પ્રત્યે ભાવકને સહાનુભૂતિ થતી નથી પરંતુ 'મેઘનાદવધ' વાંચતાં પુત્રના મૃત્યુ પર વિલાપ કરતા રાવણ પ્રત્યે સહાનુભૂતિ જાગે છે. અહીં કવિની અનુભૂતિ મહત્ત્વની છે.' (૨/૩૭૧-૭૨)

અહીં કોણ સાચું છે એ નક્કી કરીને કોઈ એકનો પક્ષ લેવાની ઉતાવળ કરવાને બદલે એક મોટો સર્જક એવા જ એક સમકાલીન સર્જક સાથે સંવાદ સાધી રહ્યો છે એ રીતે આ વાતને જોવી જોઈએ. આ કે તે વાદનો કદાગ્રહ રાખવાને બદલે આપણી સાહિત્ય વિચારણામાં પ્રવર્તી રહેલા સ્યાદવાદની મજા લઈએ. એકબીજાથી તદ્દન ભિન્ન છે એવા બે મોટા સર્જકો એક બીજાની વિચારણા સમજવા સુધી જાય એવું વિશ્વસાહિત્યમાં પણ શક્ય નથી બન્યું.

**ક્રમશ...**

## શબ્દાશ્રયી મિત્ર ચિરાગ ઠક્કર 'જય'

**જયંત ડાંગોદરા**
jayantdangodara@gmail.com

ભગવાન શ્રીકૃષ્ણએ પોતાનું શરણું સ્વીકારનાર માટે અર્જુનને શ્રીમદ્ભગવદ્ ગીતામાં વચન આપેલું કે

**योगक्षेमंवहाम्यहम्**

એ તો સત્યુગની વાત થઈ, પણ આ ઘોર કળિયુગ અને કોરોનાકાળમાં અને એ પણ આપણા ગુર્જરપ્રદેશમાં કોઈ અનુવાદપુરુષ પ્રગટ થઈને કહે કે 'ચાલ, મારી આંગળી ઝાલીને અનુવાદ પ્રવૃતિ શરૂ કર, તારું યોગક્ષેમ હું ચલાવીશ' - તો કેવું લાગે! પ્રથમ વખત સાંભળીને 'અહો આશ્ચર્યમ્' એવું જ લાગે, પણ એ સત્ય હકીકત છે કે એક વિરલ વ્યક્તિ ચિરાગ ઠક્કર 'જય' ખરેખર માત્ર અનુવાદ દ્વારા જ પોતાનો ઘરસંસાર ચલાવે છે !

એમની સાથે પ્રથમ મુલાકાત ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રાંગણમાં થયેલી. અમદાવાદની શાળામાં આચાર્ય તરીકે મારી નવી નવી નિમણૂક થયેલી ત્યારે વિદ્યાવ્યાસંગી મિત્રો શોધવાની અભીપ્સા સાથે મેં પરિષદમાં ચાલતા પત્રકારત્વના કોર્સમાં પ્રવેશ લીધો હતો. એમાં દેખાવે સાવ સરળ, વ્યવસ્થિત પાંથી પાડીને ઓળેલા વાળા, કંઈક વિચારશીલ પ્રકૃતિના અને ગંભીર મુખમુદ્રા ધરાવતા પરંતુ સીધા સાદા લાગે એવા એક સહાધ્યાયી સાથે મારો પ્રથમ પરિચય થયો. એ પણ હમણાં હમણાં જ સપરિવાર લંડન નિવાસ પૂરો કરીને ફરી પાછા વતન અમદાવાદમાં સ્થાયી થયેલા. જોગાનુજોગ એમનો અને મારો અભ્યાસનો હેતુ સમાન નીકળ્યો અને અમારી મૈત્રીને એક સરનામું મળ્યું. પછીના છ મહિનામાં તો અમે પાક્કા ભાઈબંધ બની ગયા.

એમનું મૂળ વતન અમદાવાદ, પણ મમ્મી સૌરાષ્ટ્રના સાવરકુંડલા ખાતે ICDSમાં અધિકારી તરીકેની ફરજ બજાવતાં હતાં. એટલે જન્મથી બે વર્ષ સુધીનો સમય મમ્મી સાથે સાવરકુંડલા, ગારિયાધાર જેવાં ગામડાંઓમાં પસાર થયો. પિતાજી ઇલેક્ટ્રિકના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. સરકારી નોકરીમાં થતી વારંવારની બદલીઓને કારણે બાળકો યોગ્ય રીતે અભ્યાસ નહીં કરી શકે એવું લાગતાં પિતાજીએ બાળકો સાથે અમદાવાદ રહેવાનું નક્કી કર્યું. એ રીતે માતા પિતાના અલગઅલગ વ્યવસાયને કારણે બાળપણ અમદાવાદ–સૌરાષ્ટ્રની વચ્ચે વહેતું રહ્યું. આમ શહેર અને ગામડાંના

અનુભવોનું બેવડું ભાથું એમને મળ્યું. એમને પ્રાથમિકથી એસ.એસ.સી. સુધીનું શિક્ષણ શેઠશ્રી આઇ. એન. પટેલ સ્વામિનારાયણ વિદ્યાલય, નિર્ણયનગરમાં અને વિજ્ઞાનપ્રવાહ સાથે ધો. ૧૧/૧૨નું શિક્ષણ નૂતન વિદ્યાવિહાર, ઘાટલોડિયા ખાતે પ્રાપ્ત થયું. એસ.એસ.સી.માં ગણિત–વિજ્ઞાનમાં સારા ગુણ પ્રાપ્ત થયા હોવાથી ધો.૧૧/૧૨માં વિજ્ઞાનપ્રવાહ લઈ પિતાજીની ઇજનેરી લાઇનમાં જવાનું અને એ રીતે પિતાના વ્યવસાયિક ક્ષેત્રમાં આગળ વધવાનું સ્વપ્ન જોયેલું, પણ વિજ્ઞાનપ્રવાહ એમના સ્વભાવને માફક ન આવ્યો. છતાં વિજ્ઞાનપ્રવાહને સફળતાપૂર્વક પાસ કરી, સ્નાતક કક્ષાએ પોતાની રુચિને અનુકૂળ એવો અંગ્રેજી સાહિત્યનો અભ્યાસ કરવા માટે એસ.આર.એમ. આર્ટ્સ કોલેજ, નવગુજરાત કેમ્પસ, અમદાવાદમાં પ્રવેશ લીધો. એ પછી એલ.ડી. આર્ટ્સ કોલેજ, અમદાવાદમાંથી અનુસ્નાતકનો અભ્યાસ પણ કર્યો. અભ્યાસના આ સમયગાળા દરમ્યાન અને પછી થોડા સમય માટે સ્વીકારેલ શિક્ષણના વ્યવસાયમાં અંગ્રેજી ભાષા અને

સાહિત્યનો આ લગાવ ખૂબ જ ફળદાયી બની રહ્યો. વળી, ફાજલ સમયમાં ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન સંસ્થામાંથી લીધેલું પત્રકારત્વનું શિક્ષણ પણ માધ્યમિકથી સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓને કેળવવામાં ઉપકારક બની રહ્યું. શિક્ષણ અને સાહિત્યના વ્યાસંગ સાથે જીવનની ગાડી પૂરપાટ દોડવા લાગી હતી. આ તબક્કે માતા– પિતાએ પસંદ કરેલ કાજલબેન સાથે જીવન જોડાયું. સ્નેહનો સંબંધ સમયને મીઠાશથી ભરી રહ્યો હતો ત્યારે જ નવ પ્રસ્થાનનો સમય આવ્યો. માતા– પિતા અને કાજલબેનને ભારતમાં મૂકી વધારે અભ્યાસ અને પરદેશ સ્થાયી થઈ, સામાજિક રીતે સ્વતંત્ર જીવવાની અભિલાષાથી ઘર છોડ્યું. એકાદ વર્ષમાં તો કાજલબેન પણ લંડનવાસી બની ગયાં. આંતરિક સ્વતંત્રતાનો સેતુ પરદેશમાં જીવનને અનેક પ્રકારના અનુભવોથી છલકાવતો રહ્યો. વળી લંડનમાં માસ કોમ્યુનિકેશન અને બિઝનેસ મેનેજમેન્ટના અભ્યાસ સાથે પરિવારની જવાબદારી પણ બખૂબી નિભાવી. ત્યાં વિદ્યાર્થી અવસ્થામાં પરચૂરણ નોકરીઓ અને એ પછી ઇંગ્લેન્ડમાં શિક્ષક તરીકે ગણિત, અંગ્રેજી, હિન્દી અને ગુજરાતી ભાષાનું શિક્ષણકાર્ય પણ કરતા રહ્યા. પ્રભુના પ્રસાદરૂપ દીકરી આર્નાનો જન્મ પણ આ સમય દરમ્યાન ઘરને નવપલ્લવિત કરતો રહ્યો. સમય ખૂબ જ આનંદ કલ્લોલમાં પસાર થતો હતો, પરંતુ સતત નોકરી અને અભ્યાસને કારણે દીકરી આર્નાને સમય આપી શકાતો ન હતો. પોતાએ અનુભવેલા બાળપણનું જાણે પુનરાવર્તન થતું હોય એવો અહેસાસ થયા કરતો હતો. તેમને વારેવાર થયા કરતું કે દીકરી આર્નાના ઉછેર માટે સમય ફાળવવો હશે તો એ માટે ઉત્તમ સ્થળ તો પોતાનું વતન અમદાવાદ જ બની રહેશે. આ વિચારને મૂર્તિમંત કરવા માટે તેઓએ ખૂબ જ વિચારપૂર્વક ઇંગ્લેન્ડ છોડવાનો નિર્ણય કર્યો. માતા– પિતા તો અહીં જ વસતાં હતાં. એટલે એક દિવસ સપરિવાર અમદાવાદમાં ફરી સ્થાયી થવાના ઇરાદા સાથે પરત આવી ગયા. અહીં આવીને પોતાની વિચારસરણી મુજબનું એક સુંદર ઘર વસાવી લીધું. માતા-પિતા થોડો સમય ઘર ગોઠવી આપવા માટે સાથે રહ્યાં અને પછી બંને પક્ષે માન્યતાઓ, વિચારો અને સ્વતંત્રતા અકબંધ રાખી શકાય એ માટે સમજપૂર્વક પોતાનાં અલાયદા ઘરમાં રહેવા માટે જતાં રહ્યાં. એક સમજણપૂર્વકની આ વ્યવસ્થા હતી. ઇંગ્લેન્ડની સ્વતંત્ર આબોહવામાં વિહર્યા પછી, નવી દુનિયાનું દર્શન કર્યા પછી દૃષ્ટિનો વિસ્તાર થાય તે સ્વાભાવિક છે. વિચારની વિશાળતા સાથે ઉદારતા પણ મહત્ત્વનો ભાગ ભજવે છે. એ કોઈના વિચારો કે માન્યતાઓને બદલીને પોતાની સમાન કરી દેવાનું તો સ્વપ્રે પણ વિચારી શક્તા નથી. હા, પોતાની વિચારમૂડીને એ પોતાની ઇચ્છા મુજબ વાપરે છે. એમાં કોઈની દખલ ન ચલાવી લે. અલબત્ માતા-પિતાને પણ આ એક બાબતે તો હાવી ન જ થવા દે! અહીં વસ્યા પછી દીકરીના ઉછેરમાં કાળજી લેવી શરૂ કરી એમ પોતાની જીવનશૈલી બાબતે પણ સજગ રહી વિવિધ પ્રવૃત્તિઓ શરૂ કરી.

વતનમાં પરત ફરતાં નિર્ધાર તો એવો કરેલો કે માત્ર શબ્દોના સથવારે જીવનયાપન કરવું. પણ અહીં આવ્યા પછી વાસ્તવિકતાનો ખ્યાલ આવ્યો કે સર્જનાત્મક લખાણના ભરોસે તો અહીં ભૂખે મરવાનો વારો આવે! એટલે એમણે શબ્દના સથવારે જીવવાનો ઇરાદો તો મક્કમ રાખી સુકાનને સહેજસાજ ફેરવ્યું. એમણે અનુવાદ કરવાનું સ્વીકાર્યું. એ બાબતે એમને થોડો અનુભવ પણ હતો. પૂર્વે સુમન શાહની ‘બનાવ’ વાર્તાનો ‘An Incident’ નામે અનુવાદ કરેલો, અલબત્ એ ક્યાંય પ્રગટ નહોતો થઈ શક્યો. પણ અનુવાદ કરી શકાય છે એવો આત્મવિશ્વાસ તો પ્રસ્થાપિત થઈ ગયો હતો. પછી તો અહીં સ્થાયી થયા બાદ ગુજરાતી સાહિત્ય પરિષદ ખાતે અનુવાદનો અભ્યાસ પણ કર્યો અને જાણીતા પ્રકાશક નવભારત સાહિત્ય મંદિર સાથે જોડાવાનું સદ્ભાગ્ય પણ પ્રાપ્ત થયું. નવભારત સાહિત્ય મંદિરના સંપાદક સ્વ. આદિત્ય વાસુએ એમનો પ્રથમ અનુવાદ વાંચીને પ્રતિભાવ આપતાં કહેલું કે ‘આપ તો અશ્વિની ભટ્ટના ચાહક લાગો છો!’ અને અશ્વિની ભટ્ટના આકંઠ ચાહક એવા ચિરાગભાઈને

મન એ ખૂબ જ પ્રોત્સાહક પ્રતિભાવ બની રહ્યો હતો. નવભારતમાં જોડાયા પછી તેમણે કરેલા ફિક્શન–નોનફિક્શન તેમ જ બાળવાર્તાઓના અનુવાદને લગતાં સો ઉપરાંત પુસ્તકોની બે લાખથી પણ વધુ નકલોનું વેચાણ થયું હશે, જે આપોઆપ જ કોઈ વિક્રમની લગોલગ બની રહે છે.

એમણે પોતાના ઘરનો ઉપરનો ઓરડો ફક્ત આ શબ્દોની સહોપસ્થિતિ માટે જ ફાળવી દીધો છે. મનગમતાં ફર્નિચર સાથેની સુંદર લાઇબ્રેરીની વચ્ચે ગોઠવેલ રાઇટિંગ ટેબલ પરના કમ્પ્યુટર પર અનુવાદ માટે કી-બોર્ડ પર ફરતી એમની આંગળીઓને જુઓ ત્યારે હૃદય બે ઘડી આનંદના હિલ્લોળે ચડી જાય! ટેબલ પર રહેલા અનેક પ્રકારના ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, સંસ્કૃત અને ઉર્દૂ ભાષાના કોશ અને અત્યાધુનિક ગેજેટ્સના ઉપયોગથી અનુવાદ માટે યોગ્ય શબ્દ શોધવાની એમની મથામણના સાક્ષી થવાનું બને છે ત્યારે આંખો અપાર ધન્યતા અનુભવે છે. વળી આ અનુવાદકર્મ ચાલતું હોય ત્યારે અવારનવાર કાજલબેન દ્વારા મધુર સ્મિત સાથે પિરસાતી રહેતી ચા અને નાસ્તાની લિજ્જત તથા દીકરી આર્નાની બાળસહજ ચેષ્ટાઓ કલ્લોલતા પરિવારનું એક નમૂનેદાર દૃષ્ટાંત પણ બની રહે છે. ચિરાગભાઈએ લાઇબ્રેરીમાં આર્ના માટે પણ એક સુંદર બાળવિભાગ બનાવી રાખ્યો છે. સાથે સાથે અનેક પ્રકારનાં રમકડાંઓ અને ગેજેટ્સ પણ એના ઉત્તમ ઉછેરના સાક્ષી બનતાં રહે છે.

વ્યવસાયિક ધોરણે અંગ્રેજીમાંથી ગુજરાતીમાં અનુવાદ કરવાની શરૂઆત કરી તે પૂર્વે સ્નાતક અભ્યાસક્રમ દરમિયાન, A. K. Ramanujanની એક કવિતા ‘Small Scale Reflections on a Great House!’નો ‘એક મોટા ઘરની નાની નાની વાતો’ નામે અનુવાદ કર્યો હતો. એ અનુભવની મૂડી ઉપર એમણે માન. પૂર્વ રાષ્ટ્રપતિ એ.પી.જે. અબ્દુલ કલામ, બેસ્ટ સેલિંગ લેખકો અમીશ ત્રિપાઠી, અશ્વિન સાંઘી, શોભા ડે, આનંદ નિલકંટન, ઉદય માહુરકર, હેક્ટર ગાર્સિયા અને ફ્રાંસેસ્ક મીરાલેસ વગેરેના સુંદર અનુવાદો ગુજરાતી ભાવકોને અર્પણ કર્યા છે. જેમાં અમીશનાં મેલુહાના અમર્ત્યો, નાગવંશનું રહસ્ય, રામઃ ઇક્ષ્વાકુના વંશજ, સીતાઃ મિથિલાની વીરાંગના, રાવણઃ આર્યવર્તનો અરિ, અશ્વિન સાંઘીનાં ચાણક્ય મંત્ર, ધ રોઝેબલ લાઇન, શોભા ડેનાં શેઠજી, આનંદ નીલકંટનનાં શિવગામીનો ઉદય, ઉદય માહુરકરનાં ધ આર્ટ ઓફ ગવર્નન્સ અને માર્ચિંગ વિથ અ બિલિયન, હેક્ટર ગાર્સિયા અને ફ્રાંસેસ્ક મીરાલેસનાં ઇકિગાઇ અને ઇચિગો ઇકિ તથા માન. પૂર્વ રાષ્ટ્રપતિ એ.પી.જે. અબ્દુલ કલામનાં વિકસિત ભારતની ખોજ અને ફોર્જ યોર ફ્યુચર જેવાં પુસ્તકોનો સમાવેશ થાય છે. એ પૈકી વિકસિત ભારતની ખોજનું વિમોચન તો સ્વયં કલામ સાહેબના હસ્તે થયેલું! વળી ઉદય માહુરકરનાં બંને પુસ્તકોના અનુવાદનું વિમોચન રાજ્યના માન. મુખ્યમંત્રી વિજય રૂપાણી સાહેબના હસ્તે થયેલું એ પણ ચિરાગભાઈ માટે એક સ્મરણીય અવસર બની રહ્યો છે. આ અનુવાદો ઉપરાંત એમણે દલિત સાહિત્ય અકાદમી માટે શ્રીમતી ઇન્દિરા નિત્યનંદમના સહયોગમાં તમિલ લેખિકા બામાના વાર્તા સંગ્રહ Konttattamનો ‘ઉજવણી’ નામે અનુવાદ આપ્યો છે. તો ગુજરાતી લેખક દેવેન્દ્ર પટેલના ‘રાજનીતિજ્ઞ’ પુસ્તકનો અંગ્રેજીમાં ‘The Prime Minister’ નામે અનુવાદ પણ તેમણે આપ્યો છે. અનુવાદ સાથે વીસથી વધુ પુસ્તકોનું સંપાદન અને ત્રણસોથી વધારે વિવિધ વિષયોને સ્પર્શતા લેખો ઓપિનિયન, નિરીક્ષક, નવનીત સમર્પણ જેવાં સામયિકો તથા બ્લોગ પર પ્રકાશિત થઈ ચૂક્યા છે. સર્જનાત્મક સાહિત્યમાં વીસ જેટલી વાર્તાઓ અને એક અપ્રગટ નવલકથા પણ તેમના નામે બોલે છે. ‘કિરણે કિરણે વિશ્વાસ’ નામનું પ્રેરણાત્મક લઘુકથાઓનું એક પુસ્તક તથા એક ફિલ્મની સ્ક્રિપ્ટ પણ એમણે લખી છે.

એમનો પુસ્તકો પ્રત્યેનો પ્રેમ એવો કે જે પુસ્તક વાંચવું હોય તે સ્ટોરમાંથી ખરીદીને જ વાંચે. અને અન્યોને સતત વાચન માટે પ્રેરણા આપતા રહે. આ પ્રતિબદ્ધતા એમને

'માતૃભાષા અભિયાન' સાથે જોડાવા માટે પ્રેરે છે. દર મહિનાના પહેલા રવિવારે સવારે સાડા સાતથી દસ વાગ્યા સુધી તેઓ અચૂક ન્યુ રાણીપના તેમના 'પુસ્તક પરબ'ના સ્થળે વાચકોને પુસ્તકપ્રસાદી આપતા જોવા મળે! થોડો સમય માટે માતૃભાષા અભિયાનના મુખપત્રનું સંપાદનકાર્ય સંભાળવાની જવાબદારી પણ એમના શિરે આવી હતી. ચિરાગભાઈની સાહિત્ય પ્રીતિ એવી કે સાહિત્યને લગતા એકપણ મેળાવડાનો લાભ લેવાનું ન ચૂકે. એ મેળાવડાઓ પછી અમદાવાદમાં હોય કે રખેને અમદાવાદની બહાર, પણ હાજરી અચૂક આપવાની જ. અમે એ રીતે ભુજ, સુરત અને મગરવાડાના સત્રોમાં સાથેસાથે હતા. પણ મગરવાડાનો એક અનુભવ અમારા માટે ખૂબ યાદગાર બની રહ્યો છે.

મગરવાડા ખાતે યોજાયેલ સાહિત્ય પરિષદના જ્ઞાનસત્રમાં અમારી સાથે કવિમિત્ર ચેતન શુક્લ પણ જોડાયેલા. ચેતનભાઈનો ઉતારો મુખ્ય સ્થળે અને હું અને ચિરાગભાઈ વિદ્યાર્થી બનીને પધારેલા એટલે અમારો ઉતારો જ્ઞાનસત્રનાં સ્થળેથી દોઢેક કિ.મી. જેટલો દૂર એક શાળા સંકુલની હોસ્ટેલમાં હતો. એ સમયે એક દિવસ શુક્રવારે પાલનપુરના થિએટરમાં આમિરખાનની ખ્યાત ફિલ્મ 'દંગલ' લાગી હતી. અમે એ જાણ્યું કે તરત રાતના શોમાં જવા માટે ગાડી ઉપાડી. ખૂબ જ આનંદપ્રમોદ સાથે ફિલ્મ પૂરી કરી અને આમિરખાન અને સાથી કલાકારોના અભિનયને વખાણતા વખાણતા રાતે દોઢ વાગ્યે મગરવાડા પહોંચ્યા. ચેતનભાઈને મુખ્ય ઉતારે ઉતાર્યા, પણ દરવાજો બંધ! ચેતનભાઈએ કોઈને ઉઘાડવા માટે હેરાન કરવા કરતાં અમારી સાથે હોસ્ટેલ પર આવવાનું નક્કી કર્યું. ગાડી ઠાઠમાઠથી હોસ્ટેલ પર પધારી. બહાર નીકળી હોસ્ટેલનો દરવાજો ખટખટાવ્યો, પણ કોઈ હલચલ ન જણાઈ. ફરી વાર ખટખટાવ્યો. એ જ સ્થિતિ. એક બાજુ ડિસેમ્બરની કડકડતી ઠંડી અને અમારી પાસે કંઈ ઓઢવાનું પણ મળે નહીં. ફરી દરવાજાને દસ્તક દીધો તો એક કૂતરું કાંઉકારો કરીને પાછું સૂઈ ગયું. પછી તો જોર જોરથી હાથ પછાડ્યા, અવાજો કર્યા પણ કિલ્લા જેવી બીલ્ડિંગમાંથી એક ઉંહકારો પણ ન સંભળાયો તે ન જ સંભળાયો. એક વખત તો આખી બીલ્ડિંગની પ્રદક્ષિણા કરી કે ક્યાંકથી પણ જો પ્રવેશ કરી શકાતો હોય તો! પણ જાણે કોઈ ગઢ જ જોઈ લ્યો! છેવટે હારી થાકીને મેં દરવાજાના ઓટલે જ કડકડતી ઠંડી ઓઢીને લંબાવ્યું. ચિરાગભાઈ અને ચેતનભાઈ ગાડીમાં ભરાણાં. ઊંઘની આખેઆખી બાજી જ પલટી ગયેલી. ફિલ્મની જે મજા લીધી હતી તે સોંસરી નીકળી. થોડીવાર પછી ઠંડી સામે ટક્કર ઝીલવાની ફિશયારી કરવા જતાં હુંય ઠરી ગયો. પછી તો મેં પણ ગાડીમાં સ્થાન લીધું. છેક પાંચ વાગ્યા સુધી ગાડીમાં ઠર્યા. જો કે એકબીજાની હૂંફથી ટકી તો ગયા, પણ જેવો દરવાજો ખૂલ્યો કે કોઈને પણ કશી ફરિયાદ કર્યા વગર સીધા અમારા ઉતારે. વિદ્યાર્થીઓ ન્હાવા–ધોવાની તૈયારીમાં પડ્યા હતા અને અમે સુવાની! બપોરે અગિયારના સુમારે અમારી સવાર પડી ત્યારે એકબીજા સામે જોઈને જે હસ્યા છીએ જે હસ્યા છીએ!

આવા મિત્ર ચિરાગ ઠક્કર 'જય'ને ટૂંકીવાર્તા માટે ઈંગ્લેન્ડના શાંતશીલા ગજ્જર સ્મારક પારિતોષિક (૨૦૧૩) અને ગુજરાત લિટરેચર ફેસ્ટીવલમાં અંગ્રેજીમાંથી ગુજરાતીમાં શ્રેષ્ઠ અનુવાદક તરીકેનો એવોર્ડ (૨૦૧૭) પણ પ્રાપ્ત થયો છે. એમની પાસેથી જે અનુવાદિત, સર્જનાત્મક કે ચિંતનશીલ સાહિત્ય પ્રાપ્ત થયું છે એ તો હજી પાશેરામાં પૂણી સમાન છે. એમની પાસે સમયનો ખૂબ જ લાંબો પટ પડ્યો છે. એમના કાર્યથી ભાવકો હંમેશા રળિયાત થતા રહેશે એમાં બેમત નથી.

●---------●●●--------●●●---------●

ડી. ૪૦૪, શ્રીરામ કુટિર, સ્વામીનારાયણ પાર્ક સામે, હરિદર્શન ચાર રસ્તા, નવા નરોડા, અમદાવાદ-૩૮૨૩૩૦, મો. ૯૯૭૪૧૭૮૭૮૩

## ૦૯. સંભારણાં

**જયંત મેઘાણી : આજીવન 'પુણ્યનો વેપાર' કરી 'જ્ઞાનમાળી' બનનાર બુકમૅનનું જીવનકવન**

**સંજય શ્રીપાદ ભાવે**

---

ઝવેરચંદ મેઘાણીએ તેમના અને ચિત્રાદેવીના દીકરા બંટુની આઠ વર્ષની ઉંમરે ૨૭ માર્ચ ૧૯૪૬ના રોજ મુંબઈથી લખેલા એક પત્રમાં લખ્યું હતું :

'બંટુની કશી ચિંતા કરવી નહીં. ખૂબ રમે છે. એને તો બધું નવીન પણ દરેક નવીનનો ઝીણી નજરે અભ્યાસ કરે છે, જ્યાં જઈએ છીએ ત્યાં ઝીણું ઝીણું જોઈ લે છે... તે શીખે જ છે. એનું જ્ઞાન વધી રહ્યું છે.'

પછીનાં વર્ષોમાં બંટુ પોતાનું જ્ઞાન તો વધારતો ગયો, સાથે દુનિયાભરનું જ્ઞાન પુસ્તકો થકી ઘણા લોકો સુધી પહોંચે તેવાં કામ કરતો રહ્યો. એ ગ્રંથપાલ બન્યો. પછી પિતાને અભિપ્રેત એવો 'શહેરના જ્ઞાનમાળી' સમો 'બુકસેલર' બન્યો, નામે જયંત.

જયંત મેઘાણીનાં રળિયામણા પુસ્તક ભંડારનું નામ 'પ્રસાર', મુકામ ભાવનગર.

આ સંસ્કારનગરીમાં પુસ્તકવ્યવસાયનો 'પુણ્યના વેપાર' કરવાની સાથે જયંતભાઈએ પ્રકાશન, સંપાદન અને અનુવાદનાં મનભર કામ કર્યાં.

નરવાઈ અને નમ્રતા, આભિજાત્ય અને અભિરુચિ, હળવાશ અને હેતભરી જિંદગીમાં આબાલવૃદ્ધ દોસ્તારો બનાવ્યા. એક ઉમદા સંસ્કારવ્યક્તિ તરીકે સ્થાન પામ્યા અને ૪ ડિસેમ્બરે ૮૩ વર્ષની વયે વિદાય લીધી.

જયંતભાઈએ ઝકઝોળી દે તેવાં પુસ્તકો દ્વારા પિતા ઝવેરચંદ મેઘાણીનાં સાહિત્યને વાચકો સમક્ષ મૂક્યું. આ રીતે પુસ્તકો તૈયાર કરવાનું, એટલે કે મેઘાણીસાહિત્યનાં સંપાદનનું, આગવી દૃષ્ટિથી કરેલું કામ તે જયંતભાઈનું ચિરંજીવી પ્રદાન. તેની ગુજરાતી વિવેચનમાં નહિવત્ કદર થઈ છે.

જો કે લખતા-વાંચતા જનોના એક વર્ગને પ્રિય જયંતભાઈ એટલે 'પ્રસાર' ચલાવનાર પુસ્તક વિક્રેતા.

આયાસ વિનાની સૌંદર્યદૃષ્ટિથી સજાવેલી આ પુસ્તકોની દુકાન બહુ મોટી ન હતી. પુસ્તકો અને ખરીદનાર બહોળી સંખ્યામાં હતા એવુંય ન હતું. છતાં અભ્યાસીઓ, વિદ્યાર્થીઓ, જિજ્ઞાસુ વાચકો, ગૃહિણીઓ અને બાળકો માટે ચૂંટેલાં પુસ્તકોનું નાનું ઝરણું અહીં નિરંતર વહેતું રહેતું.

ગામડાંગામનો કોઈ ગ્રંથપાલ અહીં આવીને પુસ્તકો વીણતો જોવા મળે. દેશ-વિદેશની કેટલીક શિક્ષણ-સંશોધન સંસ્થાઓ અને લાઇબ્રેરીઓ માટેનાં પાર્સલો પણ અહીંથી રવાનાં થતાં હોય, એક તબક્કે તો ઑક્સફર્ડ અને કેમ્બ્રિજ માટેનાં પણ!

પુસ્તકો ઉપરાંત લોકકલા-હસ્તકલાની વસ્તુઓ, કલાત્મક કાગળો, સુશોભિત સ્ટેશનરી, ગ્રીટિંગ કાર્ડ્સ, ડાયરીઓ, સુગમ તેમ જ શાસ્ત્રીય સંગીતની કેસેટો અને સી.ડી. જેવું વસ્તુવૈવિધ્ય પ્રસારના કલા-હાટમાં સુલભ હોય. માહોલમાં કલાસ્પર્શ અનુભવાય. પુસ્તકો-સંગીત-કલાના સહુ રસિકજનોનું અહીં નિત્ય સ્વાગત હોય.

મોટાભાઈ મહેન્દ્રભાઈની ભાવેણાની પુસ્તકોની દુકાન 'લોકમિલાપ', તેમનાથી નાનાભાઈ દિવંગત નાનકભાઈની અમદાવાદની દુકાન 'ગ્રંથાગાર' અને જયંતભાઈની દુકાન 'પ્રસાર'. ત્રણેયમાં 'દુકાન' શબ્દ દિવ્યતા ધારણ કરે.

ત્રણેય 'બુકસેલર' મેઘાણીપુત્રોએ, તેમના પિતાએ ૧૬ જૂન ૧૯૩૪ના 'જન્મભૂમિ'માં લખેલા શબ્દોને સાર્થક કર્યા છે : 'બુકસેલર તો પોતાનાં શહેરનો જ્ઞાનમાળી બની શકે.'

'પ્રસાર'ના બુકસેલરને તો બેવડો ફાયદો હતો. બી.કૉમ.ની અણગમતી પદવીનાં ચાર વર્ષ દરમિયાન 'લોકમિલાપ'ની તાલીમ અને પછી વડોદરામાંથી મનગમતા વિષય ગ્રંથાલય વિજ્ઞાનનો ડિપ્લોમા.

ભાવનગરના 'ગાંધી સ્મૃતિ ગ્રંથાલય'માંની અત્યાર સુધીની સક્રિયતા ૧૯૬૨માં ગ્રંથપાલ તરીકેની નિમણૂકમાં પરિણમી.

હવે જયંતભાઈ ગ્રંથાલયને અદકો ઘાટ આપવા લાગ્યા. કબાટોનાં તાળાં દૂર કરી દીધાં. ગ્રંથાલયને ઓરડાઓમાં વહેંચનારી દીવાલોને દૂર કરીને તેને એક વિશાળ રૂપ આપ્યું. વાચકોને ડગલે ને પગલે આત્મીયતાથી મદદ કરી.

પુસ્તકાલયના સંકુલમાં પુસ્તકપ્રદર્શન, ગ્રંથગોષ્ઠી અને સંગીતની મહેફિલો જેવા કાર્યક્રમો યોજ્યા. કેટલાક પીઢ

ભાવેણાવાસીઓને રસિક વાચકો માટેના પુસ્તકબાગની ઉજાણી જેવાં અને સંશોધકો માટેના સુવર્ણકાળ જેવાં એ વર્ષો સાંભરે છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ગ્રંથાલય વિભાગના અધ્યક્ષ તરીકે જયંતભાઈની જ નિમણૂક થશે, એવું લગભગ ધારી લેવામાં આવેલું. પણ 'ગાંધીસ્મૃતિ સંસ્થામાંના રસ અને લગાવ'ને કારણે જયંતભાઈએ અરજી સુધ્ધાં ન કરી.

જયંતભાઈ ગ્રંથાલયનું કાર્યક્ષેત્ર છોડીને ૧૯૬૮માં 'લોકમિલાપ ટ્રસ્ટ'માં ગયા. એ કાળ હતો મહેન્દ્રભાઈના સ્વપ્નસમી 'ભારત-દર્શન' પુસ્તક-પ્રદર્શનોની ગાંધી શતાબ્દી યોજનાની તૈયારીનો.

ભારત વિશેનાં પુસ્તકોનો એક ચુનંદો સંગ્રહ અનેક દેશોમાં પ્રદર્શિત કરવાની યોજના હતી. યુરોપ-અમેરિકાના દેશોમાં પ્રદર્શન લઈને મહેન્દ્રભાઈ ગયા હતા. જયંતભાઈને ભાગે આફ્રિકાના પાંચ દેશો અને ઑસ્ટ્રેલિયા-ન્યુઝીલૅન્ડ-ફિજી હતા.

લોકમિલાપ ૧૯૭૨માં છોડવાનું થયું. જયંતભાઈ માટે ગ્રંથાલય ક્ષેત્રે પાછા ફરવાની તક એ અર્થમાં હતી કે તેમને અમેરિકાની પીટ્સબર્ગ યુનિવર્સિટીમાં આસિસ્ટન્ટશીપ સાથે પ્રવેશ મળ્યો હતો.

ઇન્ડિયન સ્ટડીઝના એક વિશિષ્ટ ગ્રંથપાલ બનવાની મુરાદ હતી. બીજી બાજુ 'પ્રસાર' નામે પુસ્તકભંડાર શરૂ કરવાનું સ્વપ્ન હતું. આખરે એ જ વર્ષે 'પ્રસાર'નો વિકલ્પ અપનાવ્યો.

વર્ષોના પુસ્તકસંગાથે જયંતભાઈને 'બુકમૅન' બનાવ્યા. પુસ્તકમાં જેનો જીવ હોય અને પુસ્તક જેની જિંદગી હોય તેવા માણસનું-બુકમૅનનું કુળ આપણે ત્યાં દોહ્યલું છે.

પુસ્તકની ગુણવત્તા ઉપરાંત તેની માંડણી, છપામણી, બાંધણી, ગોઠવણી, સારણી, સાચવણી, વહેંચણી જેવી બાબતો વિશે જયંતભાઈ જેટલું જાણનારા ઓછા મળે.

મુદ્રણ અને પ્રકાશન, ગ્રંથવ્યવસાય તેમ જ ગ્રંથાલય પ્રવૃત્તિના ઇતિહાસ તેમ જ વર્તમાન એ જાણે. ગ્રંથસંગ્રાહકો અને ગ્રંથઘેલાઓને પિછાણે. પુસ્તકોની દુનિયાનાં અનેકવિધ પાસાં વિશેનાં 'બુક્સ અબાઉટ બુક્સ' તરીકે ઓળખાતાં દુર્લભ પુસ્તકોનો જયંતભાઈ પાસે સંગ્રહ હતો.

આવા ગ્રંથજ્ઞ જયંતભાઈ વર્ષો સુધી એક મહત્ત્વનું વ્યાવસાયિક કામ કરતા હતા. અમેરિકાના વૉશિન્ગટન ડી.સી. ખાતેનાં દુનિયાનાં સહુથી મોટી ગણાતી 'લાઇબ્રેરી ઑફ કૉંગ્રેસ'માં ગુજરાતી પુસ્તકો વ્યાવસાયિક ધોરણે પૂરાં પાડવાનું કામ 'પ્રસાર' ત્રણેક દાયકાથી કરતું રહ્યું છે.

લાઇબ્રેરી ઑફ કૉંગ્રેસની મહત્તા, તેમાં સ્વીકાર પામતાં પુસ્તકોનો પ્રકાર, પસંદગીનાં ધોરણો, પુસ્તકો સૂચવવાં અને મોકલવાની કાર્યપદ્ધતિ જેવી બાબતો અંગે જયંતભાઈ સાથે વિગતવાર વાત કરતાં સમજાય કે આપણા એક પુસ્તક વિક્રેતાની આ ઘણી મોટી સિદ્ધિ હતી.

લાઇબ્રેરી ઑફ કૉંગ્રેસ માટે જયંતભાઈ નફો-નુકસાન કરતાં વેપારી, ડીલર કે એજન્ટ ન હતા. તે ગુજરાતી ભાષાનાં ઉત્તમ પુસ્તકો પસંદ કરવા અને મોકલવા માટે જવાબદાર વ્યક્તિ હતા.

'પ્રસાર' પુસ્તક પ્રસાર અને વેચાણ ઉપરાંત પ્રકાશનમાં પણ વિસ્તર્યું. મેઘાણીભાઈનાં પુસ્તકો ઉપરાંત, ગુજરાતી વાચકોમાં 'પ્રસાર'નું હંમેશ માટે યાદગાર બની રહેલું પુસ્તક તે 'સળગતાં સૂરજમુખી' (૧૯૯૪).

તેમાં જયંતભાઈના મોટાભાઈ વિનોદ મેઘાણીએ વિખ્યાત અમર ચિતારા વિન્સેન્ટ વાન ગૉગનું જીવન આલેખતી, અમેરિકન લેખક અરવિન્ગ સ્ટોનની નવલકથા 'લસ્ટ ફૉર લાઇફ'ને ગુજરાતીમાં ઉતારી છે. વાચક પર અસાધારણ અસર ઉપજાવનાર અનુવાદ ઉપરાંત દુર્લભ ચિત્રોનું ઉત્તમ પુનર્મુદ્રણ આ પુસ્તકની જણસ છે.

'સમગ્ર મેઘાણી સાહિત્ય'નું જયંતભાઈનું સંપાદનકાર્ય એ ગુજરાતી સાહિત્યના પુસ્તક સંપાદનક્ષેત્રે અત્યારના સમયમાં કદાચ એક સર્વોચ્ચ શિખર છે.

મેઘાણી-સાહિત્યનાં, જોતાં જ ગમી જાય તેવાં અને અનેક રીતે ઉત્તમ ગુણવત્તા ધરાવતાં પંદર પુસ્તકો 'સમગ્ર મેઘાણી સાહિત્ય' નામની ગ્રંથ-શ્રેણી હેઠળ ગુજરાત સાહિત્ય અકાદમીએ આ વર્ષની શરૂઆતમાં બહાર પાડ્યાં છે.

અસાધારણ સંપાદક જયંત મેઘાણીની સમજ અને માવજત સાથેનાં ૭૬૭૪ પાનાંની આ ગ્રંથમાળામાં ઝવેરચંદ મેઘાણીનાં પંચ્યાશી જેટલાં પુસ્તકોમાંથી છેંતાળીસ પુસ્તકોનો પંદર ગ્રંથોમાં સમાવેશ થયો છે.

ધ્યાનમાં ન આવતી બાબત એ છે કે જયંતભાઈએ આ કામ એકંદરે અણદીઠ રહીને કરેલું છે. જયંતભાઈની મહત્તા તેમની નમ્રતા અને શાલીનતા હેઠળ હંમેશાં ઢંકાતી રહી છે.

બધા જ ગ્રંથોમાં જયંતભાઈનું નિવેદન મીતભાષી અને ઉઘડતા જમણા પાને નહીં પણ ડાબા પાને છે. તેમનું નામ નાના ફૉન્ટમાં આછી છપામણીમાં જોવા મળે છે.

આમ તો જયંતભાઈ એ મૂકવાનું પસંદ ન કરે. પણ બંધુવર્ય મહેન્દ્રભાઈની વાત માની લીધી કે 'પ્રસિદ્ધિ તરીકે નહીં પણ જવાબદારી તરીકે પણ નામ મૂકવું પડે'!

સમગ્ર મેઘાણી સાહિત્ય ગ્રંથશ્રેણીમાં મેઘાણીનું ખૂબ

લોકપ્રિય પુસ્તક 'સૌરાષ્ટ્રની રસધાર' સહુથી દળદાર એટલે કે સાડા છસો પાનાંનો નવમો ગ્રંથ બને છે. તેના પછી 'બેલડા બંધુ' જેવું 'બહારવટિયા કથાઓ' પુસ્તક છે.

લોકસાહિત્યના ગ્રંથોમાં 'લોકકથા સંચય', 'રઢિયાળી રાત' 'લોકગીત સંચય'નાં પુસ્તકો છે. લોકવાણીના સંગ્રહોમાં મેઘાણીએ લખેલા પ્રવેશકો 'લોકસાહિત્ય : ધરતીનું ધાવણ'માં અને લોકવિદ્યાને લગતા તેમનાં લેખો-વ્યાખ્યાનો 'લોકસાહિત્ય અને ચારણી સાહિત્ય'માં વાંચવા મળે છે.

મેઘાણીનાં વર્ષોનાં રઝળપાટનાં સંભારણાં 'લોકસાહિત્યનાં શોધન-ભ્રમણ' નામના સોળમા ગ્રંથમાં મળે છે. તે પછી 'સોરઠી સંતો અને સંતવાણી' ગ્રંથ છે. મેઘાણીએ ભજનોને લોકવાણીનો અંતિમ પરિપાક કહ્યો છે. એમના સાહિત્યજીવનનું પણ એ અંતિમ કર્મ હતું.

સર્જનનો આરંભ કવિતા અને વાર્તાલેખનથી થયો હતો. મેઘાણી શ્રેણીનો પહેલો ગ્રંથ 'સોના નાવડી' છે જે કવિની તમામ ૪૫૦ પદ્યરચનાઓને સમાવે છે. આ સહુથી રમણીય પુસ્તકમાં 'યુગવંદના' સહિત નવ સંચયો છે.

બીજા ક્રમના ગ્રંથ 'પરિભ્રમણ'ના બે ખંડ છે. તેમાં 'બીજા પ્રદેશના, દરિયાપારનાં સાહિત્ય, પત્રકારત્વ અને કળાનાં વિવિધ પાસાં પરનાં સંખ્યાબંધ લેખો અને નોંધો' છે. મૂળે વેરવિખેર અને વર્ગીકરણમાં પડકારરૂપ એવી સામગ્રીથી ખીચોખીચ એવાં 'પરિભ્રમણ'નાં તેરસો પાનાં જયંતભાઈ (અને સહસંપાદક અશોક મેઘાણી)ના પરિશ્રમની પરાકાષ્ઠા સમાં છે.

ત્રીજો ગ્રંથ મેઘાણીની 'સમગ્ર નવલિકા' નામે બે ખંડમાં છે. ચોથા ગ્રંથમાં મુખ્યત્વે બંગાળીમાંથી અનુવાદિત બે નાટકો છે.

સમગ્ર મેઘાણી સાહિત્ય યોજના હેઠળ હજુ નવેક પુસ્તકો પર જયંતભાઈ કામ કરી રહ્યા હતા. તેમાં નવલકથાના ચાર ઉપરાંત ચરિત્ર, ઇતિહાસ, પત્રકારત્વ અને મેઘાણીના અંગ્રેજી લેખો પરનું એક-એક પુસ્તક હતું.

ઓગણીસમા ક્રમનો ગ્રંથ 'મેઘાણી-સંદર્ભ' નામનો ખૂબ વિશિષ્ટ શાસ્ત્રીય ગ્રંથ તરીકે પ્રયોજ્યો હતો. તેની અજોડ સામગ્રી આ મુજબ હતી : 'જીવનક્રમ, છબિ-સંગ્રહ, મેઘાણી-ગ્રંથસૂચિ, મેઘાણી વિષયક સાહિત્યસૂચિ, રચનાક્રમ-આલેખ, સમગ્ર મેઘાણી-સાહિત્યની પાત્રસૂચિ અને સ્થળસૂચિ, મેઘાણીનાં જીવન અને સાહિત્ય વિષયક નકશા'.

જયંતભાઈનું સંપાદનકાર્ય પિતૃતર્પણથી આગળ વધીને સાહિત્ય માટેનો ઊંડો લગાવ, સંપાદનકળાની જાતે કેળવેલી સમજ અને વંદનીય કર્તવ્યનિષ્ઠા બતાવે છે.

ઔપચારિક અર્થમાં જયંતભાઈ સાહિત્યના અધ્યાપક કે સંશોધક નથી. પણ તેમનાં સંપાદનમાં વૈજ્ઞાનિકતા, તેમના વ્યાપ અને વ્યાસંગ વિરલ છે.

ઘણા લોકો નિવૃત્ત થાય તે વયે અને એટલે કે અઠ્ઠાવનમા વર્ષે જયંતભાઈએ સમગ્ર મેઘાણી સાહિત્યની દસ હજાર પાનાંની યોજના મેઘાણી જન્મશતાબ્દીના ૧૯૯૬ના વર્ષમાં ઉપાડી અને પછીની જ સાલમાં અસલ સોના જેવું 'સોના-નાવડી' આપ્યું.

મેઘાણી પરિવારની આ યોજનાનો મુખ્ય હેતુ 'લેખકના સાહિત્યની પ્રમાણભૂત વાચના' લોકો સમક્ષ મૂકવાનો હતો. આ જરૂરી પણ હતું.

અનેક કારણોસર મેઘાણીનું સર્જન-સંશોધન પુસ્તકો, તેમની અનેક આવૃત્તિઓ, અખબારી લખાણો, સંશોધનનાં ટાંચણો, વ્યાખ્યાનો જેવાં કેટલાંય સ્વરૂપે અસ્તવ્યસ્ત હતું. પ્રકાશન સાલ, તખલ્લુસો વચ્ચેથી લેખકની ઓળખ, લખાણોમાં લેખકે પોતે કરેલા સુધારા-વધારા, પુસ્તકોની પછીની આવૃત્તિઓમાં સંપાદકો થકી ઉમેરણો-બાદબાકીઓ, પ્રસ્તાવનાઓ અને ટિપ્પણીઓ જેવા સંખ્યાબધ પ્રશ્નો જયંતભાઈએ તર્કપૂર્ણ રીતે હલ કર્યા છે.

અગ્રંથસ્થ લખાણો 'સૌરાષ્ટ્ર', 'ફૂલછાબ' અને 'જન્મભૂમિ' અખબારોની જૂની ફાઈલો ઉપરાંત સામયિકોના અંકોમાંથી શોધ્યાં છે. આ બધા થકી જયંતભાઈએ મેઘાણી-સાહિત્યનો અધિકૃત પાઠ તૈયાર કર્યો છે. આ પ્રક્રિયાની માહિતી તેમણે જે-તે ગ્રંથમાં ટૂંકાં, તટસ્થ નિવેદનોમાં આપી છે. તેમાંના પડકારો સંશોધકે બિટવિન ધ લાઇન્સ વાંચવા પડે છે.

સંશોધક ન હોય એવા વાચનપ્રેમી માટે સહુથી નોંધપાત્ર બાબત તે જયંતભાઈનાં પુસ્તકોની સુરુચિપૂર્ણ આકર્ષકતા છે. અકાદમીની ગ્રંથમાળાનાં પાકાં પૂંઠાંનાં આવરણો તો બહુરંગી છે. રેખાંકનો અને તસવીરોની જયંતભાઈની આગવી સૂઝ જાણીતી છે.

પૂરક સામગ્રી તરીકે તે કેટલીક જગ્યાએ મેઘાણીના હસ્તાક્ષરનો ઉપયોગ વાચકને રોમાંચિત કરી દે છે. શબ્દો અને રૂઢિપ્રયોગોના અર્થ પણ કેટલાક ગ્રંથોમાં છે.

પુસ્તકને શક્ય એટલું યુઝર-ફ્રેન્ડલી બનાવવા માટે જયંતભાઈ જે સૂચિઓ આપે છે તે એમની અનોખી સિદ્ધિ છે. તેમને હાથે તૈયાર થયેલી સ્થળસૂચિ, પાત્રસૂચિ, ગીતો/કવિતાઓની સ્મરણપંક્તિઓની સૂચિ, અનુકૃતિઓની તેમ જ તેમની મૂળ કૃતિઓની સૂચિ અને ઉલ્લેખસૂચિ ખાસ

અભ્યાસ કરવા જેવી છે.

ગ્રંથોમાંની સૂચિઓ ઉપરાંત વાચકોને પુસ્તકો અંગે માહિતી માટેના સૂચિપત્રો (કેટલોગ્સ) જયંતભાઈની બીજી એક ઉપલબ્ધિ.

'પ્રસાર' વારંવાર નમણાં અને ગ્રંથનામ સભર સૂચિપત્રો બહાર પાડતું રહેતું. એક સૂઝવાળા અને રસિક ગ્રંથજ્ઞની છાપ સૂચિપત્રઓનાં પાને પાને જોવા મળે છે. બે-ત્રણ લીટીમાં પુસ્તકોનો લઘુ પરિચય આપવાની જયંતભાઈની હથોટી નોંધપાત્ર હતી.

આવી સૂચિઓ પાછળ પ્રકાશન વ્યવસાયનો અભ્યાસ, ગ્રંથાવલોકનોનું વાચન અને પુસ્તકોની સમજ રહેલી હોય છે. સૂચિપત્ર બનાવવા પાછળ લાગણી હોય છે તે પુસ્તકના આગમનની જાણ કરવાની.

એટલે જ એક સૂચિપત્રમાં જયંતભાઈ લખે છે : '...પાર્સલ આવે ત્યારે બીજું બધું કામ પડતું મૂકીને એ ખોલવાની ને નવી નવી ચોપડીઓ જલદી જોવાની ઉત્કંઠા રોકી શકાતી નથી. અને એકએક પુસ્તક જોતાં નજર સામે તેના વાચકની પ્રતિમાઓ ખડી થઈ જાય છે. એમ થાય છે કે 'ક્યારે વાચકોને બોલાવીને કહીએ કે 'જુઓ તો ખરા, આ કેવી સરસ ચોપડી તમારા માટે આવી છે!', 'આ પુસ્તક જોયા વિના તમારે નહીં જ ચાલે...'

પુસ્તકોની આવી સંગતનો, ચોપડીઓની આવી દોસ્તીનો, આ રસભર સૃષ્ટિ સાથે તેના ચાહકોનું મિલન કરાવવાનો અકથ્ય રોમાંચ છે. આ માત્ર દુકાનમાં બેસીને જણસો વેચ્યા કરવાની વાત નથી, પુસ્તક-પ્રસારનો 'રોમાન્સ' છે.' આ રોમાન્સ પાછલાં વર્ષોમાં ઈ-મેઈલ દ્વારા માણતા રહ્યા છે.

પાછલાં વર્ષો રવીન્દ્રનાથના અનુવાદોથી તરબોળ રહ્યાં. ગુરુદેવનાં મૌક્તિકોનો અત્યંત રળિયામણો નાનકડો સંચય 'તણખલાં' ૨૦૦૭માં આપ્યો હતો. હમણાં બે વર્ષ ઉપર ત્રેપન કાવ્યોનાં 'અનુવાદ મનોયત્નો' તરીકે 'અનુકૃતિ' સંગ્રહ આવ્યો. તેની સાથેના 'રવીન્દ્રસાન્નિધ્યે' ગદ્યસંચયમાં કવિવર વિશેનાં કેટલાંક સંસ્મરણાત્મક લખાણો અને કવિવરનાં ચાર આત્મકથનો વાંચવા મળે છે. તેની અર્પણ પંક્તિઓ છે :

વિનોદભાઈ અને નાનકભાઈ,
વહેલેરાં પ્રયાણ આખરી પંથે થયાં તમારાં,
હવે વાટડીએ જરા થોભજો ને વળીવળીને આ નાનેરાની વાટ જોજો.

નાનેરો ચોથી ડિસેમ્બરની મોડી સવારે નાહીધોઈને કામ કરવાનાં હંમેશનાં ટેબલ-ખુરશીએ બેઠો અને પછી ચાલી નીકળ્યો. નહીં દવાખાનું, નહીં દરદ. દેહદાન કર્યું. જીવન જેવું જ શાંત, નિર્મળ પ્રયાણ.

નિર્મળતા અને નમ્રતા, સંસ્કારિતા અને સંકોચશીલતા જયંતભાઈના રોમેરોમમાં હતાં. ઓછાબોલા અને અતડા હોવાની છાપ ઝડપથી ભૂંસાઈ જતી અને તેમના વ્યક્તિત્વની હૂંફને અનુભવાતી.

સ્વામી આનંદના 'બંટુ દોસ્ત'ની મોટી મિરાત મૈત્રીની છે. એક નાની છોકરીની ડાયરીમાં સહી સાથે સંદેશ આપે છે : 'આપણી દોસ્તી પાકી!' કોઈ પગે લાગવા જાય તો છણકો કરે : 'બધી ભાઈબંધી બગાડી નાખી!'

મિત્રો સાથે ઘણા પ્રવાસ કરેલા. દેવરાજ પટેલ નામના યાર સાથે ૧૯૭૭માં બે મહિના યુરોપના પંદરેક દેશોમાં રખડપટ્ટી કરી હતી. મિત્રોને પોતે બનાવેલાં પી-નટ બટર, બુક માર્ક્સ, અનોખા વૉલ પીસીસ, દુર્લભ પુસ્તકોની મૂળ કદમાં કઢાવેલી ઝેરોક્સ પ્રત જેવી ભેટ આપે. પ્રસંગે તેમણે લખેલા પત્રો ફરી ફરી વાંચવાનું મન થાય.

બોલવે-ચાલવે પરમ શાંત અને મૃદુ. પણ ઇન્ટેન્સિટી બરકરાર, અને પુણ્યપ્રકોપ પણ. નોકરી નહીં કરવા પાછળનું એક કારણ 'નોકરી થઈ જ ન શકે એવો સ્વભાવ.'

પોતે સ્વતંત્રપણે કરેલા અતિ મૂલ્યવાન કામ વિશે અભિમાન નહીં, બલકે અલ્પતાનો અહેસાસ. પોતાની જાતને ઓછી મહત્ત્વની માને. નામ કરતાં કામ વિશે વાત કરવાનું વારંવાર કહે.

પુસ્તક પ્રસારના કામ પાછળ 'રસ અને મહેનત ચોક્કસ છે' એ જણાવીને સ્પષ્ટ કરે કે એમનો 'એ વ્યવસાય છે, મિશન નથી.' તેમના કામ માટેનું શ્રેય તેમનાં ઉછેર, સંજોગો અને ભાવનગરને આપે.

તેઓ કહેતા : 'બબ્બે ગ્રંથભંડારો ચલાવનારા આ નાનકડા શહેર ભાવનગરના લોકોને ધન્ય છે.'

જયંતભાઈએ ખુદ વિશેની એક નોંધમાં લખ્યું છે : 'મિત્રો, પુસ્તકપ્રેમીઓ, જ્ઞાનરસિકો મને બુકમૅન તરીકે ઓળખે છે. એથી વધુ આકાંક્ષા નથી. આ 'બુકમૅન'-પણાએ મને કેટલાક સરસ મિત્રોનું વૃંદ આપ્યું છે. જગતનાં ઉત્તમ પુસ્તકોની સોબત આપી છે – પછી એમ થાય કે બસ, બીજું કાંઈ નથી જોઈતું.'

-સૌજન્ય :બીબીસી, ગુજરાતી - https://www.bbc.com/gujarati/india-55235515

## કિન્નરોના દેશમાં – ૧

**ભાણદેવજી**

---

**(રિક્યાંગ-પિયો અને કાલ્પા)**

કોણ છે આ કિન્નરો ? શું છે આ કિન્નરોનો દેશ ?

'શ્રીમદ્ ભાગવત'માં સૃષ્ટિમીમાંસાનું કથન કરતાં ભગવાન વ્યાસદેવજી અષ્ટવિધ દેવસૃષ્ટિનું કથન આ પ્રમાણે કરે છે :

देवसर्गश्चाष्टविधो विबुधाः पितरोऽसुराः ।
गन्धर्वाप्सरसः सिद्धा यक्षरक्षांसि चारणाः ।।
भूतप्रेतपिशाचाश्च विद्याध्राः किन्नरादयः ।
- श्रीमद् भागवत : ३-१०-२७/२८

''દેવ, પિતર, અસુર, ગંધર્વ-અપ્સરા, યક્ષ-રાક્ષસ, સિદ્ધ-ચારણ-વિદ્યાધર, ભૂત-પ્રેત-પિશાચ અને કિન્નર-કિંપુરુષ - આ આઠ પ્રકારની દેવસૃષ્ટિ છે.''

આમ 'શ્રીમદ્ ભાગવત' પ્રમાણે કિન્નર એક દેવસૃષ્ટિ છે.

ભારતદેશમાં હિમાચલપ્રદેશ નામનું એક રાજ્ય છે. તેમાં કિન્નોર નામનો એક આખો જિલ્લો છે અને આ જિલ્લામાં કિન્નરો વસે છે. કિન્નરો વસે છે ? હા, કિન્નરો વસે છે !

કિન્નરો જો દેવસૃષ્ટિ છે તો આ પૃથ્વી પર કેવી રીતે વસે છે ?

ગંધર્વ પણ દેવસૃષ્ટિ છે. તેઓ પણ ભારતમાં - હિમાલયમાં વસે છે. કેવી રીતે ?

ચારણ પણ દેવસૃષ્ટિ છે. ચારણો પણ ભારતમાં - અરે, કાઠિયાવાડમાં, અરે ! આશ્રમની સાવ બાજુમાં જ વસે છે. કેવી રીતે ?

પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર તુરત ન આપી શકાય - ન આપવો જોઈએ. શાંત રહો અને રાહ જુઓ. યોગ્ય સમયે બધું બની જશે.

અમારો રાત્રિનિવાસ મોરીમાં થયો છે. હવે અમારે કિન્નરોના દેશમાં જવું છે; પરંતુ કિન્નરોના દેશમાં આમ તરત બહુ જલદી ન જઈ શકાય. વચમાં ઘણાં સોપાન લેવાં પડે છે. આ તો કિન્નરોનો દેશ ! અરે હા, આ તો કિન્નરોનો દેશ !

મોરીમાં રાત્રિનિવાસ કરીને બીજા દિવસે સવારે અમે હનોલ પહોંચ્યા. હનોલ અમે બીજી વાર પહોંચ્યા. પહેલી વાર ભૂલા પડીને પહોંચ્યા હતા અને બીજી વાર ભૂલા પડીને નહીં, જાણીજોઈને પહોંચ્યા.

હનોલમાં મહાસૂદેવનું મંદિર છે. અમે મંદિરમાં પ્રવેશ કર્યો. દેવનાં દર્શન બહુ દૂરથી થાય છે. વસ્તુતઃ સ્પષ્ટ દર્શન થતાં નથી. પૂજારીજીના કહેવા પ્રમાણે આ મહાસૂદેવ ચાર છે. ચાર દેવની ચાર મૂર્તિઓ છે. તેમણે અમને સમજાવ્યું કે આ મહાસૂદેવ એટલે મહેશ્વર શિવ. જેમ જખૌલમાં સોમસૂ અર્થાત્ સોમેશ્વર શિવ, તેમ અહીં હનોલમાં મહાસૂદેવ અર્થાત્ મહેશ્વર શિવ ! પ્રશ્ન એ છે કે આ સોમેશ્વર શિવનાં ચાર સ્વરૂપો એટલે શું ? કોઈ કાંઈ ઉત્તર આપતા નથી અને કોઈની ધાર્મિક લાગણી દુભાય તેવી રીતે તો પ્રશ્ન પૂછી જ ન શકાય ને !

અહીં એક નાથ ગૃહસ્થ સાધુ સાથે મુલાકાત થઈ. બંને કાનમાં કુંડળ ધારણ કરેલાં છે. અમે તેમની સાથે થોડો સત્સંગ કર્યો. અમે તેમને છેલ્લો પ્રશ્ન પૂછ્યો :

''આ હનોલ ગામમાં કઈ પ્રજા વસે છે ?'' તેમણે ત્વરિત અને સ્પષ્ટ ઉત્તર આપ્યો :

''ત્રણ પરિવાર બ્રાહ્મણ છે, જેઓ આ મંદિરના પૂજારી છે, બે બાગદી અર્થાત્ ઢોલ વગાડનાર છે, બાકીના બધા ગંધર્વો છે !''

''અહીં ગંધર્વ પ્રજા વસે છે ?''

''હા, આ આખું ગામ ગંધર્વોનું ગામ છે !''

ગંધર્વ એટલે શું ?

'શ્રીમદ્ ભાગવત'માં કિન્નરો અને ગંધર્વોને દેવસૃષ્ટિમાં ગણેલ છે. અહીં કિન્નરો અને ગંધર્વો હિમાલયમાં વસતી એક માનવપ્રજા છે. શું સમજવું ?

હનોલથી અમે મેન્દ્રથ અર્થાત્ મહાસૂગાંવ ગયા. આ ગામને મહાસૂદેવની

જન્મભૂમિ ગણવામાં આવે છે. જો મહાસૂ એટલે મહેશ્વર શિવ હોય, તો તેમની જન્મભૂમિ કેવી રીતે ? શિવજીનો જન્મ ન હોય !

આ બધું સ્પષ્ટ સમજાતું નથી અને પૂજારીઓ અને મંદિરના આગેવાનો પેટછૂટી વાત કરતા નથી. બધાને કાંઈક-કાંઈક સંતાડવાનું હોય તેમ લાગે છે !

મહાસૂથી અમે ટુઈની પહોંચ્યા. હવે અમારે ઉત્તરાખંડ છોડીને હિમાચલપ્રદેશમાં જવાનું છે. ટુઈની પ્રવેશદ્વાર ગણાય. સુંદર અને પ્રગાઢ અરણ્યમાંથી રસ્તો પસાર થાય છે. અમે રામપુર પહોંચ્યા અને રામપુરથી આગળ ઝાંખરીમાં રાત્રિનિવાસ કર્યો. બીજા દિવસે ઝાંખરીથી નીકળીને આખરે પહોંચ્યા રિક્ચાંગ-પિયો !

રામપુરથી અમે જે મહામાર્ગ પર દોડીએ છીએ તે ભારત-તિબેટ મહામાર્ગ છે. આ મહામાર્ગ હવે મહદંશે હિમાલયની એક મહાનદી સતલજના કિનારેકિનારે જાય છે. આ મહાનદી સતલજમાં તિબેટસ્થ માનસરોવરનું જળ આવે છે. વસ્તુતઃ માનસરોવરમાંથી કોઈ નદી નીકળતી નથી, પરંતુ માનસરોવર છલકાય ત્યારે તેનું જળ 'ગંગાછૂ' નામના જળપ્રવાહ દ્વારા રાક્ષસતાલમાં જાય છે અને રાક્ષસતાલમાંથી સતલજ નદી નીકળે છે. વેદોમાં સતલજ (શતદ્રુ)ના નામનો ઉલ્લેખ અનેક વાર થયો છે. આ મહાનદી સતલજ પર જ ભારતનો મહાન બંધ 'ભાખરા બંધ' બંધાયો છે. અમારી નાનકડી મોટરગાડી સતલજના કિનારેકિનારે મહામાર્ગ પર દોડી રહી છે. અમે જોઈએ છીએ કે સતલજનદીના પ્રવાહમાંથી વીજળી ઉત્પન્ન કરવા માટે અનેક સ્થાને બંધ, બોગદાં અને વિદ્યુતપ્રકલ્પો બની રહ્યા છે. આ કાળા માથાનો માનવી પોતાનાં સુખ-સુવિધાઓ માટે આ ધરતીને સાવ રગદોળી નાખશે ? સતલજ જેવી મહાનદીને સાવ તોડીફોડી નાખશે ? યુગના આ પ્રવાહને કોઈ રીતે રોકી શકાય ?

રિક્ચાંગ-પિયો ભારત-તિબેટ મહામાર્ગ પર નથી. રિક્ચાંગ-પિયો પહોંચવા માટે આ મહામાર્ગ છોડીને એક નાનો માર્ગ પકડવાનો છે અને થોડી ઊંચાઈ પર રિક્ચાંગ-પિયો છે.

મહામાર્ગ છોડ્યા પછી અને રિક્ચાંગ-પિયો પહોંચીએ તે પહેલાં રસ્તામાં ભારતીય સેનાની એક વસાહત આવે છે. આ વસાહત પાર કરીને અમે રિક્ચાંગ-પિયો પહોંચ્યા. આ નગરના પ્રારંભમાં જ એક નાનું પણ સુંદર પાર્કિંગ મેદાન છે. અમે અમારી મોટર તેમાં જ પાર્ક કરી.

શું છે આ રિક્ચાંગ-પિયો ?

રિક્ચાંગ-પિયો આ કિન્નોર જિલ્લાનું મથક છે. આ રિક્ચાંગ-પિયો પ્રાચીન નગર નથી, હજુ હમણાં જ વસ્યું છે અને બહુ ઝડપથી વિકસ્યું છે અને જિલ્લાનું વડું મથક પણ બની ગયું છે. કેટલાંક શહેરો બહુ નાની વયે ઘણો વિકાસ સિદ્ધ કરી લેતાં હોય છે. રિક્ચાંગ-પિયોનું પણ આવું જ.

પ્રારંભમાં કિન્નોર જિલ્લાનું મથક કાલ્પા હતું. ત્યારે તો હજુ રિક્ચાંગ-પિયોનો જન્મ પણ થયો ન હતો. તો પછી આ રિક્ચાંગ-પિયો ક્યાંથી વચ્ચે ટપકી પડ્યું ? અને કેવી રીતે ટપકી પડ્યું ? તેની પણ એક કથા છે. સાંભળો ! કથા સાંભળો !

આ સરહદ-વિસ્તાર છે. અહીંથી તિબેટ-ચીન બહુ દૂર નથી. અહીં આ વિસ્તારમાં ભારતીય સેનાની એક વસાહત ઊભી કરવાની આવશ્યકતા ઊભી થઈ. રિક્ચાંગ-પિયોની બાજુમાં અત્યારે જ્યાં ભારતીય સેનાની વસાહત છે તે જમીન 'રેખાંગ-પો' નામના એક પરિવારની અંગત માલિકીની હતી. પરિવારે જમીન સેનાને અર્પણ કરી. કદરદાન સેનાનાયકોએ આ વિસ્તારનું નામ આપ્યું રિક્ચાંગ-પિયો !

પ્રારંભમાં સેનાની વસાહતની બાજુમાં માત્ર થોડી દુકાનો અને થોડી ઓરડીઓ બની અને થોડા જ સમયમાં આ વિસ્તાર વિકસીને એક શહેર બની ગયો. આ રિક્ચાંગ-પિયોની જન્મકુંડળીમાં ઝડપી વિકાસ અને જિલ્લાનું પાટનગરપદ લખ્યું હતું તે ક્યાં જાય ? આ જિલ્લાનું અર્થાત્ કિન્નોરનું વડું મથક તો કાલ્પા હતું, પરંતુ તે બદલાયું અને જિલ્લાના પાટનગરનો તાજ રિક્ચાંગ-પિયોના મસ્તક પર

મૂકવામાં આવ્યો ! બિચારું કાલ્પા !

રિક્યાંગ-પિયો પહાડી નગર છે, તેથી જગ્યાની ખેંચ તો રહેવાની જ, પરંતુ માનવી જેનું નામ ! બહુમાળી મકાનો બન્યાં છે. ડામર અને સિમેન્ટના રસ્તાઓ બન્યા છે. વીજળીનો પ્રકાશ પહોંચી ગયો છે. ઉપર-નીચે, આગળ-પાછળ, ડાબે-જમણે-સર્વત્ર ખીચોખીચ મકાનો બની ગયાં છે. શહેરમાં મોટરો ફરી રહી છે. કિન્નર યુવતીઓ અને યુવાનો જિન્સ પહેરીને હાથમાં મોબાઈલ ફોન રાખીને અહીંતહીં ફરી રહ્યાં છે. આ નગર, રિક્યાંગ-પિયો પ્રમાણમાં સ્વચ્છ નગર જણાય છે. નગરના ચોકમાં આ ક્ષેત્રના આગેવાન નેતાનું પૂતળું પણ મૂક્યું છે. નગરચોકની એક બાજુ રસ્તા પર જ બસસ્ટેન્ડ પણ બન્યું છે. દિવસ દરમિયાન અનેક બસો આવે છે અને જાય છે. અહીંથી સિમલા-ચંડીગઢની બસો તો છે જ. અરે ! અહીં દિલ્હીની સીધી જ બસ પણ છે ! માનવી જેનું નામ ! બરાબર ને ! અહીં પ્રવાસીઓ પણ ખૂબ જોવા મળે છે. વિદેશીઓ પણ ખરા !

આ વિસ્તારની આર્થિક સમૃદ્ધિના વિકાસમાં ત્રણ પરિબળો ખૂબ સહાયક બન્યાં છે :

૧. સફરજનનો મબલખ પાક

૨. અહીં આવતાં દેશી-વિદેશી પ્રવાસીઓ

૩. ગાંજાનું ઉત્પાદન.

પ્રથમ બે કાયદેસર અને ત્રીજું ગેરકાયદેસર.

કિન્નોર-કૈલાસની પરિક્રમા કરનાર અને તેમનાં દર્શન કરનાર યાત્રીઓ પણ અહીં આવે છે.

અહીંથી સામે જ હિમાચ્છાદિત પર્વતમાળાનાં દર્શન થાય છે. આ સમગ્ર પર્વતમાળાને કિન્નોર-કૈલાસ-પર્વતમાળા કહેવામાં આવે છે. આ પર્વતમાળામાં બે સ્થાનો દર્શનીય છે - શિવલિંગ અને કિન્નોર કૈલાસ. અહીંથી અને કાલ્પાથી શિવલિંગનાં દર્શન થાય છે, પરંતુ કિન્નોર-કૈલાસ-શિખરનાં દર્શન અહીંથી ન થઈ શકે. તેનાં દર્શન તો સાંગલા અને કામરુથી થઈ શકે ! અહીંના ઘણા નિવાસીઓ આ શિવલિંગને જ કિન્નોર-કૈલાસ ગણે છે અને તદનુસાર દર્શન કરે છે અને કરાવે છે, પરંતુ વસ્તુતઃ શિવલિંગ અને કિન્નોર-કૈલાસ-શિખર આ બંને એક જ પર્વતમાળાનાં બે અલગઅલગ સ્થાન છે. શિવલિંગ સુધી પહોંચી શકાય છે, તેની યાત્રા થાય છે, કિન્નોર-કૈલાસ-શિખરની માત્ર પરિક્રમા જ થાય છે. શિવલિંગ કિન્નોર-કૈલાસના પરિક્રમામાર્ગની બહાર છે. વર્ષમાં એક વાર આ શિવલિંગની સામૂહિક યાત્રા પણ થાય છે. તે સમયે રસ્તામાં નિવાસ-ભોજનની વ્યવસ્થા પણ કરવામાં આવે છે. અન્ય સમયે શિવલિંગની યાત્રા કરનારે પોતાનાં નિવાસ-ભોજનની વ્યવસ્થા પોતે જ કરી લેવી પડે છે. કિન્નોર-કૈલાસ-શિખરની પરિક્રમા પ્રમાણમાં કઠિન છે અને તે માટે તંબુ, ભોમિયો, ભોજન, મજૂર આદિની વ્યવસ્થા આવશ્યક બને છે. હવે અહીં રિક્યાંગ-પિયોમાં બે-ત્રણ પ્રવાસી એજન્સીઓ શરૂ થઈ છે, જેઓ યાત્રીઓ માટે આવી ગોઠવણ કરી આપે છે. ભોમિયા-મજૂરો પણ મળી રહે છે.

અમે અહીંથી અને કાલ્પાથી શિવલિંગનાં ખૂબ દર્શન કર્યાં, પેટ ભરીને દર્શન કર્યાં. આ શિવલિંગ દિવસ દરમિયાન જુદાજુદા રંગ ધારણ કરે છે તે પણ સાચું છે. અમે ભિન્નભિન્ન સમયે શિવલિંગના ભિન્નભિન્ન રંગનાં પણ દર્શન કર્યાં.

હવે બપોર પછી અમે અહીંથી કાલ્પા જવા નીકળ્યા. રિક્યાંગ-પિયોથી કાલ્પા સુધી પાકો બાંધેલો રસ્તો છે. રસ્તાની બંને બાજુ સફરજનના ઘેઘૂર બગીચાઓ છે. ઘેઘૂર વૃક્ષો અને પાંદડેપાંદડે સફરજન લચી પડ્યાં છે. વચ્ચેવચ્ચે મોટાં, સુંદર મકાનો પણ છે. આવા રસ્તા પરથી પસાર થવું એ પણ એક યાત્રા છે - આહ્લાદક યાત્રા છે !

રિક્યાંગ-પિયોથી થોડું ઉપર અને કાલ્પાથી થોડું નીચે કોથી અર્થાત્ કોશતામ્પી નામનું એક મોટું, પ્રાચીન ગામ છે. આ ગામમાં સુવાંગ ચંડિકાનું મંદિર છે. આ વિસ્તારના અનેક ઉત્સવો આ ગામમાં અને આ મંદિરમાં ઊજવાય છે. આ વિસ્તારમાં વસતી મહદંશે બૌદ્ધોની છે અને છતાં આ બૌદ્ધો દુર્ગા-ચંડિકા આદિ દેવીઓનાં મંદિરો બનાવે છે, તેમની પૂજા-ઉપાસના કરે છે. આનો અર્થ એમ કે તેઓ હિન્દુ બૌદ્ધો કે બૌદ્ધ હિન્દુઓ છે તેમ લાગે છે.

**ક્રમશ...**

સરસ્વતી નિકેતન આશ્રમ, કુમાર છાત્રાલય પાસે, જોધપર(નદી), વાયા-મોરબી, ૩૬૩૬૪૨, ફોન ૦૨૮૨૨-૨૯૨૬૮૮

## તાઓ દર્શન
### રમણીકલાલ શાહ

તાઓનો ધ્વન્યાર્થ જુદા જુદા વિચારકોએ, ચિંતકોએ જુદો જુદો કર્યો છે. એ બધા અર્થ નજીકની અર્થચ્છાયાવાળા છે. તાઓ દર્શનની એક અથવા અન્ય લાક્ષણિકતાઓને એ દર્શાવનારા છે.

'તાઓ'ના નીચે પ્રમાણે જુદા જુદા અર્થ જોવા મળે છે:

(૧) તાઓ એટલે સ્વર્ગનો માર્ગ.
(૨) તાઓ એટલે દેવોએ અપનાવેલો માર્ગ અથવા દૈવી માર્ગ.
(૩) તાઓ એટલે બુદ્ધિ, તર્ક, સત્ય અને સિદ્ધાંતોનો માર્ગ.
(૪) તાઓ એટલે સદ્ગુણોનો શુદ્ધ માર્ગ.
(૫) તાઓ એટલે નીતિના અને સદાચારના આદર્શ તરફ લઈ જનારો માર્ગ.
(૬) તાઓ એટલે સૃષ્ટિની નૈસર્ગિક, ભૌતિક અને નૈતિક વ્યવસ્થા.
(૭) તાઓ એટલે દેવોએ અનુસરેલો એવો જીવનનો સાચો માર્ગ.
(૮) તાઓ એટલે પ્રજાના પાલનહાર ઈશ્વરનો માર્ગ.
(૯) તાઓ એટલે શબ્દ.
(૧૦) તાઓ એટલે 'પાણી' (એટલે કે પાણી જેવો સર્વશ્રેષ્ઠ ધર્મ).
(૧૧) તાઓ એટલે પરમતત્ત્વ, પરબ્રહ્મ, પરમગૂઢ તત્ત્વ.
(૧૨) તાઓ એટલે વિશ્વનું મૂળ.
(૧૩) તાઓ એટલે 'સ્વયં સિદ્ધ સ્વરૂપ.'
(૧૪) તાઓ એટલે બધામાં વ્યાપી રહેલું અપરિમિત તત્ત્વ.
(૧૫) તાઓ એટલે બધી વસ્તુઓમાં નિહિત રહેલી પ્રભાવક શક્તિ.
(૧૬) તાઓ એટલે સહજ પ્રકારની અભિવ્યક્તિનો નૈસર્ગિક અનાયાસ માર્ગ.

'તાઓ'ની આવી જુદી જુદી વ્યાખ્યાઓમાં કેટલુંક સમાન તત્ત્વ રહેલું દેખાશે.

લાઓત્સેએ પોતાના ગ્રંથમાં સ્થળે સ્થળે 'તાઓ'ની, એટલે કે માર્ગની, લાક્ષણિકતાઓ દર્શાવી છે. એ સમજવાથી 'તાઓ'ના સ્વરૂપનો આપણને વિશેષ પરિચય મળી રહેશે. તેમાંથી નમૂનારૂપ અહીં આપેલાં કેટલાંક વચનો જુઓઃ

(૧) સ્વર્ગ અને પૃથ્વીના જન્મ પહેલાં પણ કશુંક તત્ત્વ હતું. અંત પછી પણ તે રહેશે.

તે શાંત છે, તે અનાદિ છે અને અનંત છે. તે અદ્વિતીય છે અને અપરિવર્તનશીલ છે. તે બધામાં રહેલું છે. બધા માટે તે પ્રેરક છે. તે તત્ત્વને વિશ્વની માતા તરીકે ઓળખાવી શકાય. તેને શું નામ આપવું તેની મને ખબર નથી; છતાં હું તેને 'તાઓ' 'માર્ગ' તરીકે ઓળખાવું છું. તેનું વર્ણન કરવું હોય તો હું તેને 'મહાન' તરીકે ઓળખાવું. મહાન એટલે સવિસ્તર, સવિસ્તર એટલે દૂરગામી.

(૨) માર્ગની કોઈ વ્યાખ્યા નથી. માર્ગનું કોઈ નામ નથી. એમાં અપાર સરળતા છે, છતાં તેને પામવાનું સહેલું નથી.

(૩) માર્ગ અમૂર્ત અને અવર્ણનીય છે.

અમૂર્ત અને અવર્ણનીય હોવા છતાં એના કેન્દ્રમાં પ્રતિમા છે. અમૂર્ત અને અવર્ણનીય હોવા છતાં એમાં પ્રકૃતિનો નિયમ રહેલો છે. ગૂઢ અને રહસ્યમય હોવા છતાં એમાં જીવનતત્ત્વ રહેલું છે.

(૪) બધી વસ્તુઓ માર્ગમાંથી ઉત્પન્ન થાય છે. તેની શક્તિ તેને પોષે છે. તે વિકસે છે, તેની સંભાળ લેવાય છે. તેને આશ્રય અપાય છે. તેનું રક્ષણ થાય છે. માર્ગ તેઓને ઉત્પન્ન કરે છે; પણ તેમના ઉપર કબજો જમાવતો નથી.

તેઓ કાર્ય કરે છે, પણ કોઈ અપેક્ષા રાખતા નથી. તેને વિકસાવે છે, પણ તેમાં દખલગીરી કરતા નથી.

માર્ગ ઉપર ચાલવું એનું નામ જીવન. એનાથી વિપરીત ચાલવું એનું નામ મૃત્યુ.

(૫) માર્ગ કશું કરતો નથી, છતાં તે નિષ્ક્રિય નથી. માર્ગને અનુસરવામાં આવે તો આખા વિશ્વમાં સ્વાભાવિક શાંતિ અને વ્યવસ્થિતતા સ્થપાય. માર્ગની ગતિ મૂળ તરફ પાછા ફરવાની છે. સ્વીકાર એ માર્ગની રીતિ છે.

## ૧૨. મરક- મરક

### હું લેખક કેમ ... બન્યો?
### જયોતીન્દ્ર તમાકુવાળા

---

...સમાજમાં માનવીએ કયો વ્યવસાય કરવો તે અંગે કોઈ નિયમ નથી. કોઈપણ વ્યવસાય કરવા માટે મૂડી રોકાણ કરવું અનિવાર્ય પરિબળ છે. મોચી, હજામ, ધોબી કે બુટપોલિશ કરવા માટે અભ્યાસક્રમ નથી હોતો. થોડું ઘણું મૂડીરોકાણ જરૂરી બને છે. ડૉક્ટર, વકીલ, એન્જીનિયર બનવા માટેનો અભ્યાસક્રમ પૂરો કરવો પડે છે. ત્યાર બાદ લાયકાત મુજબ નોકરી મળી શકે. હા, એક ક્ષેત્ર એવું પણ છે જ્યાં તમને મૂડીરોકાણ વિના, લાઈસન્સ લીધા વિના પણ અને જરૂરી નથી કે ૧૦ મું ધોરણ ન ભણ્યા હો, બે-ત્રણ ધોરણ સુધી ભણ્યા હો તો પણ તમે ધંધો ચાલુ કરી શકો છો. ક્યાં તો રાજકારણી કે લેખક તરીકે સરળતાથી ધંધો શરૂ કરી શકો છો. લેખક બનો એટલે જેમ દુકાન ચાલે તે માટે ગ્રાહકોની જરૂરત હોય તેમ લેખક માટે વાંચકોની આવશ્યકતા રહે છે. આ માટે કોઈ કઠોર પરિશ્રમ કરવો જરૂરી નથી. લાખો રૂપિયા ખર્ચીને ડૉક્ટર કે વકીલ બન્યા પછી જો દર્દી કે અસીલ ના આવે એવું કોઈ જોખમ લેખક માટે નથી હોતું. આ ધંધાની એ જ વિશેષતા છે. અહીં જોખમ વાંચકોને શિરે છે. તમને લેખક તરીકે સહન કરવાની સહનશક્તિ, પરમાત્મા તમારા સુજ્ઞ વાચકોને આપે એવી જ પ્રાર્થના તમારે કરતા રહેવાનું. મારી ૬૦ વર્ષની ઉંમર પછી મેં લખવાની શરૂઆત કરી. એ ઘટના સાહિત્યજગત માટે સીમાચિહ્ન બની રહેવી જોઈએ. લેખક બનવા કયાં લક્ષણો જરૂરી હોવા જોઈએ? આ પ્રશ્નનો જવાબ મારી પાસે નથી. કેમ કે હું તો હજી ઊગતો લેખક છું, ઊંઘતો નહીં. મારી જાણ મુજબ વાંચકો જે લેખકને વાંચ્યા પછી તે લેખકને પ્રસંશાપત્ર લખે, વધુ લખવા પ્રેરણા આપે તે લેખક સફળ લેખક મનાય. નિષ્ફળ લેખકની સફળતા એટલે જે લેખકને વાચકો, લખવાનું બંધ કરો, અન્યથા જાનથી મારી નાંખવાની, વધારેમાં વધારે ધમકીપત્ર મળે, એ મુજબ એની સફળતાનો આંક ઊંચો. હે વાંચકો, તમે વાંચો કે ના વાંચો, હું તો લખતો જ રહીશ, ના હું તો ગાઈશ જ એ ન્યાયે. લેખકે તો માત્ર લખવાની જ મહેનત કરવાની છે, વાંચકોએ તો વાંચીને લેખને અને લેખક બન્ને સહન કરવાના છે, જેમ કે આપણી શાળાઓનાં પાઠ્ય પુસ્તકોમાં અમુક લેખકોના લેખો, અનિવાર્યપણે વિદ્યાર્થીઓના માથે મારવામાં આવે છે. એક સફળ લેખક કલમના જોરે અખબારોમાં વિશાળ વાંચક વર્ગ ઊભો કરી શકે છે. એ જ લેખક સફળ વક્તા તરીકે વિશાળ શ્રોતા સમુદાય ધરાવે છે. ક્યારેક પોતાના લેખોને પુસ્તક સ્વરૂપે પ્રગટ કરી, વિમોચન કરાવી મોટા પ્રમાણમાં શ્રોતાવર્ગને, આદર્શ માનવ બનવા અંગે માર્ગદર્શન આપી, સમાજમાં હવે નીતિવાન માણસોનો નવો ફાલ ઉત્પન્ન થશે એવું વાતાવરણ ઉભું કરવામાં સફળતા મેળવે છે. મજાની વાત એ જ છે કે, જે તે લેખકનું પોતાનું આચરણ તેમના વિચારો કરતાં વિપરીત હોવાની શક્યતા ઘણી વધારે હોય છે. મારી જ વાત કરું તો હું મારા આત્મસંતોષ માટે લખું છું. આત્માના અવાજને અનુસરીને લખવું મારો પરમ ધર્મ છે. વાંચકોનું આત્મપીડન થતું હોય કે કેમ તે મારી ચિંતાનો વિષય ન જ હોવો જોઈએ. આજ સુધી કમનસીબે કોઈ વાંચકે મને ધમકી પત્ર, લેખન બંધ કરવા માટે પત્ર લખ્યો નથી. આ ઘટનાને હું મારું સર્વોત્તમ પ્રમાણપત્ર માનું છું. ના કરે નારાયણ ને કાલે કોઈ એવો ધમકીપત્ર મળે તો હું એને મારા લખાણની સચોટ અસર છે, એમ માનીશ; મારી પરમ સિદ્ધિ માનીશ. સફળ હાસ્ય લેખક હોવા ઉપરાંત જ્યોતીન્દ્ર દવે એક માર્મિક સંગીતજ્ઞ અને નિષ્ણાત આયુર્વેદિક વૈદ્ય હતા એ તેમની વિશિષ્ટતા હતી. મારી આવી વિશિષ્ટતા તમને જણાવું નહીં તો હું

**(અનુસંધાન પાના નં. ૨૬૨ ઉપર)**

## ૧૩. સંસ્થા સમાચાર

**સંકલન : પ્રશાંત મહેતા**

---

**લોકભારતી સમાચાર**

- જાણીતા સાહિત્ય પ્રચારક-પ્રસારક-અનુવાદક અને લોકભારતીના શુભેચ્છક શ્રી જયંતભાઈ મેઘાણીનું તા.૦૪ના રોજ નિધન થતાં તેઓને સાયં પ્રાર્થનાના અનુસંધાને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા તા.૦૫ના રોજ 'વર્લ્ડ સોઇલ હેલ્થ ડે'ની ઉજવણી રતનવાવ મુકામે કરવામાં આવી, જેમાં સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, સણોસરા શાખાએ પણ ભાગ લીધો અને ખેડૂતો જમીન ચકાસણી કરાવવા તૈયાર થાય તો તેનો આંશિક ખર્ચ તે આપશે તેવી જાહેરાત કરી.
- કૃષિ યુનિવર્સિટીમાંથી નિવૃત્ત થઈને હાલ રાજકોટ રહેતા ફૂડ ટેકનોલોજીના નિષ્ણાંત પ્રાધ્યાપક ડૉ. શ્રી વ્યાસ સાહેબ B.Voc. માટે ફેકલ્ટીના ઇન્ટરવ્યૂ અને અભ્યાસક્રમના મુદ્દાઓ અંગે માર્ગદર્શન અર્થે તા.૧૦ના રોજ લોકભારતી મુલાકાતે આવી ગયા.
- જીવન વિદ્યા શિબિરના પ્રબોધક શ્રી અજયભાઈ અને તેમના સાથી શ્રી સંજયભાઈને લઈને લોકભારતીના શુભેચ્છક શ્રી વિનુભાઈ પટેલ તા.૧૦ના રોજ હણોલથી લોકભારતીની પરિચય મુલાકાતે આવી ગયા.
- ગૂજરાત વિદ્યાપીઠના નિયામક અને લોકભારતીના શુભેચ્છક શ્રી રાજુભાઈ ખીમાણી લોકભારતીની શુભેચ્છા મુલાકાતે તા.૧૩મીના રોજ આવી ગયા. લોકભારતીના સૌ કાર્યકરો સાથે વાર્તાલાપ ગોઠવેલો.
- લોકભારતીના પૂર્વ નિયામક શ્રી દલપતભાઈ દાણીધારિયાનાં પત્ની શ્રી નીલાબહેનનું તા.૧૪ના રોજ નિધન થતાં તેઓને સાયં પ્રાર્થનાના અનુસંધાને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી.
- તા.૧૪ ડિસેમ્બરથી ૦૨ જાન્યુઆરીના સમયગાળા દરમિયાન સરકારશ્રી દ્વારા નવી કોવિડ-૧૯ માર્ગદર્શિકા મુજબ લોકસેવા મહાવિદ્યાલય-બી.આર.એસ.ના ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓના પાંચમા સેમેસ્ટરની ઓફલાઈન પરીક્ષા યોજાઈ ગઈ.
- લોકભારતીના શુભેચ્છક શ્રી નલિનભાઈ પંડિત લોકભારતીની શુભેચ્છા મુલાકાતે તા.૧૭મીના રોજ આવી ગયા.
- તા.૧૮મીના રોજ લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ટ્રસ્ટના ટ્રસ્ટીમંડળની બેઠક વર્તમાન કોવિડ-૧૯ પરિસ્થિતિને ધ્યાને લઈ સંપૂર્ણપણે વર્ચ્યુઅલ રાખવામાં આવી હતી. સૌ ટ્રસ્ટીશ્રીઓ ઓનલાઈન જોડાયા અને કાર્યસૂચિના સઘળા મુદ્દાઓ અંગે ચર્ચા-વિચારણાઓ કરીને નિર્ણયો લેવામાં આવ્યા.
- લોકભારતીમાં શરૂ કરવામાં આવેલા B.Voc. અભ્યાસક્રમ સંદર્ભે મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીની લોકલ ઇન્કવાયરી કમિટિ તા.૧૯મીના રોજ આવી ગઈ. નવા શરૂ થનારા આ B.Voc. ના અભ્યાસક્રમ સંદર્ભે રૂબરૂ નિરીક્ષણ કર્યું. પોતાનો અહેવાલ યુનિવર્સિટીને સુપ્રત કરશે.
- શ્રી નિગમભાઈ શુક્લ તા. ૨૨ના રોજ નાબાર્ડની મીટિંગમાં ભાગ લેવા માટે ભાવનગર જઈ આવ્યા.
- રાજકોટની આર. કે. યુનિવર્સિટીના B.Sc.(Agri.) ઑનર્સના છેલ્લા સેમેસ્ટરના ૨૮ વિદ્યાર્થીઓની પ્રથમ બેચ તા.૨૧થી ૨૬ દરમિયાન અને ૩૮ વિદ્યાર્થીઓની બીજી બેચ તા.૨૮થી ૦૨ જાન્યુઆરી દરમિયાન લોકભારતીમાં પ્રત્યક્ષ કાર્યાનુભવ માટે આવી

ગઈ. તેમનાં ટેક્નિકલ સેશન્સ કે.વી.કે.ના કાર્યકરોએ સંભાળ્યાં. બંને બેચને અનુક્રમે તા.૨૫ના અને તા.૦૧ના રોજ મણાર મુકામે 'કિસાન અને વિજ્ઞાન દિવસ' અંતર્ગત કૃષિ અને બાગાયત વિકાસ કેન્દ્રનો પ્રેરણા પ્રવાસ યોજી, વિવિધ ખેત નિદર્શનોથી માહિતગાર કરવામાં આવ્યા.

- લોકદક્ષિણામૂર્તિના પૂર્વ વિદ્યાર્થીઓ અને પૂર્વ કાર્યકરો એવા શ્રી પ્રવીણભાઈ મહેતા અને શ્રી ભીખાભાઈ કોરાટ થોડાં દિવસ લોકભારતી-નિવાસ અર્થે આવી ગયા.
- તા.૨૨મીના રોજ લોકભારતીના અરણેજ કૃષિ કેન્દ્રની મુલાકાતે શ્રી અરુણભાઈ દવે, શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ, શ્રી હસમુખભાઈ દેવમુરારિ, શ્રી રમેશભાઈ ખેર અને શ્રી ડાહ્યાભાઈ સેંધવ જઈ આવ્યા. અરણેજ મુકામે આપણે પીડીલાઇટ ઈન્ડસ્ટ્રીઝ-મુંબઈની સહાયથી કૃષિ તાલીમ અને સંશોધન કેન્દ્રનો પ્રારંભ કર્યો છે. તેનો વિધિવત્ પ્રારંભ તા.૨૨મીના રોજ કરવામાં આવ્યો.
- તા.૨૨ના રોજ લોકભારતી લોકસેવા મહાવિદ્યાલયના બોર્ડ ઓફ સ્ટડીઝની બેઠક યોજાઈ ગઈ. આ બેઠકમાં આગામી પરીક્ષાના-વાયવાના-પરીક્ષકની પેનલનાં નામો નક્કી કરવામાં આવ્યાં. આ ઉપરાંત બી.વૉક.ના અભ્યાસક્રમ માટે કમિટિ નક્કી કરવામાં આવી. આ બેઠકમાં મ.કૃ. ભાવનગર યુનિવર્સિટીના પ્રતિનિધિ સભ્યશ્રીઓ પણ ઉપસ્થિત રહ્યા.
- તા. ૨૨ના રોજ ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરનાં અધિકારીઓ ગ્રાંટ ગણતરી-ઓડિટ માટે આવી ગયા.
- તા.૨૪થી B.Voc. માટે પસંદ કરવામાં આવેલા અધ્યાપક શ્રી ચિરાગભાઈ પોતાની ફરજ પર હાજર થઈ ગયા.
- તા.૨૪થી B.Voc.ના વિદ્યાર્થીઓનો અભિમુખતા કાર્યક્રમ યોજાઈ ગયો. તેમાં સંસ્થાના હોદ્દેદારોએ વિદ્યાર્થીઓ સમક્ષ પ્રાસંગિક વાતો રજૂ કરી.
- તા.૨૬ના રોજ માઈધાર કેન્દ્ર ખાતે ડાયેટ-ભાવનગરના આયોજનમાં અને શ્રી નલિનભાઈ પંડિત સાહેબના માર્ગદર્શનમાં પાઠ્યપુસ્તકમાંથી ભારણ ઘટાડવા માટેનો એક દિવસીય ગણિત વિષયનો વર્કશોપ યોજાઈ ગયો.
- જી.સી.આર.ટી.ના ડાયરેક્ટર શ્રી ટી.એસ. જોશી સાહેબની આગેવાની નીચે તા.૩૧ના રોજ ગુજરાતભરના જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના આચાર્યોની ટીમ માઈધાર અને લોકભારતી પરિચય મુલાકાતે આવી ગઈ.
- કોરોના સંક્રમણ સંદર્ભે આપણા વર્ષોથી ઉજવાતા તમામ તહેવારો અને વ્યાખ્યાનમાળાઓ સાદાઈથી હાજર સંખ્યાથી ઉજવવાનું થઈ રહ્યું છે. તા. ૩૧મી ડિસેમ્બરે પણ પૂ.નાનાદાદા પૂણ્યતિથિ નિમિત્તે સાયં પ્રાર્થનાના અનુસંધાને 'પ્રસંગદીપ'માંથી પ્રસંગો વાંચીને ગુરુવંદના કરવામાં આવી.
- થર્મલ-ગન, ઓક્સિમીટર અને સેનીટાઈઝરની વ્યવસ્થાઓ ઊભી કરી, ઉકાળા સહિતની પ્રતિકારાત્મક શક્તિઓ વધારતી દવાઓનું સેવન કરાવીને હવે તાલીમ શિબિરો અને વિદ્યાર્થીઓને વારા ફરતી બોલાવવાનું પ્રારંભ કરાવવામાં વ્યસ્ત રહેવા ઉપરાંત શ્રી અરુણભાઈ દવે તા.૧૫મીએ ભાવનગર વકીલશ્રીને મળવા અને તા.૨૨મીએ અરણેજ ફાર્મ ઉપર તૈયાર થઈ રહેલા કૃષિ-તાલીમ કેન્દ્રની મુલાકાતે જઈ આવ્યા. તા.૨૪મીએ અજય બંગ સાથે રાજ્યકક્ષાના વેબિનારમાં આંબલા પ્રાથમિક શાળાના અનુભવો રજૂ કર્યા. તા.૨૫મીએ માઈધાર ખાતે કુમાર છાત્રાલયના બીજા માળના સ્લેબ ભરવા પ્રસંગે ઉપસ્થિત રહી સૌને પ્રોત્સાહિત કર્યા. તા.૨૯મીએ ગણિત-વિજ્ઞાનના તાલીમી કાર્યક્રમમાં માઈધાર ખાતે સંકલન કરીને પાલીતાણા ખાતે ચાલતી જીવનવિદ્યા શિબિરમાં બે દિવસ સત્સંગ માણ્યો. તા.૩૧મીએ

જી.સી.ઈ.આર.ટી. દ્વારા આયોજિત ગુજરાતના તમામ પ્રાચાર્યોની રમકડાંની સર્જનશાળાના ગુજરાતવ્યાપી આયોજનમાં લોકભારતી ખાતે ભાગીદારી કરી.

**આંબલા સમાચાર**

- સેવાદળના રાષ્ટ્રીય કાર્યકરશ્રી લાલજીભાઈ દેસાઈ તથા મારગ સંસ્થાના નિતાબહેન પંડ્યા સંસ્થાની શુભેચ્છા મુલાકાતે આવી ગયાં. તેઓ સંસ્થાના વાતાવરણ અને કામગીરીથી ખૂબ પ્રભાવિત થયાં.
- શ્રી લાલજીભાઈ નાકરાણીનાં દીકરીના દીકરાના, બાલવાડીના ચોકીદાર શ્રી ગવુભાઈ ગોહિલના અને ગૌશાળાના ગોવાળ શ્રી ઘનશ્યામભાઈનાં દાદીમાના દુ:ખદ અવસાન નિમિત્તે દિવ્ય આત્માઓની શાંતિ માટે સમૂહ શાંતિ પ્રાર્થના રાખવામાં આવી.
- ગૃહવિજ્ઞાન વિભાગ તરફથી આમળાંની અનેક પ્રકારની ખાદ્ય સામગ્રી જેવી કે આંબળાનું જીવન, આંબળાની ચોકલેટ વગેરે બનાવીને કાર્યકર પરિવારમાં વ્યાજબી રકમ લઈને વિતરણ કરવામાં આવી.
- ધોરણ ૯થી ૧૨ના વિદ્યાર્થીઓનું વર્ચ્યુઅલ/ઓનલાઈન શિક્ષણ રાબેતા મુજબ ચાલે છે.

**મણાર સમાચાર**

- તા.૨૪થી તા. ૨૬ સુધી દરરોજ લોકશાળાના તમામ સ્ટાફ દ્વારા પુસ્તકાલયનાં તમામ પુસ્તકોનું મેળવણું કરવામાં આવ્યું તથા પુસ્તકોની નવી લાઈબ્રેરીના મકાનમાં ફેરવણી કરવામાં આવી. પુસ્તકાલયના તમામ કબાટોને કલર કરવામાં પણ આવ્યો.
- તમામ વિદ્યાર્થીઓનું વર્ચ્યુઅલ/ઓનલાઈન વર્ગો નિયમિત ચાલુ રાખવામાં આવ્યા.
- તા.૨૮થી ૩૦ના રોજ વિદ્યાર્થીઓની પાંચમી એકમ કસોટી ઓનલાઈન યોજવામાં આવી.
- આર. કે. કૃષિ યુનિવર્સિટી- રાજકોટના ચોથા-વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનું એક ગ્રુપ તા. ૨૯ના રોજ કૃષિ-બાગાયત વિકાસ કેન્દ્ર તથા સંસ્થાની ખેતીને સમજવા તથા પ્રત્યક્ષ નિહાળવા સંસ્થા મુલાકાત માટે આવી ગયા.
- અહીંની ગોશાળાના એક ગોવાળ આ માસમાં છૂટા થતાં ગાયો ચરાવવાની તથા લીલું ઘાસ વાઢવાની તેમની જવાબદારી સંસ્થાના અલગ-અલગ કાર્યકરોએ સારી રીતે સંભાળી. સૌને અભિનંદન
- પૂ. નાનાભાઈ ભટ્ટ પુણ્યતિથિ નિમિત્તે પ્રાર્થનાસભાનું આયોજન કરવામાં આવ્યું. સૌ કાર્યકરો પ્રાર્થનાસભામાં જોડાયા.

**(અનુસંધાન પાના નં. ૨૫૯ ઉપરથી)**

તમારી કદર કરવાનું ચૂક્યો હોઉં એમ હું માનું છું. સંગીત અને ક્રિકેટ આ બન્ને ક્ષેત્રે મેં કરેલ સર્વોત્તમ પ્રદાન એટલે મેં, નહીં ગાયું કે નહીં કોઈ વાજિંત્ર વગાડ્યું. આને મારું સંગીતને કરેલું ઉત્તમ પ્રદાન મનાય. એ જ રીતે ક્રિકેટ પણ નહીં રમીને મેં એ ક્ષેત્રે અમૂલ્ય યોગદાન કર્યું છે. કમનસીબી સંગીતની, ક્રિકેટની કે આપ સૌની, એ માટે તપાસ પંચ નીમવું જરૂરી છે. આ બાબતે તેંડુલકર મારો જેટલો આભાર માને એટલો ઓછો છે. સમાજ જો મારી સેવાઓની કદર કરે તો ઠીક નહીં તો હું આપને જાણ કરું. આજે ટેનસન યુગમાં લોકોને અનીંદ્રાની બીમારી ઘર કરી ગઈ છે. મારા કમનસીબે કે લોકોના સદભાગ્યે જે ગણો તે, જો રોજ રાતના સૂતી વખતે નિયમિતપણે મારા લેખોનું વાચન કરવામાં આવે તો, અચૂકપણે એક પૈસાનો ખર્ચ કર્યા વગર, લોકોને ગાઢ નીંદર આવી જાય. આને હું મેં કરેલી સમાજની અમૂલ્ય સેવા ગણું છું. મારાં લખાણો બદલ મને કોઈ ઍવૉર્ડ નહીં મળ્યો, એને હું વાંચકોની અણઆવડત માનું છું. મારી વિરલ સિદ્ધિઓનું જ્યારે સમાજને ભાન થશે ત્યારે ખૂબ મોડું થઈ ગયું હશે. એને મારી તમારા સૌની કે સાહિત્યની કમનસીબી માનવી એ તમારે નક્કી કરવાનું.

## આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર, માઈધાર ખાતે
## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભાવનગર દ્વારા આયોજિત 'મોજીલું ગણિત' કાર્યશિબિર


















TO.


**From :**

**Registered** *BVR/151/2018-2020, RNI No. GUJ/1763-57*

**Published on :** *14th of every month. Posted at : Amargadh Post office on 15th of every month*

**मालिक** : ग्रामदक्षिणामूर्ति-आंबला ट्रस्ट की ओर से **मुद्रक-प्रकाशक** : सुरसंगभाई चौहान - ग्रामदक्षिणामूर्ति-आंबला, पीन ३६४ २५० (गुजरात) द्वारा चामुंडा प्रिन्टिंग प्रेस, सोनगढ, पीन ३६४ २५० मे मुद्रित करके ग्रामदक्षिणामूर्ति : आंबला से प्रकाशित किया ।

**तंत्री** : डो. अरुण दवे : लोकभारती- सणोसरा, (गुजरात) Email : kodiyusanosara@gmail.com वार्षिक चंदा रु. १५०/- प्रति अंक रु. १५/-